આજનો સુવિચાર

વિચાર શૂન્યતા આજના જમાનાની મુખ્ય સાર્વજનિક આપત્તિ છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૧૩ જૂનાગઢ તા.૨૬-૧૨-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 13, Junagadh : Date : 26 December, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


## ૧ જાન્યુઆરી, ૨૦૨૫થી દેશમાં પાંચ ધરખમ ફેરફારો થશે

### રસોડાથી લઈ અનેક બાબતો ઉપર સીધી અસર પડશે : વર્ષના પ્રથમ દિવસથી ખેડુતોને કોઈપણ ગેરેન્ટી વિના બે લાખ સુધીની લોન પણ અપાશે



નવી દિલ્હી, તા. ૨૬:
વર્ષ ૨૦૨૪ સમાપ્ત થવામાં માત્ર પાંચ દિવસ બાકી છે અને દેશભરમાં નવા વર્ષ ૨૦૨૫ની શરૂઆતની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. નવા વર્ષની સાથે દેશમાં ૧લી જાન્યુઆરી ૨૦૨૫થી ઘણા મોટા ફેરફારો (૧લી જાન્યુઆરીથી નિયમમાં ફેરફાર) લાગુ થવા જઈ રહ્યા છે. જેની અસર દરેક ઘર અને દરેક ખિસ્સામાં જોવા મળશે. આ ફેરફારોમાં રસોડામાં ઉપયોગમાં લેવાતા એલપીજી સિલિન્ડરની કિંમતોથી લઈને યુપીઆઈ પેમેન્ટ સુધીના નિયમોનો સમાવેશ થાય છે.

દેશમાં દર મહિને અનેક નાણાંકીય ફેરફારો જોવા મળે છે અને માત્ર નવો મહિનો જ નહીં પરંતુ ૧ જાન્યુઆરીથી નવું વર્ષ પણ શરૂ થવા જઈ રહ્યું છે.દર મહિનાની પ્રથમ તારીખની જેમ, ૧ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ, ઓઈલ માર્કેટિંગ કંપનીઓ રસોડા અને કોમર્શિયલ એલપીજી ગેસના ભાવમાં સુધારો કરશે અને નવા દરો જાહેર કરશે. ૧ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ, નવા વર્ષના પ્રથમ દિવસે, કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન એટલે કે EPFO દ્વારા પેન્શનરો માટે એક નવો નિયમ લાગુ કરવામાં આવશે, જે તેમના માટે એક મોટી ભેટ છે. UPI 123Pay ને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા ફીચર ફોન્સથી ઓનલાઈન પેમેન્ટની સુવિધા પૂરી પાડવા માટે લોન્ચ કરવામાં આવી હતી. તેની ટ્રાન્ઝેક્શન લિમિટ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જે ૧ જાન્યુઆરીથી લાગુ થશે. સેન્સેક્સ, સેન્સેક્સ-૫૦ અને બેન્કેક્સની માસિક એક્સપાયરીમાં ફેરફાર કરવામાં આવ્યા છે. હવે દર અઠવાડિયે શુક્રવાર નહીં પરંતુ મંગળવારે યોજાશે. આગામી ફેરફાર જે ૧ જાન્યુઆરી ૨૦૨૫થી થવા જઈ રહ્યો છે તે ખેડૂતો સાથે સંબંધિત છે. વર્ષના પ્રથમ દિવસથી, RBI ખેડૂતોને કોઈપણ ગેરેંટી વિના ૨ લાખ રૂપિયા સુધીની લોન આપશે.

## મેલબોર્નમાં ક્રિકેટ ગ્રાઉન્ડ બહાર ભારત-ખાલીસ્તાની સમર્થકો વચ્ચે ભારે ઘર્ષણ



મેલબોર્ન,તા.૨૬
મેલબોર્નમાં આજથી શરૂ થયેલા બોકસીંગ ડે ટેસ્ટમાં મેદાનની અંદર કોહલી-કોંસ્ટાસ વચ્ચે ટકરાવ થયો હતો. તો બીજી તરફ મેદાનની બહાર પણ ભારત અને ખાલીસ્તાની સમર્થકો વચ્ચે ઘર્ષણ થયુ હતુ તેના પગલે ગંભીર તનાવ સર્જાયો હતો. ટેસ્ટ મેચ શરૂ થતા પુર્વે જ એકાદ ડઝન ખાલીસ્તાની સમર્થકો ખાલીસ્તાની ઝંડા સાથે ત્રાટકયા હતા અને ભારત વિરોધી સૂત્રોચ્ચાર કરવા લાગ્યા હતા. જેનો ભારતીયોએ જોરદાર વિરોધ કર્યો હતો. ભારતીયોએ 'ભારત ઝીંદાબાદ'ના નારા શરૂ કરી દીધા હતા. સામસામી નારેબાજી થઈ હતી. આ ઘર્ષણનો વિડીયો પણ સોશ્યલ મીડીયામાં વાઈરલ થયો છે. ભારત-ખાલીસ્તાની સમર્થકોની નારેબાજી-ઝંડા ફરકાવવાની સાથોસાથ ઝપાઝપી થયાનુ પણ વાઈરલ વિડીયોમાં જોવા મળી રહ્યુ છે.

## વડાપ્રધાનની ઉપસ્થિતિમાં દિલ્હીમાં વીર બાળ દિવસની ઉજવણી



નવી દિલ્હી તા.૨૬
દિલ્હીના ભારત મંડપમ ખાતે આજે વીર બાળ દિવસના અવસરે વડાપ્રધાન રાષ્ટ્રીય બાળ પુરસ્કારો આપવામાં આવનાર છે. આ વખતે ૧૪ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના ૧૭ બાળકોને આ એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે. જેમાં ૭ છોકરાઓ અને ૧૦ છોકરીઓનો સમાવેશ થાય છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આ ૧૭ બાળકોને એવોર્ડ આપશે. આ એવોર્ડ સાત કેટેગરીમાં આપવામાં આવે છે. જેમાં કલા અને સંસ્કૃતિ, બહાદુરી, ઈનોવેશન, વિજ્ઞાન અને ટેકનોલોજી, સામાજિક કાર્ય, રમતગમત અને પર્યાવરણનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં પીએમ નરેન્દ્ર મોદી પણ ભાગ લઈ રહ્યા છે. વડાપ્રધાન મોદી દ્વારા આ કાર્યક્રમમાં સુપોષિત પંચાયત યોજનાનું ઉદ્ઘાટન પણ કરશે અને માર્ચ પાસ્ટને લીલીઝંડી આપશે.

## બાંગ્લાદેશમાં હિન્દુઓ બાદ ખિસ્તીઓ નિશાન ઉપર : ૧૭ ખ્રિસ્તીઓના ઘર સળગાવ્યા



નવી દિલ્હી, તા.૨૬:
ભારતના પડોશી દેશ બાંગ્લાદેશમાં અગાઉ હિન્દુઓને નિશાન બનાવવામાં આવતા હતા, ત્યારે હવે ત્યાં રહેતા અન્ય લઘુમતી જૂથો સામે પણ હિંસા શરૂ થઈ છે. આ વખતે ઈસ્લામિક કટ્ટરપંથીઓએ ક્રિસમસના દિવસે ખ્રિસ્તીઓના લગભગ ૧૭ ઘરોને આગ ચાંપી દીધી હતી. આ ઘટના બંદરબન જિલ્લાના લામા વિસ્તારમાં બની હતી. આ હુમલો ગઈકાલે ૨૫ ડિસેમ્બરની સવારે થયો હતો, જ્યારે ગામલોકો નાતાલની ઉજવણી કરવા માટે પડોશી ગામમાં પ્રાર્થના કરવા ગયા હતા. આ હુમલાને ખ્રિસ્તી સમુદાય પર અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો માનવામાં આવે છે.ઢાકા ટ્રિબ્યુનના અહેવાલ મુજબ તોંગજીરી વિસ્તારના ન્યૂ બેટાચારા પારા ગામના લોકો ચર્ચ ન હોવાના કારણે અન્ય જગ્યાએ તહેવાર મનાવવા ગયા હતા. ત્યારબાદ તેની પીઠ પાછળ બદમાશોએ ગામમાં હુમલો કર્યો અને ૧૭ ઘરોને સંપૂર્ણપણે બાળી નાખ્યા. આ હુમલામાં અંદાજે ૧૫ લાખથી વધુનું નુકસાન થયું છે.

## પાકિસ્તાનને જવાબ આપવા તાલિબાન સજ્જ સરહદે ટેન્કો-સૈનિકો તૈનાત કરાયા



નવી દિલ્હી, તા.૨૬:
અફઘાનિસ્તાનમાં પાકિસ્તાની એરફોર્સ દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલાને લઈને તાલિબાન ગુસ્સે છે. અફઘાનિસ્તાન સરકારે પુષ્ટિ કરી છે કે આ હવાઈ હુમલામાં ૪૬ લોકોના મોત થયા છે. તાલિબાન સરકારે પહેલા જ કહયું હતું કે તે આ હુમલાનો જવાબ આપશે અને હવે તેની તૈયારીઓ પણ શરૂ કરી દેવામાં આવી છે. તાલિબાને પાકિસ્તાન સરહદ પાસે ખતરનાક ટેકો અને હથિયારો સાથે પોતાની સેના તૈનાત કરી છે. અફઘાનિસ્તાન પર હુમલાને લઈને પાકિસ્તાન તરફથી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. બીજી તરફ અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર આક્રમક છે. અફઘાન સરકારના પ્રવકતા હમદુલ્લાહ ફિતરતે કહ્યું હતું કે તેઓ ચોક્કસપણે આ હુમલાનો બદલો લેશે.

## અમેરીકન ડોલર સામે રૂપિયો વધુ પટકાયો



નવી દિલ્હી,તા.૨૬
કેલેન્ડર વર્ષનાં અંતિમ દિવસોમાં અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો વધુને વધુ દબાણ હેઠળ આવી રહ્યો હોય તેમ આજે વધુ ગગડયો હતો. અને ૮૫.૨૫ ના નવા તળીયે ઘસી ગયો હતો.નબળા રૂપિયાથી ક્રુડતેલ, ખાતર, સોના-ચાંદી સહીતની તમામ આયાત મોંઘી થવાની સાથે ઘર આંગણે ફુગાવાનું જોખમ વધારવાની આશંકા દર્શાવવામાં આવી રહી છે. કેલેન્ડર વર્ષ આવતા ચાર દિવસમાં વિદાય લેવાનું છે. તે પૂર્વે શેરબજારમાં વિદેશી નાણા સંસ્થાઓ જંગી વેચાણ કરી રહી છે. કરોડો અબજો રૂપિયા પાછા ખેંચાવાથી રૂપિયો દબાણમાં છે.આજે પ્રારંભીક કામકાજમાં જ ૬ પૈસા ઘટીને ૮૫.૨૫ ના નવા તળીયે ઘસી ગયો હતો.

જાણકારોના કહેવા પ્રમાણે રૂપિયાની નબળાઈ ભારતમાં મોંઘવારીનું જોખમ સર્જશે. તમામ આયાતી ચીજો મોંઘી થશે. ખાસ કરીને પેટ્રોલ-ડીઝલ તતા ખાતર પર નવા બોજથી ભાવ વધારાની સ્થિતિ સર્જાઈ શકે છે.

ડોલર સામે ભારતીય કરન્સી પર સતત વધી રહેલું દબાણ

## રાજકોટ-અમદાવાદ હાઈ-વે પર ભયાનક અકસ્માત ૪ વાહનો ભડથુ થયા : બેના મોત, બે ગંભીર



### અમદાવાદ તરફ જતી કાપડની ટ્રકનું ટાયર ફાટતાં દુર્ઘટના સર્જાઈ હતી

અમદાવાદ તા.૨૬
રાજકોટ-અમદાવાદ હાઈ-વે ઉપર ગંભીર અકસ્માત સર્જાયો હતો. અને આ અકસ્માતમાં ટ્રકમાં ભરેલા કાપડથી આગ બેકાબુ બની હતી અને બે લોકોના મૃત્યુ થયા હતા. જયારે અન્ય બે વ્યક્તિઓને ગંભીર ઈજાઓ થઈ હતી.

આ બનાવ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર અમદાવાદના બાવળા અને બગોદરા વચ્ચે ભમાસરા ગામ પાસે અકસ્માત થયો હતો. બગોદરાથી અમદાવાદ તરફ જતી કાપડની ટ્રકનું ટાયર ફાટતા બાવળા તરફથી બગોદરા તરફ જતી ટ્રક સાથે અથડાઈ હતી. આ ઘટનામાં કુલ ૪ ભારે વાહનો અથડાતા મોટો અકસ્માત થયો હતો.

વિશેષ વિગતો મુજબ, ટ્રક અથડાતા બ્લાસ્ટ થઈને આગ લાગી હતી. આ અકસ્માત અને આગની ઘટનામાં ૧ ટ્રકમાં સવાર ૨ લોકોના મોત થયા છે, જ્યારે બે લોકોને ઈજા પહોંચી છે. ઘટનાની જાણ થતા બાવળા, બગોદરા અને કોઠ પોલીસ સ્થળે પહોંચી હતી. ધોળકા, સાણંદ સહિતના ફાયર બ્રિગેડની ટીમો પણ ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબુ મેળવ્યો હતો. હાલ પોલીસ દ્વારા આ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે.

## ભાજપને ૨૨૪૪ કરોડ અને કોંગ્રેસને ૨૮૯ કરોડનું દાન મળ્યું : ચૂંટણીપંચે વિગતો જાહેર કરી

નવી દીલ્હી, તા.૨૬:
વર્ષ ૨૦૨૪ લગભગ સમાપ્ત થઈ રહ્યું છે. નવા વર્ષની શરૂઆતને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. પરંતુ શું તમે જાણો છો કે આ વર્ષે સૌથી ધનિક રાજકીય પક્ષ કયો છે વર્ષ ૨૦૨૩-૨૪માં મોટાભાગની પાર્ટીઓને કરોડો રૂપિયાનું દાન મળ્યું છે. આ યાદીમાં ભારતીય જનતા પાર્ટી ટોચ પર છે અને કોંગ્રેસ બીજા સ્થાને છે.આ વર્ષે ભાજપને કોંગ્રેસ કરતાં ૭૭૬.૮૨% વધુ દાન મળ્યું છે. ભાજપને ૨૦૨૩-૨૪માં સૌથી વધુ ૨,૨૪૪ કરોડ રૂપિયાનું દાન મળ્યું હતું, જયારે તેલંગાણાના પૂર્વ મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવની પાર્ટી મ્ઇજી બીજા સ્થાને હતી, જેને ૫૮૦ કરોડ રૂપિયાનું દાન મળ્યું હતું, જયારે કોંગ્રેસ ત્રીજા સ્થાને હતી, જેને ૨૮૯ રૂપિયાનું દાન મળ્યું હતું.

ભાજપે ૨૦૨૩-૨૪માં ટ્રસ્ટો અને કોર્પોરેટ ગૃહોને રૂ. ૨,૨૪૪ કરોડ આપ્યા છે, જે ગયા વર્ષ કરતાં ૩ ગણા વધુ છે. જયારે કોંગ્રેસ પાર્ટીને ગયા વર્ષે ૭૯.૯ કરોડ રૂપિયા મળ્યા હતા જે આ વર્ષે વધીને ૨૮૮.૯ કરોડ રૂપિયા થઈ ગયા છે. આ પક્ષોના ડોનેશનનો રિપોર્ટ પણ ચૂંટણી પંચની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલા અહેવાલ મુજબ ભાજપને રૂ. ૭૨૩.૬ કરોડ અને કોંગ્રેસને રૂ. ૧૫૬.૪ કરોડ પ્રુડન્ટ ઈલેક્ટોરલ ટ્રસ્ટ પાસેથી મળ્યા છે. આનો અર્થ એ થયો કે ભાજપનું એક તૃતીયાંશ દાન અને કોંગ્રેસનું અડધાથી વધુ દાન પ્રુડન્ટ ઈલેક્ટોરલ ટ્રસ્ટમાંથી જ આવ્યું છે.


સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે

અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ

મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે

આ ખોટા વખાણ નથી હો..
આપ નજરે નિહાળો પછી તમે જ કહેશો કે વાહ..ભાઈ વાહ..

મોરો સોપારીનું કોરૂ કટીંગ તથા સ્પેશ્યલ નં.૧ સેકેલ સોપારીનું કટીંગ

સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ
ગુલબાવાડી નજીક, ખોજાવાડ ચોક પાસે, જૂનાગઢ

મો.૯૩૭૬૬૦ ૫૫૬૨



ધમાકા એક્ષચેન્જ ઓફર
તમારૂ જુનું ફર્નિચર આપી જાવ નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે

PARDAWALA

બેડરૂમ સેટ
મોડ્યુલર કિચન
સોફા સેટ
ઓફીસ ફર્નિચર
આકર્ષિત પડદા
વોલપેપર

- શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?

જો હા... તો હવે
જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.

સી.સી. પડદાવાલા

તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫

(ઓફર/સ્કીમ મર્યાદિત સમય માટે.)



Dentistry For Little Ones
પાર્શ્વિ ડેન્ટલ કેર
ડૉ. ભુમિકા ડી. હિરપરા
MDS
Pedodontics & Preventive Dentistry
બાળકોના દાંતના નિષ્ણાંત

બાળકોના દાંતનું દવાખાનું
૧૦ વર્ષના વિશાળ અનુભવની સાથે બાળકોના દાંતની વિશેષ સારવારો બાળકોને અનુરૂપ વાતાવરણમાં...
અક્ષર પ્લાઝા-૧, ચોથો માળ, ઝાંઝરડા ચોકડી, જુનાગઢ
+91 94290 18328 Parshwi_dental_care

હિરપરા ડેન્ટલ
ઈમ્પ્લાન્ટ । પીડોડોન્ટિક્સ । ઓર્થોડોન્ટિક્સ
ડૉ. દર્પણ આર. હિરપરા
MDS - Master of Dental Surgery
100% Sterilized, Hygienic Clinic
ફક્ત ત્રણ જ દિવસમાં ફિક્સ દાંત
સારવાર પહેલા / ફીક્સ દાંત સારવાર / સારવાર બાદ

- ૧૨ વર્ષથી ડેન્ટલ ઈમ્પ્લાન્ટને લગતી બધીજ સારવાર તથા વિકલ્પ ઉપલબ્ધ કરાવતુ એકમાત્ર ક્લિનિક
- આધુનિક 3D પધ્ધતિ દ્વારા ગાઈડેડ ઈમ્પ્લાન્ટ સર્જરી.
- ૩ દિવસમાં ફિક્સ દાંત, દુઃખાવા રહીત, ટાંકા વગરની ફ્લેપલેશ ઈમ્પ્લાન્ટ સર્જરી
- ડાયાબીટીસ અને કેન્સર પેશન્ટમાં પણ શકય છે.
- વાંકાચુકા દાંતની સારવાર માટે બ્રેસિસ અને અલાઈનર દ્વારા સારવાર
- દાંત બચાવવા માટે સિંગલ સીટીંગ રૂટ કેનાલ ટ્રીટમેન્ટ
- ડહાપણ દાઢ કાઢવાની સર્જરી
- સ્માઈલ ડીઝાઈનીંગ - કોસ્મેટીક ડેન્ટલ ટ્રીટમેન્ટ

invisalign
ઇન્વિઝલાઇન અલાઇનર્સ દ્વારા તમારા વાંકાચુકા દાંતની સમસ્યા હંમેશા માટે દૂર થશે
Invisalign v Braces
બીજો માળ, પ્રિઝમ કોમ્પ્લેક્ષ, બસ સ્ટેન્ડ સામે, જૂનાગઢ
+91 93165 40149
www.hirparadental.in, Email : drdarpan85@gmail.com



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005

અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફલોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ

માત્ર 749/- કિંમત 2870/-

હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપુર્ણ તપાસ

માત્ર 1349/- કિંમત 5050/-

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦
કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.



Ramdev INSTITUTIONAL SPECIAL
SINCE 1965
હોટેલ, રેસ્ટોરન્ટ, કેટરિંગ, કેન્ટીન, નમકીન, ફરસાણ અને ફાસ્ટ ફૂડના વ્યવસાયી મિત્રો માટે ઈન્સ્ટિટયુશનલ પેકમાં ઉપલબ્ધ.
અત્યંત વ્યાજબી ભાવ, રામદેવ ક્વૉલિટીની ગેરંટી.
- મરચું, હળદર, ધાણા, ધાણાજીરૂ - 2kg, 5kg
- રેડ ગોલ્ડ કાશ્મીરી મરચું - 1kg
- સ્ટ્રોંગ હીંગ - 200g, 500g
- ગરમ મસાલા રેન્જ - 500g
- અચાર મસાલા - 500g, 1kg
- મિક્ષ પિકલ - 2kg, 5kg
- ખમણ, ઈડલી, ઢોકળા, ગુલાબ જામુન ઇન્સ્ટન્ટ મિક્ષ - 1kg
- અડદ પાપડ (સિંગલ મરી) - 1kg

For enquiries, please contact:
9327548534 ♦ 9875151801
(Time: 10 to 5)
રામદેવ ફૂડ પ્રોડક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ
www.ramdev.co.in
ipsales@ramdev.co.in
HORECA

# વર્ષ ૨૦૨૫નું સ્વાગત આકાશમાં ઉલ્કાવર્ષાથી થશે : શનિવારથી કવોડરેન્ટીડસ ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો





## જાન્યુઆરી તા.૨-૩ આકાશમાં ઉલ્કાવર્ષાનો અદભુત નજારો જોવા મળશે : દુનિયાભરમાં તા.૧૨ જાન્યુઆરી સુધી ઉલ્કાવર્ષા જોઈ શકાશે : પ્રતિ કલાકમાં ૧૧૦ ઉલ્કાઓ જોઈ શકાશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨૬

દુનિયાભરમાં ખગોળ રસિકોએ તા.૭મી ૧૪મી સુધીમાં જેમીનીડસ ઉલ્કાવર્ષાનો સ્પષ્ટ નજારો આહલાદક જોઈ શકયા હતા. નવા વર્ષ ૨૦૨૫ ના પ્રારંભે તા. ૨ અને ૩ જાન્યુઆરીએ આકાશમાં કવોડરેન્ટીડસ ઉલ્કાવર્ષાનો અદ્‌ભુત નજારો જોવા મળશે. ઉલ્કાવર્ષા તા.૨૮મી ડિસેમ્બરથી પ્રારંભ કરી ૧૨ મી જાન્યુઆરી સુધી સ્વચ્છ આકાશમાં ઉલ્કાવર્ષા જોઈ શકવાના છે. પ્રતિ કલાકના ૧૧૦ ઉલ્કાવર્ષા આકાશમાં જોવા મળશે. રાજયમાં ખગોળીય આનંદ લૂંટવા ભારત જન વિજ્ઞાન જાથાની કચેરીએ લોકોને અપીલ કરી છે. જાથાના રાજય ચેરમેન-એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે, ઉત્તર ગોળાર્ધમાં નક્ષત્ર બૂટ્સ ચંદ્રની રોશની ૧૧ ટકા પ્રકાશિતમાં ઉલ્કાવર્ષા જોઈ શકાશે. રાતની શરૂઆતથી ઉલ્કાવર્ષા ઉપર નજર રાખવી જરૂરી છે. પ્રતિ કલાક ૧૧૦ ની ૨૦૦ સુધી પડતી જોઈ શકાય છે. સરેરાશ કલાક દીઠ ૨૫ ઉલ્કાઓથી વધુ નથી. આ ઉલ્કા તેની તેજસ્વીતા, રંગબેરંગી અગનગોળા માટે જાણીતી છે. જાન્યુઆરી તા. ૨ અને ૩ ના રોજ આકાશમાં ઉલ્કાનો રીતસર વરસાદ જોઈ શકાશે. આ અવસર ચુકવા જેવો નથી. જાથાએ આ માટે બે દિવસ ખાસ આયોજનો ગોઠવ્યા છે. જાન્યુઆરીમાં બે ઉલ્કાવર્ષામાં માઈનોરિડસ પણ જોવા મળશે. દેશભરમાં જાથા લોકોને ખગોળીય માહિતી આપી ધ્યાનાકર્ષણ કરે છે. વધુમાં પંડયા જણાવે છે કે કવોડરેન્ટીડ્‌સ ઉલ્કાવર્ષાની મહત્તમ ચાર દિવસ મધ્યરાત્રિથી પરોઢ સુધી આકાશમાં જોવા મળશે. નરી આંખે નર્જનિ જગ્યાએથી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ઉલ્કાવર્ષા વર્ષ દરમ્યાન ૧૦થી ૧૨ વખત અને વધુમાં વધુ ૫ વખત આકાશમાં જોવા મળે છે. આ ઉલ્કાવર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. સૌરમંડળમાં એવા પણ ધૂમકેતુઓ છે કે જે પોતાના સૂર્ય ફરતેના ભ્રમણ દરમ્યાન પૃથ્વીની ભ્રમણકક્ષાને કાપે છે. આ ધૂમકેતુઓનું સતત વિસર્જન થતું રહેતું હોય છે. અને તેમાંથી વિસર્જીત થયેલ પર્દાફાશ ધૂમકેતુની દિશા જાળવી રાખે છે. આ રીતે જોઈએ તો દરેક ધૂમકેતુ પાછળ વિસર્જીત પદાર્થોનો શેરડો છોડતો જાય છે. જયારે પૃથ્વી ઉપર આ વિસર્જીત પદાર્થોની વચ્ચેથી પસાર થાય છે ત્યારે સાપેક્ષ વેગના કારણે આ ટુકડાઓ પ્રચંડ વેગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. આવા સમયે તેમનો મહતમ વેગ સેકન્ડના ૩૦ કિલોમીટર જેટલાનો અનુમાન રખાય છે. વાતાવરણમાં રહેલ વાયુઓ સાથે ઘર્ષણના કારણે આ ટુકડાઓ સળગી ઉઠે છે અને તેજ લીસોટા, અગ્નિ સ્વરૂપે અવકાશમાં જોવા મળે છે. તેને પ્રકારમાં ફાયરબોલ, અગનગોળા કે ઉલ્કાવર્ષા કહેવાય છે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે. જાથાના પંડયા વધુમાં જણાવે છે કે ઉલ્કાવર્ષા નિહાળવા મધ્યરાત્રિ બાદ અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટેભાગે વહેલી પરોઢે મહત્તમ ઉલ્કા વરસાદ જોવા મળે છે. વિદેશમાં લોકો દરિયાઈ કિનારે તથા પર્વતીય-ખડકાળ, નર્જનિ જગ્યાને પસંદ કરી બે-ત્રણ દિવસનો પડાવ નાખે છે. ચારેય દિશામાં ખગોળરસિકોને ગોઠવી ઉલ્કાના આંકડાની નોંધ રાખવામાં આવે છે. સેકન્ડની ગણતરીમાં દિવાળીની આતશબાજી, રંગબેરંગી ફટાકડાના દ્રશ્યો અવકાશમાં જોવા મળે છે. ઘણા લોકો ગુણવત્તાના દુરબીનની વ્યવસ્થા કરી નજારો જોવે છે. ઉલ્કા વરસાદને નજરકેદ કરવા ૧૦×૫૦ નું મેગ્નીફીકેશન ધરાવતું દૂરબીન ગોઠવી શકાય છે. જાથાએ ફાયરબોલ ફોટોગ્રાફી, ઈન્ટરનેટ મિત્રોનો સહયોગ મેળવી ડીઝીટલ વિડીયોગ્રાફી કેમેરામાં કેદ કરવા આયોજન ગોઠવ્યું છે. જાથાના જયંત પંડયાએ જણાવ્યું કે ઉલ્કા જયારે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે ત્યારે તેને મેટીયોર ઉલ્કા તરીકે ઓળખવામાં આવે છે. પૃથ્વી ઉપર રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. પૃથ્વી ઉપર દિવસ-સૂર્યપ્રકાશ દરમ્યાન પડતી ઉલ્કાઓ જોઈ શકાતી નથી. અત્યાર સુધીમાં પૃથ્વી ઉપર ઉલ્કાની રાખનો થર એક ઈંચથી વધુનો અંદાજ છે. ઉલ્કામાં લોખંડ અને નિકલ હોય છે. તેની રજને, ધૂળને ઓળખવા માટે લોહચુંબકનું પરીક્ષણ જરૂરી છે. જાથા ઉલ્કાવર્ષાની ફોટોગ્રાફી લોકો સમક્ષ મુકશે. તા.૨ જાન્યુઆરીએ ખામટા ગામમાં ગ્રામજનો અને એન.એસ.એસ. કેમ્પની છાત્રાઓને ઉલ્કા વર્ષા અંગે વિગતે માહિતગાર કરી નિદર્શન કરવામાં આવશે. જાથાનો પ્રયાસ લોકોને અવકાશ તરફ નજર કરતાં થાય, તેમાં રસ લઈ, બાળકો સાથે ખગોળીય માહિતી મેળવતા થાય, નજારો નિહાળવા માટે રાજયભરમાં આયોજન ગોઠવ્યું છે તેમાં રાજકોટ, અમરેલી, ભાવનગર, જુનાગઢ, પોરબંદર, જામનગર, સુરેન્દ્રનગર, કચ્છ, અમદાવાદ, આણંદ, નડીયાદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, ધાનેરા, ડીસા, હિંમતનગર, ગાંધીધામ, માંડવી, અંજાર, મોરબી, પાવગઢ, ગોધરા, ખંભાળીયા, દ્વારકા, બોટાદ, અરવલ્લી, છોટા ઉદેપુર, ગીર સોમનાથ, તાપી, બિલીમોરા, બારડોલી, બોડેલી, ચીખલી, ડભોઈ, ધરમપુર, ધ્રાંગધ્રા, દાંતા, તિથલ, વાવ, ઠાસરા, થરાદ વિગેરે નાના-મોટા નગરોમાં એક દિવસીય મધ્યરાત્રિ-પરોઢે વ્યવસ્થાની આખરી ઓપની તૈયારી આરંભી છે. કવોડરેન્ટીડ્‌સ ઉલ્કાવર્ષાનો નજારો નિહાળવાની તૈયારીમાં જાથાના નર્ભયિ જોશી, રાજુ યાદવ, અંકલેશ ગોહિલ, દિનેશ હુંબલ, નર્મળિ મેત્રા, પ્રકાશ મનસુખભાઈ, ભાનુબેન ગોહિલ વિગેરે અને એન.એસ.એસ. કેમ્પના છાત્ર-છાત્રાઓ સાથે અનેક સદસ્યો જોડાવાના છે. રાજયમાં ઉલ્કાવર્ષા સંબંધી વિશેષ માહિતી મોબાઈલ ૯૮૨૫૨ ૧૬૬૮૯ તથા ૯૪૨૬૯ ૮૦૯૫૫ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

# સોમનાથ મંદિર નજીક ગટરના ગંદા પાણી રસ્તા ઉપર ભરાતા યાત્રિકો પસાર થવા મજબુર



## લાંબા સમયથી ઉદભવતી સમસીયાનું નિરાકરણ લાવવામાં પાલિકાતંત્રની ઘોર બેદરકારીથી યાત્રિકો પરેશાન : ખુશ્બુ ગુજરાત કી...ના રાજ્ય સરકારના નારાને લાંછન લગાડતી સ્થાનીક તંત્રની નિંભરતા

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૫

દેશના પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિર નજીક પાલિકા તંત્રની ઘોર બેદરકારી સામે આવી રહી છે. મંદિરથી સાગર દર્શન તરફ જતા મુખ્ય માર્ગ ઉપર ગટરના ગંદા પાણી ફરી વળતાં યાત્રિકોને ગંદા પાણીમાંથી પસાર થઈ મંદિર તરફ જવાની ફરજ પડતા યાત્રિકોમાં કચવાટની લાગણી જોવા મળી રહી છે.વેરાવળ પાલિકા તંત્ર પ્રતિમાસ સફાઈ પાછળ એક કરોડ જેવી માતબર રકમનો ખર્ચ કરે છે પરંતુ વેરાવળ પાટણ જોડીયા શહેરમાં ચારે તરફ છાશવારે ગંદકી જોવા મળે છે. તીર્થ નગરી સોમનાથના નાગરિકો તો પાલિકા તંત્રથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે પરંતુ હવે તો દેશ વિદેશથી સોમનાથ મહાદેવના દર્શનાર્થે આવતા યાત્રિકો પણ પાલિકા તંત્રની બેદરકારીનો ભોગ બની રહ્યા છે. વેરાવળ પાટણ શહેરમાં જોવા મળતી ગંદકી યાત્રાધામ સોમનાથ નજીક પણ જોવા મળી રહી છે સોમનાથ મંદિરની તદન નજીક સાગર દર્શન તરફ જતા મુખ્ય માર્ગ ઉપર ગટરના ગંદા પાણી ફરી વળતાં દેશ-વિદેશથી આવતાં યાત્રિકોને આ ગટરના ગંદા પાણીમાંથી પસાર થવાની ફરજ પડી હતી. જેને લઈ યાત્રિકોની ધાર્મિક લાગણી પણ દુભાતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. સોમનાથ મંદિર નજીક ગટરો ઉભરાવાની ઘટનાઓ છાશવારે બનતી હોવાનું સ્થાનિકોએ જણાવ્યું છે. પાલિકા તંત્રની આ ગંભીર બેદરકારીના કારણે દેશ-વિદેશથી આવતાં યાત્રિકો વેરાવળ સોમનાથ જોડીયા શહેરની ગંદી છાપ લઈ જઈ રહ્યા છે ત્યારે પાલિકા તંત્રના સત્તાધીશોએ સોમનાથ મંદિર નજીકની આ ગંદકી નો કાયમી ઉકેલ લાવવો જોઈએ તેવી પ્રબળ લોકમંગ ઉઠી રહી છે.

**રાજ્ય સરકારના નારાને લાંછન**

અત્રે નોંધનીય છે કે, ખુશ્બુ ગુજરાત કી કુછ દિન તો ગુજારો સોમનાથ મે....ની એડ ફિલ્મ દ્વારા રાજ્ય સરકાર પ્રવાસીઓને સોમનાથ આવવા અપીલ કરે છે. ત્યારે રાજ્ય સરકારના નારાને સ્થાનિક તંત્રની નિંભરતા લાંછન લગાડી રહી છે. ત્યારે લાંબા સમયથી જોવા મળતી સોમનાથ મંદિર નજીક ગટર ઉભરાવાની સમસ્યાના કાયમી નિરાકરણ માટે ઉચ્ચ કક્ષાએથી ઠોસ કામગીરી થશે કે કેમ તે જોવું રહ્યું.

# ચેક રીર્ટનના ગુન્હામાં આરોપીને બે વર્ષની સાદી કેદ તથા રૂા.૫,૪૦,૦૦૦ પુરા ફરીયાદીને વળતર પેટે ચુકવવાનો હુકમ કરતી માણાવદર કોર્ટ

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા.૨૬

આ કેસની હકીકત એવી છે કે માણાવદર તાલુકાના વેળવા ગામે રહેતા ભગવાનજીભાઈ લખમણભાઈ ડાંગરનાઓએ માણાવદર ગામના માધવ ટ્રેડર્સ વાળા ભરતભાઈ સામતભાઈ ડાંગરનાઓને ખોળના સ્ટોક માટે ખોળ વેંચાણ આપેલ. બાદ ફરીયાદીએ આરોપી ભરતભાઈ ડાંગર પાસે તેઓની કાયદેસરની ખોળ વેંચાણની રકમ પરત માંગેલ. જેથી આરોપીએ આ મતલબનો ફરિયાદીને એચ.ડી.એફ.સી.બેંક, માણાવદર શાખાનો રૂા.૨,૭૦,૦૦૦/- પુરાનો ચેક આપેલો જે ચેક ફરિયાદીએ તેઓના બેક ખાતામાં જમા કરાવવા રજૂ કરતા અપૂરતા નાણા હોવાને કારણે ચેક રિટર્ન થયેલ. ત્યારબાદ ફરિયાદી દ્વારા તેઓના વકીલ મારફતે નોટિસ મોકલવામાં આવેલી તેમજ નોટિસનો પણ કોઈ પ્રત્યુતર આરોપીએ પાઠવેલ નહીં અને ભગવાનજીભાઈની કાયદેસરની લેણી રકમ આરોપીએ ફરિયાદીને ચૂકવેલ નહીં જેથી ફરીયાદીએ માણાવદર કોર્ટમાં ચેક રીટનનો કેસ દાખલ કરેલો હતો જે ક્રામે ફરિયાદીએ રજૂ કરેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ, ચેક, રીટર્ન મેમો, વિગેરે તથા ફરીયાદ પક્ષે થયેલ જુબાનીઓ તથા ફરિયાદ પક્ષના વિદ્વાન વકીલમયુર આર. શીંગાળાની ધારદાર દલીલોને ધ્યાને લઈ તથા વેપારી શિરસ્તામાં લોકોને વિશ્વાસ બેસે તેવા અવલોકન સાથે નામદાર કોર્ટે આરોપી ભરતભાઈ સામતભાઈ ડાંગરને બે વર્ષની સાદી કેદ તથા રૂપિયા ૫ લાખ ૪૦ હજાર ફરિયાદી- ભગવાનજીભાઈને વળતર પેટે ચૂકવવા માટે માણાવદરના જયુડી.ફ.ક.મેજી. સાહેબે હુકમ ફરમાવેલ છે. સદર ચુકાદાથી સમગ્ર વિસ્તારમાં ચકચારજાગેલ છે. અત્રે નોંધનીય છે કે આ ફામે ફરિયાદીના વકીલ તરીકે મયુર શિંગાળા રોકાયેલા હતા.

# ઉના-ગીર ગઢડા તાલુકા મંડળમાં પ્રમુખોની નિમણુંક કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૨૬

ભારતીય જનતા પાર્ટી સંગઠન પર્વ ૨૦૨૪ અંતર્ગત પ્રદેશ દ્વારા ઉના શહેર તાલુકા તથા ગીરગઢડા તાલુકા મંડળમાં નવનિયુક્ત પ્રમુખઓની નિમણુક કરવામાં આવી છે. તે અંતર્ગત ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના માર્ગદર્શન હેઠળ ઉના ધારાસભ્યના કાર્યાલય ખાતે ત્રણેય મંડળના નવનિયુકત પ્રમુખોને ફુલહાર પહેરાવી મો મીઠા કરાવીને અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ ચંદુભાઈ કોટેચા, જીલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજુભાઈ ડાભી, પ્રકાશભાઈ ટાંક, જીલ્લા ભાજપ મહામંત્રી વિશાલભાઈ વોરા, જીલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન ડાયાભાઈ જાલોન્ધરા, જીલ્લા પંચાયત સિંચાઈ સમિતિના ચેરમેન લખમણભાઈ બાંભણીયા, શહેર ભાજપ પ્રમુખ મિતેશભાઈ શાહ, તાલુકા ભાજપ પ્રમુખ બાબુભાઈ ચૌહાણ, ગીરગઢડા તાલુકા ભાજપ પ્રમુખ કાળુભાઈ રૂપાલા, નવનિયુક્ત શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ કારીયા, તાલુકા ભાજપ પ્રમુખ હિરેનભાઈ બાંભણીયા, ગીરગઢડા તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ રાખોલીયા, નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, ઉના તાલુકા પંચાયતના પ્રમુખ એભાભાઈ મકવાણા, ગીરગઢડા તાલુકા પંચાયતના પ્રમુખ પ્રવીણભાઈ સાંખટ, જીલ્લા પંચાયતના સદસ્યઓ, નગરપાલિકાના સદસ્યઓ, સંગઠનના હોદેદારો અને ભારતીય જનતા પાર્ટીના સૌ કાર્યકર્તાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ડૉ. બાબાસાહેબ આંબેડકરનાં નિર્માણદિન નિમિત્તે જૂનાગઢમાં લોકડાયરો યોજાયો






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૭

ગુજરાત રાજય સંગીત અકાદમી ગાંધીનગર આર્થિક સહયોગથી તથા શ્રી સરસ્વતી લોકસંગીત અને નૃત્ય કલાવૃંદ ટ્રસ્ટ જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે ભીમ સંધ્યા ભીમ લોકડાયરાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મહાનગરપાલિકાના પૂર્વ કોર્પોરેટર વાલજી આમહેડા (મનપા જૂનાગઢ) તેમજ ધરમણભાઈ ડાંગર પૂર્વ કોર્પોરેટર મહાનગરપાલિકા જૂનાગઢના અધ્યક્ષ સ્થાને ભીમ ડાયરાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કલાકારો શારદાબેન બારોટ(ટીવી દુરદર્શન માન્ય), પૂનમભાઈ બારોટ(ટીવી દુરદર્શન માન્ય), વિક્રમભાઈ ગઢવી(લોક સાહિત્યકાર) અશોકભાઈ બારોટ(ભીમ ભજનીક), હાજી રમકડુ(સાજીંદા વાજીંદા ટીમ સાથે) હતા. સોસાયટીના આગેવાનો માલદેભાઈ મગરા, પીઠાભાઈ બગડા તેમજ સોસાયટી પ્રમુખ સંજયભાઈ મગરા, મંત્રી કરણભાઈ મારૂ, ખજાનચી રવીન્દ્રભાઈ ડોડીયા તેમજ ઉપપ્રમુખ રમેશભાઈ ધુડા તેમજ કાર્યક્રમનું સંચાલન દીનેશભાઈ પરમારે કરેલ હતું. આસપાસની સોસાયટી એંજલ પાર્ક, રાધીકા પાર્ક, બાલાજી પાર્ક, શિતલનગર, મંગલધામ, શ્રીનગર સોસાયટીના રહીશો બહોળી સંખ્યામાં હાજરી આપેલ અને કાર્યક્રમને ખુબ જ સફળ બનાવેલ હતો.

# ઓખા : અકસ્માતે ક્રેઈન તૂટી પડતા ત્રણના મોત



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૬

ઓખા ખાતે જીએમબીની દેખરેખમાં કોસ્ટગાર્ડ જેટી પર પીલર બનાવવાની કામગીરી ચાલતી હોય જેમાં આજે સવારે ૧૧ કલાક આસપાસ અકસ્માતે જેટી પર કાર્યરત ક્રેઈનનો આગલો ભાગ ધડાકાભેર તૂટી પડતા ત્યાં ઊભેલા એક એન્જીનીયર, એક સુપરવાઈઝર તથા એક મજૂરનું ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યું હતું. ઘટના અંગે જિલ્લા કલેકટર જી.ટી.પંડયા દ્વારા તપાસના આદેશ આપ્યા છે. ઓખા મરીન પોલીસ દ્વારા (૧) નિશાંતસિંઘ રામસિંહ ઉ.વ.૨૫, રહે.રતનપુર, ફરૂખાબાદ, યુ.પી., (૨) અરવિંદકુમાર મુરારીલાલ નગલા, ગુજડુવાલા, યુ.પી. તથા (૩) જીતેન્દ્ર ગોબરીયા, ઉ.વ.૩૦, ખરાડી, સલુનિયા, જાંબવા, એમ.પી. નામના ત્રણેય મૃતકોને સીવીલ હોસ્પિટલ દ્વારકા ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી છે. ઘટના અકસ્માત કે બેદરકારી અંગે પોલીસે પુછપરછ હાથ ધરી છે.

# પવિત્ર ધનુર્માસ એવં ૨૨૩માં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્ય દિન નિમિત્તે શ્રી કષ્ટભંનજન દેવને સંગીતનાં વાદ્યો ધરાવાયા



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૨૬

સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી પવિત્ર ધનુર્માસ નિમિત્તે તારીખ ૨૬-૧૨-૨૦૨૪ને ગુરુવારના રોજ શ્રીકષ્ટભંજનદેવને ૨૨૩ માં “શ્રી સ્વામિનારાયણ” મહામંત્ર પ્રાગટ્ય દિન નિમિત્તે શ્રી કષ્ટભંજનદેવ દાદાને તબલા, હારમોનીયમ, વીણા, વાંસળી, બેંજો, મંજીરા, ડ્રમ, ડમરૂ, ડફલી સિતાર, ગીટાર, ઢોલ, શરણાઈ વિવિધ સંગીતના વાદ્યોનો દિવ્ય શણગાર કરાવવામાં આવેલ એવં શ્રીહરિ મંદિરમાં ઠાકોરજીને દિવ્ય શણગાર ધરાવવામાં આવ્યા હતા. આજે સવારે ૫:૪૫ કલાકે શણગાર આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. પવિત્ર ધનુર્માસ નિમિત્તે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર આયોજીત સાળંગપુરધામમાં પારિવારિક શાંતિ માટે મંદિરના પટાંગણમાં યજ્ઞશાળામાં શ્રી હનુમાન ચાલીસા યજ્ઞાનું આયોજન તા.૧૬-૧૨-૨૦૨૪ થી ૧૪ જાન્યુઆરી ૨૦૨૫ સુધી કરવામાં આવ્યું છે. યજ્ઞશાળામાં શ્રી હનુમાન ચાલીસા યજ્ઞ સવારે ૭ થી ૧૨ અને સાંજે : ૩ થી ૬ કલાક દરમ્યાન પવિત્ર ભૂદેવો વડે પૂજન-અર્ચન-આરતી કરવામાં આવી રહ્યા છે.

હજારો ભકતોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

# જૂનાગઢ જેલમાં વેરાવળના કાચા કામના કેદીએ બાથરૂમમાં લટકી ગળાફાંસો ખાધો



(ક્રાઈમ રીપર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૬

જૂનાગઢ જેલમાં વેરાવળના કાચા કામના કેદીએ બાથરૂમમાં લટકી ગળાફાંસો ખાઈને આપઘાત કરતા પોલીસે તપાસ હાથ ધરી હતી. જેલ સૂત્રો અનુસાર વેરાવળ સાયબર ફ્રોડના ગુનાનો ૧૯ વર્ષીય કૃણાલ પ્રવીણભાઈ વાઘેલાને જૂનાગઢ જિલ્લા જેલ હવાલે કરવામાં આવ્યો હતો. ગત તા. ૨૦ ડિસેમ્બરના રોજ જેલમાં આવેલ કાચા કામનો કેદી કૃણાલે બુધવારે સાંજે ૫ વાગ્યાના અરસામાં જેલનાં બાથરૂમમાં દોરી વડે લટકી જઈને ગળાફાંસો ખાઈ લીધો હતો. આ અંગેની જાણ થતા જેલ અધિક્ષક એચ. ઓ. વાળાએ દોડી જઈ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટને વાકેફ કરતા તેઓની હાજરીમાં વીડિયોગ્રાફી કરી કાચા કામના કેદીનો મૃતદેહ નીચે ઉતારી એ ડીવિઝન પોલીસ મારફત પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપી આગળની કાર્યવાહી કરવામાં આવી હતી. જૂનાગઢ જેલમાં કાચા કામનો કેદી કૃણાલ પ્રવીણભાઈ વાઘેલાએ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા જેલ અધિક્ષક એચ. ઓ. વાળાએ મૃતક કેદીની બેરેકનાં સાથી કેદીઓની પૂછપરછ કરતા કૃણાલ પ્રથમ વખત જેલમાં આવ્યો હોય અને જામીન ન થવાની ભીતિ હોય જેથી પગલું ભર્યું હોવાનું અનુમાન લગાવ્યું હતું.

# ડો.સુભાષ એકેડમિના વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી

## બાળકને કદી હતોત્સાહ ન કરશો : જગદીશ મહેતા



જૂનાગઢ, તા.૨૬

અત્રે ડો.સુભાષ એકેડમિના વાર્ષિકોત્સવ પ્રસંગે અધ્યક્ષીય ઉદબોધન કરતા વરિષ્ઠ પત્રકાર જગદીશ મહેતાએ પોતાની બેબાક અને આગવી શૈલીમાં કહ્યું હતું કે બાળકને કદી હતોત્સાહ ન કરશો કેમકે ઈશ્વરનું કોઈ સર્જન નકામું નથી હોતું એમણે ડો. સુભાષ અકેડમિને સરસ્વતીનો ખોળો કહીને એની શિક્ષણેતર પ્રવૃત્તિને પણ બિરદાવી હતી એમણે ભાર દઈને કહ્યું હતું કે, કોઈ કામ નાનું નથી એનું શિક્ષણ પણ બાળકને આપવું પડશે અને પુરૂષાર્થ વિના કોઈ કાર્ય સિદ્ધ થતું નથી એમણે વિદ્યાર્થીઓને કહ્યું હતું કે, આવું વૈશ્વિક સંકુલ મળ્યું છે એ જ તમારૂ અહોભાગ્ય છે જેને કામ કરવું છે એને બેરોજગારી નડતી નથી માટે કૌશલ્ય વર્ધન શિક્ષણ પણ સાથે સાથે આપવા ભલામણ કરી હતી. એમને કહ્યું હતું કે ઘડો હંમેશા ગડગડિયા પાણાનો થાય છે એ સમાજની ઠોકરોથી ઘડાય છે અહીં આવતા મા સરસ્વતીનો સાક્ષાતકાર થાય છે એમ કહી પેથલજીભાઈનો સંકલ્પ અને જવાહરભાઈ તથા રાજભાઈની આવડતને બિરદાવી હતી. કાર્યક્રમનો આરંભ બાપુજીના સ્મરણાંજલિ ગાનથી થયો હતો. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરતા રાજ ચાવડાએ પત્રકારોના કાર્યોને બિરદાવી સૌને ઉષ્માથી આવકાર્યા હતા અને આજના સમયમાં પત્રકારોને સૌ માટે પ્રેરણારુપ ગણાવ્યા હતા. કાર્યક્રમની દીપ પ્રાગટ્ય વિધિ વરિષ્ઠ પત્રકાર અજયભાઈ ઉમટ અને ઉપસ્થિત મહેમાનોએ કરી હતી.આ પ્રસંગે દીપ પ્રાગટ્ય વિધિ બાદ અજયભાઈ ઉમટે આ સંસ્થા અને પેથલજીભાઈને બિરદાવતા એમણે છેવાડાના વિસ્તાર અને અંતરિયાળ ગામડાના માટે શિક્ષણની વ્યવસ્થા કરી છે આ માટે અભિનંદન પાઠવ્યા હતા એમણે કહ્યું હતું કે સૌરાષ્ટ્રમાં દીકરીઓના શિક્ષણનું જે કામ થયું છે પેથલજીભાઈના કારણે ડો.સુભાષ અકેડમિ એક અગ્રેસર સંસ્થા છે એમણે ઉપસ્થિત સમુદાયને સંબોધન કરતા ટકોર કરી હતી કે નારીને દેવી ન માનો તો કાંઈ નહીં દાસી તો ન જ બનાવતા એણે મલાલાનું ઉદાહરણ આપી દીકરીઓની ક્ષમતા અને સિધ્ધિ સાહસને યાદ કરી સૌને દીકરીઓને મૂકત વાતાવરણ આપવા ભલામણ કરી હતી એમણે હિલેરી ક્લિન્ટન અને મહારાષ્ટ્રીયન લેખિકા સુનિતા જોશીને યાદ કરી શિક્ષિત સ્ત્રીના ગૌરવની વાત સમજાવી હતી એમણે સ્ત્રી શિક્ષણમાં ભારત,બાંગ્લાદેશ,અને વિયેતનામથી પણ પાછળ છે એવી ચિંતા વ્યક્ત કરી હતી. સ્ત્રી શિક્ષણ માટે આહવાન આપ્યું હતું અને આવનારી પેઢીના કલ્યાણ માટે કામ કરતા પેથલજીભાઈના પરિવારને ધન્યવાદ પાઠવ્યા હતા.આ પ્રસંગે પ્રસંગોચિત વક્તવ્ય આપતા બાહોશ એંકર ગોપીબેન ઘાંઘરે પેથલજીભાઈનું પુણ્ય સ્મરણ કરતાં વિદ્યાર્થીઓને ગૌરવ જાળવવાની શીખ આપી હતી.

જે મા-બાપ સર્વસ્વ આપે છે એની લાગણીને પણ સમજજો એમ કહી કદી ટૂંકા રસ્તા ન અપનાવતા પણ મહેનત કરજો એવો બોધપાઠ આપ્યો હતો.એમણે ટકોર કરી હતી કે મોબાઈલથી જેટલા દૂર રહેશો એટલા સુખી રહેશો અને પુસ્તકો વચ્ચે રહેશો એટલા સમૃદ્ધ રહેશો. આ પ્રસંગે ન્યૂઝ એન્કર પ્રવીણભાઈ આહિરે સંસ્થા સાથેના પોતાના સંસ્મરણો વાગોળતા અહીં આવતા ગૌરવની લાગણી અનુભવાય છે એમ કહી શિક્ષણની સાથે ઘડતર પણ થવું જોઈએ મારૂ કામ હું જ કરીશ એવી ભાવનાં કેળવવાનો અનુરોધ કર્યો હતો એમણે કહ્યું હતું કે ટેકનોલોજીનો ઉપયોગ કરતા શીખવું પડશે અને તેંડુલકર અને વિરાટ કોહલીના ઉદાહરણ આપી તેમણે શિસ્ત અને નેતૃત્વ વિશે વાત કરી હતી અને સૌને મહેનત કરો અને આગળ વધો એમ કહી શિક્ષણ સંસ્થાના કાર્યને બિરદાવ્યુ હતું. આ પ્રસંગે રજનીભાઈ કાતરીયા, અર્જુનભાઈ ડાંગર, વિજયભાઈ જોટવા, મનીષભાઈ જીલડીયા જેવા જુદાજુદા ક્ષેત્રમાં સફળ આહિર જ્ઞાતિ રત્નોનું સંસ્થાના કર્મઠ જવાહરભાઈ ચાવડાએ પ્રમાણપત્ર આપી સન્માન કર્યુ હતું. પોતાના સન્માનના પ્રત્યુતરમાં અર્જુનભાઈ ડાંગરે (સ્ટેટ એડિટર દિવ્યભાસ્કર સેટેલાઈટ) પેથલજીભાઈ પ્રત્યેનો પોતાનો આદર પ્રગટ કરી પોતાના સન્માનને જીવનનું સૌભાગ્ય માન્યું હતું. એમણે કહ્યું હતું કે, શિક્ષણએ સામાજિક વિસંગતતા દૂર કરવાનું માધ્યમ છે અને સુભાષ અકેડમિ એમનું મૂર્તિમંત ઉદાહરણ છે. ખુદ ઉપર ભરોસો રાખવો એ જ સૌથી મોટી સિદ્ધિ છે એમ કહી પોતાના ઋણ સ્વીકારની ભાવના વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે વિજયભાઈ જોટવાએ (પત્રકાર ડી.ડી.ભારતી ન્યુઝ) આ સંસ્થાને ચેતના અને ઊર્જાનું પ્રતીક ગણાવી હતી એણે કહ્યું હતું કે, આ સંસ્થાએ હંમેશા વિદ્વાનો અને કલાકારોનું સન્માન કર્યું છે એ માટે હું એમને ધન્યવાદ પાઠવું છું આ પ્રસંગે રજનીભાઈ કાતરીયા સોશિયલ મીડિયા આશ્રમ મહુવાએ કહ્યું હતું કે, વ્યક્તિનું નહીં કાર્યનું સન્માન કરીએ મોબાઈલને એમણે બ્રહ્માસ્ત્ર સાથે સરખાવી એને સમાજ પરિવર્તનનું માધ્યમ બનાવવું જોઈએ એમ કહી એનો સાચો ઉપયોગ કરવા સલાહ આપી હતી. આ ઉપક્રમમાં ડાયરેક્ટર સ્પોર્ટ્સ ઓથોરિટી મનીષભાઈ જીલડિયાને પણ સન્માનિત કરાયા હતા તેમણે સંસ્થા માટે શુભેચ્છાની લાગણી વ્યકત કરી હતી. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સંસ્થામાં તેજસ્વી તારલા અને રમતગમત ક્ષેત્રે ઉત્તમ દેખાવ કરનારને શિલ્ડ અને પ્રમાણપત્ર આપી બિરદાવ્યા હતા. આ પ્રસંગે જવાહરભાઈ ચાવડાએ સુભાષ યુનિવર્સિટીમાં આંતરરાષ્ટ્રીય તથા રાજ્ય કક્ષાએ ઉત્તમ દેખાવ કરનારને વિશિષ્ટ રીતે બિરદાવવાની જાહેરાત કરી હતી. આ પ્રસંગે જી.પી. કાઠી, વાટલીયા, બાલુભાઈ જાદવ, રામભાઈ બોરીચા, રાજેશભાઈ બુચ, ઈકબાલભાઈ મારફતિયા, નાગદાનભાઈ ડાંગર, એડવોકેટ હરિનભાઈ રાવલ, પટેલ, ડો. બાપોદરા, વિઠ્ઠલભાઈ ભુવા, બાબુભાઈ કાતરીયા, પરબતભાઈ જીલડિયા તેમજ પેથલજીભાઈના પરિવારના મીતાબેન ચાવડા, મેઘનાબેન ચાવડા, રમાબેન, પુષ્પાબેન, શોભનાબેન તેમજ વિદ્યાર્થીઓના વાલીગણ સવિશેષ ઉપસ્થિત રહી આજના ઉપક્રમે બિરદાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરતા આચાર્ય ડોકટર બલરામ ચાવડાએ એમની આગવી શૈલીમાં સમયાન્તરે સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ વિશે અને સંસ્થાના સંકલ્પ વિશે આલેખ આપી સરસ્વતીના મંદિરોના નિર્માણની વાત કરી હતી. આભાર દર્શન કરતાં મેઘનાબેન ચાવડાએ સૌ પ્રત્યે પોતાની ઋણ સ્વીકારની ભાવના વ્યક્ત કરી હતી અને સંસ્થાની પરંપરા મુજબ ઉપસ્થિત મહેમાનોને સ્મૃતિચિન્હ આપી તેમનું ગૌરવ કરાયું હતું. આ પ્રસંગે રાત્રિના ડો. સુભાષ અકેડેમિની જુદી જુદી સંસ્થાઓ અને ડો.સુભાષ યુનિવર્સિટીની વિવિધ શાખાઓના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક રંગારંગ કાર્યક્રમનું આયોજન કર્યું હતું જેનું ઉદ્ઘાટન નુપુરભાઈ પટેલ (એન્કર સંદેશ ટી.વી.) એ કર્યું હતું. આ પ્રસંગે એમણે સંસ્થાની પ્રવૃત્તિ ઓને બિરદાવતા શુભેચ્છા પાઠવી હતી ડો. સુભાષ રંગભવન ઉપરથી સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરીને વિદ્યાર્થીઓએ ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા અને પેથલજીભાઈ ચાવડાના પરિવાર એ વિશેષ ઉપસ્થિત રહીને સૌને બિરદાવ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ડો.સુભાષ અકેડમિની વિવિધ સંસ્થાઓના વડાઓ અધ્યાપકો અને કર્મચારીઓએ ઊંડી જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમની સફળતા માટે પૂર્વ કેબિનેટ મંત્રી અને સંસ્થાના વડા જવાહરભાઈ ચાવડાએ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

# ઉમિયાધામ સિદસરમાં શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવનો પ્રાંરભ કરાવતા પરસોતમભાઈ રૂપાલા

## ઉમિયા ધામ સિદસર સામાજીક સમસરતા માં નિમીત બનેલ : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો વિડીયો સંદેશ પરંપરાને જાળવી રાખવા તથા નવા પડકારને ઝીલવા મહોત્સવ નીમીત બનશે : નરેન્દ્રભાઈ મોદી



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૨

જામજોધપુર તાલુકાના સિદસર ખાતે બિરાજતા કડવા પાટીદારોના કુળદેવી માં ઉમીયા માતાજીના પ્રાગટય ૧૨૫ વષ''ની ઉજવણી નીમીતે યોજાયેલા શ્રી ૧૧ સતાબ્દી મહોત્સવનો ગઈકાલથી રાજકોટના સાંસદ અને પૂર્વ'' કેન્દ્રીય મંત્રી પરસોતમભાઈ રૂપાલા, પાટીદાર શ્રેષઠીઓ, દાતાઓ, સામાજિક અગ્રણીઓ અને લાખો ભાવિકોની ઉપસ્થિતીમાં પ્રારંભ થયો છે.

ઉમીયાધામ સિદસર ખાતે યોજાયેલા શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવમાં વિડીયો કોન્ફરન્સથી સંદેશો આપતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે ઉમીયા પ્રાગટયના સવાસો વર્ષની ઉજવણી પ્રસંગે પાટીદાર સમાજ તથા ઉમીયાધામ સિદસર સામાજીક સરરસતામાં નિમીત બનશે. આ મહોત્સવ પરંપરા જાળવી રાખવા તથા નવા પડકારો ઝિલવા સમાજને નવી ઉંચાઈ ઉપર પહોંચાડશે. મહોત્સવ લોકે ચેતના લોક કલ્યાણમાં સહ ભાગી બનશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૧૨ માં સિદસર મહોત્સવની યાદ તાજી કરી હતી.

ઉમીયાધામ સિદસર ખાતે શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવના ઉદઘાટક તરીકે બોલતા પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટના સાંસદ પરસોતમભાઈ રૂપાલાએ જણાવ્યું હતુ કે, મા ઉમીયાના મહોત્સવના ભગીરથ કાર્યમાં યોગદાન આપનાર દાતાઓ ૬૦૦૦ જેટલા સ્વયંસેવકો તથા મહોત્સવના આયોજક ઉમીયાધામ સિદસરને અભિનંદન પાઠવ્યા હતા. શ્રી રૂપાલાએ પાટીદાર સમાજને વ્યસન મુકત બનાવવા હાકલ કરતા જણાવ્યું કે પાટીદાર સમાજની તમામ બહેનો રક્ષાબંધનમાં ભાઈ પાસે ગીફટ સાડીના બદલે વ્યસન મુકત સમાજના નિમાર્ણમાં સહભાગી બને. રાજકોટ-અમદાવાદમાં આકાર લઈ રહેલ ૨૫૦ કરોડના શૈક્ષણિકધામ પાટીદાર સમાજની નવી પેઢીને સલામત શિક્ષા આપવાના પ્રયાસ પ્રસંસનીય છે. સામાજીક સંગઠન દ્વારા શકિત ઉત્પન્ન કરી સમાજ વિકાસની નવી દિશા ખોલવા આહવાન કર્યું છે. તેમણે પાટીદારોની આવનારી પેઢી ગુજરાતી ભાષા વિશેષ કાળજી લે તેવી હિમાયત પણ કરી છે. આજના ગ્લોબલ સમયે અંગ્રેજીની સાથે અન્ય ૧૦ ભાષા આવળવી જોઈએ. પરંતુ માતૃભાષા ગુજરાતી ગૌરવ હોવું જોઈએ તેવું કેન્દ્રીય મંત્રી પરસોતમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું.

શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવમાં મુખ્ય યજમાન જગદિશભાઈ કોટડીયા, પુનીતભાઈ ચોવટીયા, પાટીદાર મહાપદમ જીવનભાઈ ગોવાણી, મૌલેશભાઈ ઉકાણીના અદકેરા સન્માન થયા હતા. મા ઉમીયાના માધ્યમથી સમાજ વિકાસના કાર્યો થકી રાષ્ટ્રનિમાર્ણમાં સહયોગ આપવા મુખ્ય યજમાન જગદિશભાઈ કોટડીયાએ અપી, કરી છે. ઉમીયાધામના પ્રમુખ જેરામભાઈ વાંસજાલીયા તથા મેનેજીંગ ટ્રસ્ટીએ જણાવ્યું કે આવકના ૧૦ ટકા હિસ્સો સમાજ વિકાસ કાર્યમાં આપી માં ઉમીયાની આરાધના થકી સરસ્વતીની સાધના કરી પાટીદાર સમાજની નવી પેઢીને ઉચ્ચ શિક્ષીત કરવા જણાવ્યું છે.

ઉમીયા ધામ સિદસર અમલી બનાવવામાં આવેલ ઉમીયા સમૃધ્ધિ યોજના-૩ આગામી ૨૦૩૧ પહેલા ૨૦૨૭ માં પૂર્ણ થાય તે માટે મહોત્સવના કન્વીનર ગોવિંદભાઈ વરમોરાએ અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં રાજકોટ હાઈબોન્ડ ગ્રુપના મનસુખભાઈ પાણ પરિવાર દ્વારા ૫.૫૧ કરોડ તથા વલ્લભાઈ વડલીયા પરિવાર દ્વારા ૨.૫૧ કરોડના દાનની જાહેરાત થતાની સાથે જ ઉપસ્થિત આગેવાનોએ તેમનું સન્માન કર્યું હતું.

સિદસર શ્રી શવા શતાબ્દી મહોત્સના પ્રારંભે ઉદ્ઘાટક તરીકે પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટના સાંસદ પરસોતમભાઈ રૂપાલા સમારોહના અધ્યક્ષ તરકે ઉમિયાધામ સિદસરના પ્રમુખ જેરામભાઈ વાંસજાળીયા, મુખ્ય મહેમાન તરીકે જામનગરના પ્રભારી કેબીનેટ મંત્રી મુળુભાઈ બે અતિથિ વિશેષ તરીકે મહોત્સવના મુખ્ય યજમાન જગદીશભાઈ કોટડીયા, પુનીતભાઈ ચોવટીયા, સરદારધામના ઉપપ્રમુખ ગોવિંદભાઈ વરમોરા, મહોત્સવ સમિતિના અધ્યક્ષ ચિમનભાઈ શાપરીયા, ઉપપ્રમુખ મહોત્સવના સહયજમાન ભુપેશભાઈ ગોવાણી, કલ્પેશભાઈ માકાસણા, શિવલાભાઈ આદ્રોજા, મનસુખભાઈ પાણ, રાજેશભાઈ ભાલોડીયા ગેલેકસી ગ્રુપ રાજકોટ, નીતીનભાઈ કણસાગરા ફિલ્ડમાર્શ, ગ્રુપ, બળવંતભાઈ મણવર પૂર્વ મંત્રી-ડુમીયાણી, હરીભાઈ પટેલ પૂર્વસાંસદ રાજકોટ, પુનમબેન માડમ સાંસદ-જામનગર, કાંતિભાઈ અમૃતિયા ધારાસભ્ય મોરબી, દુલ્લભજીભાઈ દેથરીયા ધારાસભ્ય ટંકારા, પ્રકાશભાઈ વરમોરા ધારાસભ્ય ધ્રાંગધ્રા, મોહનભાઈ વાછાણી પૂર્વ ઉપપ્રમુખ જામજોધપુર, રમણીકભાઈ ભાલોડીયા, પૂર્વ ઉપપ્રમુખ રાજકોટ, ગટોરભાઈ હરિપરા પૂર્વ ઉપપ્રમુખ બોટાદ, ભુપતભાઈ ભાયાણી, ખજાનચી ધોરાજી, મોહનભાઈ કુંડારીયા પૂર્વ મંત્રી- મોરબી, સૌરભભાઈ પટેલ પૂર્વ મંત્રી- અમદાવાદ, જયંતીભાઈ કાલરીયા પૂર્વ મંત્રી રાજકોટ, જયંતીભાઈ કવાડીયા પૂર્વ મંત્રી મોરબી, બ્રિજેશભાઈ મેરજા પૂર્વ મંત્રી ગાંધીનગર, મહેન્દ્રભાઈ પાડલીયા ધારાસભ્ય ધોરાજી, સંજયભાઈ કોરડીયા ધારાસભ્ય જૂનાગઢ, અરવિંદભાઈ લાડાણી ધારાસભ્ય માણાવદર ઉપસ્થિત રહયા હતા.

શ્રી ૧૧ શતાબ્દી મહોત્સવના પ્રથમ દિવસે બપોર બાદ ત્રણ કલાકે યુવા સંમેલન યોજાશે જેના અધ્યક્ષસ્થાને ગુજરાત રાજયના શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા ઉપસ્થતિ રહેશે. યુવા સંમેલનમાં સુપ્રસીધ્ધ લેખક તથા મોટીવેશન, સ્પીકર જય વસાવડા યુવાનોને પ્રંસંગોચિત ઉદ્બોધન કરશે. આ સંમેલનમાં અતિથી વિશેષ તરીકે આઈઆઈટી મુંબઈના રાજ ગોઠી, સમગ્ર ભારતમાં વભભ ગર્લ્સમાં પ્રથમ દ્રિજા ધર્મેશ પટેલ, હર્ષિત કાવર, ચિરાગ પાણ, ચિંતન સીતાપરા, રીચી કોટડીયા, ભાવેશ વરમોરા, નિધેય પાણ, મનોજ વરમોરા, દિપક ઢોલ, અંકુર ભાલોડીયા, ચિંતન ભાલોડીયા, જય ઉકાણી, હાર્દિક વરમોરા, રીમલ કટારીયા, પરેશ હાંસલીયા, સાગર ગોવાણી, નિલેશ ઘેટીયા, લવ ઉકાણી, સમીર હાંસલીયા, અમર ભાલોડીયા, મિત ઘરસંડીયા, વિરલ ઠોરીયા, રીષી કણસાગરા, રાહુલ ગોવાણી, જયેશ કેલા, જીત સાપરીયા, આદિત્ય પટેલ, દિપક લાલકીયા, જયસુખ લિખીયા, ડો.મેહુલ બરાસરા, બ્રિજેશ કાલરીયા, રાજ સાપરીયા, ધવલ હરિપરા, જયેશ જાવીયા, લખન ફળદુ, તમન્ના ઝાલોડીયા, જાનકી પટેલ, વિરલ માકડીયા, અંકિતા માણાવદરીયા રાધા ઉકાણી, ક્રિષ્ના રાણીપા ઉપસ્થિત રહયા હતા.

### મહોત્સવની સાથે સાથે

કડકડતી ઠંડીમાં ૧૫ સ્થળે ગરમા ગરમ ચાની વ્યવસ્થા. ઠેર ઠેર મીનર, વોટરની વ્યવસ્થા, ૮૦૦૦ સ્વયંસેવકોની ફોજ પાર્કિંગ, ટ્રાફિક સલામતી-બેઠક પ્રસાદ વિતરણ, સફાઈ, ભોજનાલય, બુટ ચંપલ, કૃષિ મેળો સહિતની કામગીરીમાં ખડે પગે ઉભા રહયા. રોશનીના ઝગમગાટથી માં ઉમીયા માતાજી મંદિર પટાગણ ઝગમગી ઉઠયુ. ખેડૂતોને અતિ ઉપયોગી એવા કૃષિમેળામાં ગામે ગામથી ઉમટી પડેલા ખેડૂતપુત્રોની લાંબી કતારો લાગી. પંચકુંડી મહાયજ્ઞ શાસ્ત્રોકત વિધિથી ગુંજી ઉઠયું.

સિદસર ખાતે માં ઉમિયાના મંદિર સામે વેણું નદીના કાંઠે આવેલ યજ્ઞશાળામાં જૂનાગઢના ધારાસભ્ય અને ઉમિયા ધામના ટ્રસ્ટી સંજયભાઈ કોરડીયા, પ્રાંસલાના સ્વામી ધર્મ બંધુજી, ઉમીયાધામના ચીમનભાઈ સાપરીયા, જયેશભાઈ પટેલ સહીતના અગ્રણીઓએ અરણી મંથના દ્વારા અગ્નિ પ્રજવલીત કરી યજ્ઞનો પ્રારંભ કર્યો હતો. આ યજ્ઞશળાનું સંપૂર્ણ શાસ્ત્રોકત વિધિથી નિમાર્ણ કરાયું છે. આ યજ્ઞશાળા ઋષિમુનીની યજ્ઞશાળાની માફક માત્ર લાકડું અને ઘાસનો ઉપયોગ કરવામાં આવ્યો છે. કુલ ૨૫ કુંડી યજ્ઞોમાં વેદપાઠી બ્રાહમણો દ્વારા શાસ્ત્રોકત વિધીથી મંત્રોચાર સાથે હોમ હવન કરવામાં આવી રહયો છે. સવાર અને સાંજ એમ બે ટાઈમ આ મહાયજ્ઞમાં ૨૫-૨૫ યજમાનો ભકિતભાવ પૂર્વક આહુતિ આપશે.

# ટેક એક્સ્પો ગુજરાત ૨૦૨૪માં ટેકનોલોજી અને નવીનતાની ઉજવણી




(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૬

ગુજરાતના અગ્રણી ટેક એક્ઝિબિશન એવા ટેક એક્સ્પો ગુજરાત ૨૦૨૪માં ઉદ્યોગસાહસિકો, અગ્રણી લિડર્સ, સ્ટાર્ટઅપ્સ, રોકાણકારો અને પોલીસીમેકર્સ સહિત ૭,૫૦૦થી વધુ મુલાકાતીઓએ હાજરી આપી હતી, અને નવીનતા, ઉદ્યોગની આંતરદષ્ટિ અને ગુજરાતમાં ટેકનોલોજીકલની ઉજવણી માટે મહત્વકાંક્ષા કેન્દ્રબિંદુ બની ગયા હતા.૨૦ અને ૨૧ ડિસેમ્બરના રોજ સાયન્સ સિટીમાં વિજ્ઞાન ભવનમાં આયોજિત આ એક્સ્પોમાં જાણીતા ઉદ્યોગસાહસિકો અને નિષ્ણાતો દ્વારા મહત્વપૂર્ણ સેશન્સ રજૂ કરવામાં આવ્યા હતા. જાણીતા હીરા વેપારી સવજી ધોળકિયાએ ટેક્નોલોજી કેવી રીતે ઉદ્યોગોને પુનઃ આકાર આપે છે તે બાબત પર પોતાના વિચારો પાર્ટીસિપેટ્સ સમક્ષ રજૂ કર્યા હતા. ડો.જ્ઞાનવત્સલ સ્વામી, તેમની પ્રગાઢ વિદ્વતા માટે જાણીતા છે, જેમણે વિશ્વભરના વ્યવસાયો પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સી અને તેના ભાવિ પ્રભાવ અંગે વાત કરી હતી.

GTPLના ડાયરેક્ટર કનકસિંહ રાણા અને વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના આર.પી. પટેલે પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી. ટેક એક્સ્પો ટીમનું પ્રતિનિધિત્વ કરતા તરલ શાહે અમદાવાદને ભારતના સૌથી મોટા IT હબમાં પરિવર્તિત કરવાનું વિઝન રજૂ કર્યુ હતું.સેશન્સમાં AI-ડ્રાઈવેન ઓટોમેશન અને ટેક-ડોમિનેટેડ યુગમાં કામના ભાવિ સહિતના મહત્વના વિષયો ઉપર જ્ઞાનનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું. ચર્ચામાં વાસ્તવિક સમયના વ્યવસાયિક પડકારો અને સમાધાનો સંબોધિત કરવામાં આવ્યા હતા. કીનોટ્સ ઉપરાંત, ઈન્ટરેક્ટિવ કવેશ્ચન-આન્સર સેશન્સ દ્વારા પાર્ટીસિપેટ્સ વિષયોને વધારે ઊંડાણપૂર્વક સમજી શક્યા હતા. આ ઈવેન્ટે ટેક સમુદાય અને સરકાર વચ્ચેના મજબૂત સહયોગને પણ દર્શાવ્યો હતો. આ ભાગીદારીએ દર્શાવે છે કે કેવી રીતે ગુજરાત નવીનતા સાથે નીતિઓને સંકલિત કરવામાં અગ્રેસર છે અને ટેક-આધારિત વૃદ્ધિ માટે ઈકોસિસ્ટમ બનાવવાની રાજયની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.ટેક એક્સ્પો ગુજરાત ૨૦૨૪માં પ્રદર્શકોએ સ્માર્ટ સિટી ફ્રેમવર્ક અને છૈં-સંચાલિત ટૂલ્સથી લઈને ગ્રીન એનર્જી ઈનોવેશન્સ અને એડવાન્સ્ડ IT સર્વિસ સહિતના ક્રાંતિકારી સોલ્યુશન્સનું પ્રદર્શન કર્યું હતું. ભાવિ તકનીકોનું પ્રદર્શન અને રોજિંદા જીવનમાં તેમની સંભવિત એપ્લિકેશનો એક્સ્પોમાં ખાસ આકર્ષણ હતું. ટેક એક્સ્પો ગુજરાત ૨૦૨૪ એ વિચારો, મહત્વાકાંક્ષાઓ અને ગ્રાઉન્ડ બ્રેકિંગ સોલ્યુશન્સનું સંકલન હતું. અત્યાધુનિક ટેક્નોલોજીના ઈન્ટરેક્ટિવ શોકેસથી લઈને વિચાર પ્રેરક ચર્ચાઓ સુધી, એક્સ્પોએ એક નવો બેન્ચમાર્ક સેટ કર્યો છે કે કેવી રીતે ટેકનોલોજી ઉદ્યોગોને પ્રેરણા આપી શકે છે, કનેક્ટ કરી શકે છે અને આગળ વધારી શકે છે. આવતા વર્ષે વધુ ઉત્સાહ અને નવીનતા સાથે પરત આવવાના વચન સાથે, 'ટેક એક્સ્પો ગુજરાત' ટેક્નોલોજી લેન્ડસ્કેપમાં પ્રગતિના પ્રતીક તરીકે તેની પ્રતિષ્ઠાને મજબૂત કરવાનું ચાલુ રાખશે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# વ્યકિતગત સુખાકારી અને માનસિક સ્વાસ્થ્ય માટે એક સાર્વત્રિક સાધન : ધ્યાન

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ૭ ડિસેમ્બર ૨૦૨૪ના દિવસે, ૨૧ ડિસેમ્બરને વિશ્વ ધ્યાન દિવસ તરીકે જાહેર કર્યો છે, જે ભારત સહિત અનેક દેશોના સહપ્રયત્નોથી શક્ય બન્યું છે. એક ભારતીય તરીકે આપણે એ જાણવું જરૂરી બને કે ૨૧ ડિસેમ્બરને વિશ્વ ધ્યાન દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય માત્ર ધ્યાનના ફાયદાઓને માન્યતા આપવાનો નથી, પરંતુ ભારતની સમૃદ્ધ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પરંપરાઓને વૈશ્વિક સ્તરે ઉજાગર કરવાનો પ્રયાસ પણ છે.

મેડીટેશન/ધ્યાન એ શાસ્ત્રમાંથી આવેલ છે. સંસ્કૃત શબ્દ 'ધ્યાન' ચીનમાં જઈ 'ચાન' બન્યો અને એ જાપાન ગયો તો 'ઝેન' બન્યો. આપણા ભટકતા-વિચારોના વંટોળોને સ્થિર કરીને મનને એકાગ્ર કરવું તે ધ્યાન કે યોગ છે. ધ્યાનની ચોકકસ બૌદ્ધિક વ્યાખ્યા કરવાનું મુશ્કેલ છે. ધ્યાન એટલે કુદરત સાથે સંવાદિતતા સાધવી; ધ્યાન એટલે પરમ શાંતિ; ધ્યાન એટલે મનના વિક્ષેપો, વિચારો કે વિકારોને મનની આંતરિક શાંતિની અનુભૂતિના રસ્તામાં ન આવવા દેવાની પ્રક્રિયા. આમ, ધ્યાનને અનેક રીતે વર્ણવી શકાય છે.

જયારે બાહ્ય અને આભ્યંતર વિચારોને રોકવા તે ''ચિતવૃદ્ધિ નિરોધ'' છે. મન-બુદ્ધિને અહંકાર સહિતના અંતઃકરણને એકાગ્ર કરવા તે જ ધ્યાન યોગ છે. ધ્યાન અને એકાગ્રતા પણ બે જુદા શબ્દ છે. ધ્યાન એ એકાગ્રતાનું એક સ્વરૂપ છે. એકાગ્રતા એ તમામ જ્ઞાનનો સ્રોત છે. જયારે એકાગ્રતા પૂર્ણરૂપે પ્રગટે ત્યારે આપણે ઘણો લાભ લઈ શકીએ. જેમ કે સૂર્યનાં કિરણો કોઈ લેન્સમાંથી પસાર થાય તો એ કાગળ બાળી શકે કેમ કે એનાથી સૂર્યની તમામ ઊર્જા કાગળ પર કેન્દ્રિત થઈ હોય છે એથી એમ થાય છે. ધ્યાન સાથે આધ્યાત્મ જોડાયેલું છે. ધ્યાન દ્વારા જ આપણે સમાધિ અવસ્થા સુધી પહોંચીએ શકીએ છીએ.

આપણું મન એ આખા દિવસમાં કેટલીક વસ્તુઓ પર કેન્દ્રિત થયેલ હોય છે તો ક્યારેક એ ભટકી પણ જાય છે ત્યારે કોઈ બાબતે કેન્દ્રિત હોતું નથી. જયારે મન કોઈ એક બાબત પર એકાગ્ર કરવાનું શીખતા હોઈએ ત્યારે તેમ કરવું એ મોટો પડકાર બને છે. આપણને ધ્યાન કરવું મુશ્કેલ અને પડકારજનક લાગે છે કેમ કે એક જ જગ્યાએ બેસવું અને મનને સ્થિર રાખવું એ સહેલું નથી. ધ્યાન શીખવામાં અને આત્મવિશ્વાસ મેળવવામાં સમય લાગે છે, મહત્વની બાબત એ છે કે, દરરોજ પ્રેક્ટિસ કરવી, ભલેને માત્ર થોડી મિનિટો માટે હોય.

આપણે શા માટે હંમેશાં ધ્યાન કરવું જોઈએ? સીધો જવાબ એ છે કે જરૂર નથી, પણ જો ધ્યાન કરીએ તો ખબર પડે કે તે શા માટે કરવું જોઈએ? આપણા મનમાં ઘણો કચરો હોય છે, કેટલાય વણઉકલ્યા પ્રશ્નો, વણઉકલી શંકાઓ હોય છે અને જેમ એ વણઉકલ્યા છે એથી એમના જવાબો સ્પષ્ટ નથી. જયારે આ બધું મનના પાછલા હિસ્સામાં ધકેલીશું તો એ નીચે, મનના તળિયે બેસે છે, અને મન ઉપરના ભાગે ચોખ્ખુ થાય છે.

જે લોકો ધ્યાન કરતા નથી તેમની સાથે એવું જ થાય છે. મનના એક ખૂણે બધો કચરો ભેગો થયા કરે અને આપણે ત્યાં જોઈએ નહિ અને આયુષ્ય વહેતું જાય છે. ધ્યાન પણ મનનો કચરો સાફ કરવાની પ્રક્રિયા શરુ કરે છે. અને એની શરૂઆત કંઈ બહુ સારો અનુભવ કરાવે એવું નથી કેમ કે, તમે તમારા આયુષ્યના તમામ નકામા કચરા સાથે પનારો પાડો છો. જયારે ધ્યાન કરીએ ત્યારે. તમામ કચરો ઉપર આવે છે. ધ્યાનનું એક સરસ પાસું એ છે કે એક વાર તમે શરુ કર્યું તો મનનો કચરો કાઢી શકશો અને તે પછી જીવનમાં શાંતિ, સુખ, પ્રેમ અને તૃપ્તિનો અનુભવ થશે. દરરોજ થોડી મિનિટો માટે માર્ગદર્શિત ધ્યાન સાથે પ્રારંભ કરવાથી તમારી મનની શક્તિ વધે છે.

ધ્યાનની પદ્ધતિઓ-અનુકૂળ મુદ્રામાં બેસવું. જો તમને કોઈ ઈજા થઈ હોય તો ખુરશી કે તમારી પથારીમાં માથું, ડોક, અને સ્પાઈન સીધી લાઈનમાં રાખીને બેસો. આંખો બંધ કરો અને થોડી વાર તમારા સામાન્ય અને કુદરતી શ્વાસ પર એકાગ્ર થાવ. તમે કાં તો પછી ભગવાનનું નામ લઈને કે મંત્રજાપથી કે શ્વાસ પર કેન્દ્રિત કરીને મેડિટેશન કરી શકો છો. શરૂઆતમાં તમને ઘણા વિચાર આવશે. એવું થાય ત્યારે શ્વાસ પર ધ્યાન આપવાની કોશિશ કરવી. ધ્યાન પતે એટલે શવાસનમાં આરામ કરવો.

ધ્યાનના ફાયદાઓ- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ધ્યાનના નોંધપાત્ર ફાયદાઓને ઓળખે છે, ખાસ કરીને માઈન્ડફુલનેસ મેડિટેશન. તણાવ વ્યવસ્થાપન પર ડબ્લ્યુ. એચ. ઓની ચર્ચાઓ માનસિક અને શારીરિક સુખાકારીને માટે ધ્યાનના મહત્વ પર ભાર મૂકે છે. ડબ્લ્યુ. એચ. ઓ અનુસાર, ધ્યાન એ એકંદર સુખાકારીને વધારવા માટે, ખાસ કરીને ચિંતાના લક્ષણોનું સંચાલન કરવા માટે એક શક્તિશાળી સ્વ-સંભાળ સાધન બની શકે છે.

સ્વાસ્થ્ય માટે ઉપયોગીઃધ્યાન અને હૃદયના સ્વાસ્થ્ય વિશે વિવિધ અભ્યાસો શું કહે છે તેના પર એક નજર કરીએ. સિડની યુનિવર્સિટીના ૨૦૧૩ માં સંશોધકોએ શોધી કાઢયું હતું કે, તે માનસિક અને શારીરિક સ્વાસ્થ્યનું નોંધપાત્ર માર્કર છે. ધ્યાન કેવી રીતે કરવું તે શીખવામાં દસ સઘન દિવસો ગાળ્યા પછી, ધ્યાનથી હૃદયની પ્રતિભાવશક્તિમાં ધરખમ સુધારો થયો. ધબકારા ધીમા કરેઃ વર્ષ ૨૦૨૧ માં અમેરિકન જર્નલ ઓફ બાયોમેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ એ હૃદયના ધબકારા પર ધ્યાનની અસર પર એક અહેવાલ પ્રકાશિત કર્યો. તે દર્શાવે છે કે, સમય સાથે ધ્યાન હૃદયને ધબકારા ધીમી કરવામાં અને વધુ સુસંગત બનવામાં મદદ કરે છે. આ સૂચવે છે કે, ધ્યાન હૃદયના રોગોને રોકવામાં અસરકારક હોઈ શકે છે. બ્લડ પ્રેશરમાં ઘટાડોઃઈન્ટરનેશનલ જર્નલ ઓફ એક્સરસાઈઝ સાયન્સે ૨૦૧૭ માં તણાવગ્રસ્ત કૉલેજ વિદ્યાર્થીઓ પર ધ્યાનની અસર પર એક અભ્યાસ પ્રકાશિત કર્યો હતો. ૬ અઠવાડિયાના ધ્યાન કાર્યક્રમ દરમિયાન, બ્લડ પ્રેશર અને પલ્સમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. ટૂંકમાં શરીર માટે જેમ કસરત જરૂરી છે. તેમ મનના આરોગ્ય માટે ધ્યાન જરૂરી છે.

# વેરાવળ ખાતે આચાર્ય સંઘનું શૈક્ષણિક અને વહીવટી અધિવેશન યોજાયું

## ગુજરાત પ્રમુખ ભાનુપ્રસાદ પટેલ,જિલ્લા શિક્ષણ અધિકારી બોરીચા સહિત મહાનુભાવો રહ્યા ઉપસ્થિત : તજજ્ઞ વક્તા અને શિક્ષણવિંદ જે.એમ. માંગરોલિયાએ આપ્યું માર્ગદર્શન





(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ તા.૨૬

વેરાવળ ખાતે ગીર સોમનાથ જિલ્લા માધ્યમિક અને ઉ.માધ્યમિક શાળા આચાર્ય સંઘ તથા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે શૈક્ષણિક અને વહીવટી અધિવેશન યોજાયું હતું. જેમાં શૈક્ષણિક અને વહીવટી માર્ગદર્શન, નિવૃત્ત આચાર્યઓનું સન્માન સહિત ના કાર્યક્રમ યોજાયા હતા.

ગુ.રા. આચાર્ય સંઘના પ્રમુખ તેમજ ગુ.મા.અને ઉ.મા. શિક્ષણ બોર્ડ ગાંધીનગરના કારોબારી સભ્ય ભાનુપ્રસાદ એ. પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલ અધિવેશનમાં ગીર સોમનાથ જિ.શિ. અધિકારી એમ. પી. બોરીયા, તજજ્ઞ વકતા અને શિક્ષણવિંદ રક્ષાશક્તિ સ્કૂલ - ગાંધીનગરના જે.એમ. માંગરોલિયા, પૂર્વ બોર્ડ મેમ્બર સંચાલક મંડળના પ્રિયવદનભાઈ કોરાટ, રાજય ઉપાધ્યક્ષ હરદેવસિંહ જાડેજા, મહામંત્રી ભરતભાઈ ચૌધરી સહિતના રાજયભરમાંથી મહાનુભાવો તેમજ જિલ્લાભરના આચાર્યો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અધિવેશનમાં સંઘના જિલ્લા પ્રમુખ ભરત વાળાએ શબ્દોથી સ્વાગત સાથે આચાર્યોની સમસ્યા અંગે રાજય સંઘના હોદેદારોને માહિતગાર કર્યા હતા. અધિવેશનના પ્રથમ સત્રમાં સંઘના ગુજરાત પ્રદેશ પ્રમુખ ભાનુપ્રસાદ પટેલ દ્વારા ઉપસ્થિત આચાર્યોને સરકારી ગ્રાન્ટેડ શાળાઓને સરકાર તરફથી મળતી વિવિધ યોજનાકીય સુવિધાઓ વિશે માહિતગાર કર્યા હતા તેમજ આચાર્ય કક્ષાએથી સરકાર કક્ષાના વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે સમયાંતરે સરકાર સાથે બેઠકો યોજી આચાર્યોના પડતર પ્રશ્નોની ઉકેલ માટે હાથ ધરવામાં આવતી કામગીરીથી આચાર્યો અને વાકેફ કર્યા હતા, આ તકે શિક્ષકોની વર્ષો જૂની જૂની પેન્શન યોજના ની જે માંગ હતી એ માંગને અંતે સરકારે સ્વીકારી હોય જે મુદ્દે પણ સરકારનો આભાર વ્યકત કર્યો હતો. વહીવટી સત્રમાં રક્ષા શક્તિ સ્કૂલ ગાંધીનગરના શિક્ષણવિદ અને વહીવટી ક્ષેત્રના નિષ્ણાંત જે એમ માંગરોળિયા દ્વારા આચાર્યને આ વિષય ઉપર વિસ્તૃત છણાવટ સાથેનું માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. શૈક્ષણિક અને વહીવટી અધિવેશનમાં શૈક્ષણિક સત્રમાં કેન્દ્ર સરકારની નવી શિક્ષણ નીતિ એના સુચારૂ અમલ માટે કયા કયા મુદ્દાઓ અસરકર્તા છે તે મુદ્દે વિસ્તૃત ચર્ચાઓ અને માહિતીની આપ લે કરવામાં આવી હતી. જયારે વહીવટી સત્રમાં સરકાર દ્વારા સમયાંતરે જાહેર કરાતા પરિપત્રો અને નીતિ નિયમોની સુચારૂ અમલવારી શાળા કક્ષાથી લઈ જિલ્લા શિક્ષણ અધિકારી અને સરકારના શિક્ષણ વિભાગ સુધીની કડીરૂપ તમામ કચેરીઓમાં સરકારના નીતિ નિયમો અને પરિપત્રોની ચોકસાઈ પૂર્વક અમલવારી થાય તે મુદ્દે વહીવટી કામગીરીની સમીક્ષા અને તે મુદ્દે વિસ્તૃત ચર્ચા સાથે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અધિવેશનમાં ઉપસ્થિત મહાનુભાવોનું જિલ્લા સંઘના પ્રમુખ, મહામંત્રી સહિત કારોબારી સભ્યો દ્વારા પુષ્પગુચ્છ અને સાલ ઓઢાડી મોમેન્ટો આપી અભિવાદન કરાયું હતું. સમગ્ર અધિવેશનને સફળ બનાવવા જિલ્લા સંઘના પ્રમુખ ભરત વાળા તેમજ મંત્રી સી.એલ. વાજા સહિત કારોબારી સભ્યોની ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# ખંભાળિયામાં જિલ્લાની "દિશા"ની બેઠક સંસદના અધ્યક્ષ સ્થાને યોજાઈ

## સંસદ પૂનમબેન માડમ દ્વારા વિવિધ મુદ્દે ચર્ચાઓ કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૬

ખંભાળિયામાં જિલ્લા સેવા સદન ખાતે સાંસદ પૂનમબેન માડમની અધ્યક્ષતામાં ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડીનેશન એન્ડ મોનીટરીંગ કમિટી (દિશા)ની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સંલગ્ન તમામ વિભાગના અધિકારીઓ સાથે સાંસદએ કેન્દ્ર સરકાર દ્વારા અમલમા મુકવામા આવેલ વિવિધ યોજનાઓની સમીક્ષા કરી હતી તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લાના તમામ વિભાગોની કામગીરી અને સરકારની યોજનાઓ અને તેમના અમલીકરણની માહિતી મેળવી અધિકારીઓને માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. સાંસદ પૂનમબેને મહાત્મા ગાંધી નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરંટી એક્ટ(MGNREGA), દિન દયાલ અંત્યોદય યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ), પ્રધાન મંત્રી કૃષિ સિંચાઈ યોજના ઈન્ટીગ્રેટેડ વોટરશેડ મેનેજમેન્ટ પ્રોગ્રામ, પ્રધાન મંત્રી ગ્રામ સડક યોજના, નેશનલ સોશ્યલ આસિસ્ટન્ટ પ્રોગ્રામ, મીડ ડે મિલ સ્કીમ, નેશનલ હેરીટેજ સીટી ડેવલોપમેન્ટ એન્ડ ઓગમેન્ટેશન યોજના, અટલ મિશન ફોર રીજુવીનેસન એન્ડ-અર્બન ટ્રાન્સફોર્મેશન, નેશનલ રૂરલ ડ્રીંકિંગ વોટર પ્રોગ્રામ, ડીજીટલ ઈન્ડીયા લેન્ડ રેકોર્ડસ મોર્ડનાઈઝેશન પ્રોગ્રામ, દિન દયાલ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના, સંકલિત ઉર્જા વિકાસ યોજના, નેશનલ હેલ્થ મિશન, સર્વ શિક્ષા અભિયાન, બેટી બચાવો-બેટી પઢાવો, ઈન્ટીગ્રેટેડ ચાઈલ્ડ ડેવલોપમેન્ટ સ્કીમ, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના એલ.પી.જી.કનેકશન ટુ બી.પી.એલ. ફેમિલીઝ, રાષ્ટ્રીય ખાદ્યાન્ન સુરક્ષા અધિનિયમનો અમલ, પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના, ડિઝીટલ ઈન્ડીયા - પબ્લિક ઈન્ટરનેટ એકસેશ પ્રોગ્રામ -પ્રોવાઈડીંગ કોમન સર્વિસ સેન્ટર વન ઈચ ગ્રામ પંચાયત, ઈન્ફ્રાસ્ટ્રક્ચર રીલેટેડ પ્રોગ્રામ લાઈક ટેલીકોમ, રેલવેસ, હાઈવેસ, વોટરવેસ, માઈન્સ વિગેરે (રાજકોટ રેલ્વે, ભાવનગર રેલ્વે, બી.એસ.એન.એલ.નેશનલ હાઈવે), પ્રધાનમંત્રી ખનીજ ક્ષેત્ર કલ્યાણ યોજના, રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના, પરંપરાગત કૃષિ વિકાસ યોજના, ઈ-રાષ્ટ્રીય કૃષિ બજારો, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના, પ્રધાનમંત્રી રોજગારી સર્જન કાર્યક્રમ, આરોગ્યક્ષેત્રે થયેલ કામો, સમાજ કલ્યાણ વિભાગની યોજનાઓ, વીજળી, વાસ્મો, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સહિતની યોજનાઓમાં હાલ કેટલા કામો પૂર્ણ થયા છે, હાલ કેટલા કામ પ્રગતિ હેઠળના તેમજ આયોજન કરેલ કામોની સમીક્ષા કરી જરૂરી સૂચન તેમજ માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. આ બેઠકમાં લેવાયેલા નિર્ણયોની ચુસ્ત અમલવારી થાય તેમજ સમયાંતરે અધિકારીઓ દ્વારા પડતર પ્રશ્નોનું ફોલો-અપ લેવાય તે માટે સાંસદે સૂચન કર્યુ હતું. આ બેઠકમાં સાંસદ પૂનમબેનએ જિલ્લાના વિકાસ માટેના પ્રશ્નો વિશે આ બેઠકમાં ફળદાયી ચર્ચા-વિમર્શ કરી તાલુકા-જિલ્લા સ્તરે સંકલન સાધીને ત્વરિત નિરાકરણ લાવીને જિલ્લાને વિકાસના પથ પર અગ્રેસર રહેવા આપણે સૌએ સહિયારા પ્રયાસો કરવા જોઈએ. જેના પરિણામે નાગરિકોના પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ આવે તેમજ જન સુખાકારી અને જિલ્લાનો સર્વાંગી વિકાસ શક્ય બને. કેન્દ્ર તથા રાજય સરકારની તમામ જનહિતલક્ષી યોજનાઓનો લાભ છેવાડાના લાભાર્થીઓ સુધી પહોચાડવા સંસદ પૂનમબેનએ સંલગ્ન અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા. બેઠકમાં તેમણે ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ, જિલ્લામાં શિક્ષકોની ઘટ અંગે, પાણી પુરવઠો નિયમિત કરવા, ટ્રેનના સ્ટોપેજ અંગેની લોકોની રજૂઆતો, વીજ કનેકશન આપવા, રોડ-રસ્તાઓ, અંતરિયાળ વિસ્તારોમાં નેટવર્ક આપવા અંગે વિવિધ મુદાઓ પર વિસ્તૃત ચર્ચા કરી, લોક માંગણીઓને ગંભીરતા પૂર્વક ધ્યાનમાં લઈ પડતર પ્રશ્નોનું કાયમી નિરાકરણ લાવવા જરૂરી સૂચના આપી હતી. આ બેઠકમાં કલેકટર જી.ટી. પંડયા, જિલ્લા વિકાસ અધિકારી એ.બી. પાંડોર, નિવાસી અધિક કલેકટર ભૂપેશ જોટાણીયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક હેતલ જોશી, જિલ્લા પંચાયતના ચેરમેન તથા સદસ્યો, જુદા જુદા તાલુકાના તાલુકા પંચાયતના પ્રમુખો, આગેવાનો તથા ડિસ્ટ્રિક્ટ ડેવલોપમેન્ટ કો-ઓર્ડીનેશન અને મોનીટરીંગ કમિટીના સભ્યો તેમજ પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દેવભૂમિ દ્વારકામાં ૪૪મી મહાજન સ્મારક સમુદ્ર હોડી સ્પર્ધાનું આયોજન

## ભાગ લેવા ઈચ્છુક સાહસિકો તા.૬ જાન્યુઆરી સુધી અરજી કરી શકશે



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૬

ગુજરાત સરકારના કમીશ્નર, યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગર દ્વારા આયોજીત હરીઓમ આશ્રમ, નડીયાદ પ્રેરિત અને જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, દેવભૂમિ દ્વારકા દ્વારા સંચાલિત ૪૪મી મહાજન સ્મારક સમુદ્ર હોડી સ્પર્ધા દામજી જેટીથી બેટ દ્વારકા ફરતે રાઉન્ડનું આયોજન કરવામાં આવશે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા તમામ સાહસિકોએ જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ફર્સ્ટ ફલોર, જિલ્લા સેવા સદન, લાલપુર બાયપાસ રોડ, ખંભાળીયા ખાતેથી અરજી ફોર્મ મેળવી તા.૬-૧-૨૦૨૫ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂ અથવા ટપાલથી મોકલી આપવાની રહેશે.

# શ્રી સ્વામિનારાયણ બી.એડ કોલેજ(છાત્રાલય)ની બહેનો માટે સેનેટરી ડીસ્ચાર્જ મશીનની એસ.બી.આઈ. બેંક દ્વારા ભેટ



(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૬

આ અંગે માહિતી આપતા સંસ્થાના વ્યવસ્થાપક નરેશભાઈ એન. ગુંદરણીયા એ જણાવેલ કે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા અમારી સંસ્થાની છાત્રાલયમાં બી .એડ કોલેજની તાલીમાર્થી બહેનો કે જેમની કુલ સંખ્યા ૧૫૦ આસપાસ છે. જે બહેનો માટે અમારી સંસ્થાને એસ. બી.આઈ. બેંક દ્વારા સેનેટરી પેડ ડીસ્ચાર્જ મશીન આપવામાં આવેલ છે. જે વિદ્યાર્થી બહેનોને ખૂબજ ફાયદાકારક રહેશે. તેમજ આ તકે એસ.બી.આઈ. બેંક તરફથી જીગરભાઈ લાડવા(રિજીયન ઓફિસર) તથા પ્રતિકભાઈ પંડ્યા (બ્રાન્ચ મેનેજર પ્રભાસ પાટણ) હાજર રહ્યા હતો જેમનો પણ સંસ્થાના વ્યવસ્થાપક નરેશભાઈએ આભાર માન્યો હતો.

# ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલના સૌથી યુવા અધ્યક્ષ જયભાઈ શાહ શ્રી કષ્ટભંજન હનુમાન દાદાના દર્શને તથા સંતોના આશીર્વાદ મેળવ્યા




(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૨૬

ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલના સૌથી યુવા અધ્યક્ષ જયભાઈ શાહ આજે તા.૨૪-૧૨-૨૦૨૪ને મંગળવારે સાળંગપુરધામ હનુમાનજી મંદિરે દર્શનાર્થે આવ્યા ભાવથી શ્રી હનુમાનજી મહારાજના દર્શન કરી ધન્યતા અનુભવી તથા શ્રી હનુમાનજી મહારાજની મહાપ્રતાપી ગદાની પ્રસાદીની નાડાછડી બંધાવી ગુરૂદેવ શ્રી ગોપાળાનંદજી સ્વામીજીની પ્રસાદીની લાકડી(ઈષ્ટીકા)ની નાડાછડી બંધાવી આશિષ લીધા તથા પૂજનીય શ્રી નૌતમસ્વામીજીના તથા પૂ.બાપુસ્વામીજી તથા કોઠારીશ્રી પૂ. વિવેકસ્વામીજી અને પૂજય શા. હરિપ્રકાશદાસજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા - સાથે હિતેશભાઈ બારોટ તથા હરિભક્ત શ્રી ઈશ્વરભાઈ ધોળકીયા ઉપસ્થિત રહ્યા હતા.

# માણાવદર બાર એસો.ના પ્રમુખ તરીકે ગોપાલ ઝાલાવાડીયાની વરણી, ઉપપ્રમુખ રસીક નાદપરા તથા અનીલ ગાથા, સેક્રેટરી મયુર દવે બીન હરીફ વિજેતા





(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા.૨૬

બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના આદેશથી તા.૨૦-૧૨-૨૦૨૪ના રોજ ગુજરાત રાજયભરના તમામ બાર એસોશીયેશનની ચુંટણી યોજાઈ હતી. જેમાં તા.૨૦-૧૨-૨૦૨૪ના રોજ માણાવદર બાર એસોસીયેશનની પણ ચુંટણી હોય, જે સંદર્ભે ચુંટણી અધિકારી શૈલેષ જે. જોષીની અધ્યક્ષતામાં સને-૨૦૨૫ તથા સને-૨૦૨૬ના બે વર્ષની ઉમેદવારી માટે ચુંટણી યોજાઈ હતી. તેમાં અન્ય હરીફ ઉમેદવારો ફોર્મ નહી ભરતા પ્રમુખ તથા ઉપપ્રમુખ તથા સક્રેટરી તથા જોઈન્ટ સેક્રેટરી તથા લાયબ્રેરી સેક્રેટરી તરીકે સને-૨૦૨૫ તથા સને-૨૦૨૬ના બે વર્ષ માટે પ્રમુખ તરીકે ગોપાલ ઝાલાવાડીયા તથા ઉપપ્રમુખ તરીકે રસીક નાદપરા તથા અનીલ ગાથા તથા સેક્રેટરી તરીકે મયુર એસ. દવે તથા જોઈન્ટ સેક્રેટરી તરીકે નિમીષ બી. રાવલ તથા લાયબ્રેરી સેક્રેટરી તરીકે મયુર આર. શીંગાળા બીન હરીફ વિજેતા જાહેર કરવામાં આવે છે. જેથી હવેથી માણાવદર બાર એસોશીયેશનના પ્રમુખ તરીકે ગોપાલ ઝાલાવાડીયા તથા ઉપપ્રમુખ તરીકે રસીક નાદપરા તથા અનીલ ગાથા તથા સેક્રેટરી તરીકે મયુર એસ. દવે તથા જોઈન્ટ સેક્રેટરી તરીકે નિમીષ બી. રાવલ તથા લાયબ્રેરી સેક્રેટરી તરીકે મયુર આર. શીંગાળા ફરજ બજાવશે.

# આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

પોતાની નીંદા સહન કરનાર વ્યક્તિએ સમગ્ર વિશ્વ પર વિજય મેળવ્યો છે. - મહાભારત

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.અમરદાદ-૧૩૯૪, મુ. જમાદુલ આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, માગસર વદ-૧૧ સફલા એકાદશી તા.૨૬ ડિસેમ્બર ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૧૪, મુસ્લિમ તા.૨૪, સ્વાતિ નક્ષત્ર, સુકર્મા યોગ, બવ કરણ, સૂ.ઉ.૭ઃ૩૨, સૂ.અ.૬ઃ૧૩

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષઃ પ્રિયજનથી સહકાર મળે. વ્યર્થ કંટાળાનું ભોગ બનવું પડે.
વૃષભઃકાર્ય વિલંબથી પૂર્ણ થાય. આવક કરતા જાવક વિશેષ રહે.
મિથુનઃમનની મનમાં રહે. વ્યર્થ પુરૂષાર્થ થાય.
કર્કઃ આર્થિક સમસ્યા હળવી બને. સંતાનથી લાભ.
સિંહઃ અટકી પડેલા કાર્ય પૂર્ણ થાય. મન પ્રફુલિત રહે.
કન્યાઃ માનસિક અસ્વસ્થતા રહે. ગૃહવિવાદ થાય.
તુલાઃ સમસ્યાનો ઉકેલ મળે. મનોકામના પૂર્ણ થાય.
વૃશ્ચિકઃવ્યર્થ ભાગદોડ થાય. કાર્ય વિલંબમાં પડે.
ધનઃ મિલન-મુલાકાત સફળ બને. મન પ્રફુલિત રહે.
મકરઃ કૌટુંબિક ઘર્ષણનો યોગ છે. તબિયત બાબતે સંભાળવું.
કુંભઃ ચિંતાનો ઉકેલ મળે. બુધ્ધિ અને ચતુરાઈથી પાર પાડી શકશો.
મીનઃ મનની મુરાદ બર ન આવે. પ્રવાસથી લાભ થાય.

### સરકારી કચેરીઓને પેપરલેસ બનાવવા તરફ મહત્ત્વપૂર્ણ કદમ "ઈ-સરકાર"

# ઈ-સરકારમાં ૨૦૨૧થી ૨૦૨૪ સુધી ૧ કરોડથી વધુ ઈ-ટપાલ તથા ૩૧ લાખ ઈ-ફાઈલ ક્રિએટ

## ઈ-સરકાર થકી 'સ્કોચ ઓર્ડર ઓફ મેરિટ'-'૧૫માં ડિજિ.ટ્રાન્સફોર્મેશન કોન્કલેવ' એવોર્ડ એનાયત




ગાંધીનગર, તા.૨૬

ડિજિટલ યુગમાં સરકારી કચેરીઓને પેપરલેસ બનાવીને કાર્યક્ષમતામાં વધારો કરવા ગુજરાત સરકારે આગવી પહેલ "ઈ- સરકાર" અમલ બનાવી છે. રાજ્યની તમામ સરકારી કચેરીઓ અને વિભાગોમાં સફળતાપૂર્વક સંચાલિત ઈ-સરકાર પ્રોજેક્ટમાં વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૪ સુધી ક્રિએટેડ ઈ-ટપાલ્સની અંદાજિત કુલ સંખ્યા ૧ કરોડથી વધારે નોંધાઈ છે. આ ઉપરાંત અંદાજે ૩૧ લાખથી વધુ ઈ-ફાઈલ ક્રિએટ કરવામાં આવી છે. વધુમાં આ કામગીરીને સુવ્યવસ્થિત બનાવવા ૧.૨૦ લાખથી વધુ વપરાશકર્તાઓની નોંધણી કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ચાલુ માસ દરમ્યાન "સુશાસન સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવી રહી છે, જે અંતર્ગત રાજ્યમાં કાર્યરત ઈ-સરકાર પ્લેટફોર્મ સુશાસનનું એક ઉત્તમ ઉદાહરણ છે. ઈ-સરકાર પ્લેટફોર્મમાં સમગ્ર રાજ્યના તમામ ૨૬ સરકારી વિભાગો, ખાતાની વડી કચેરીઓ, કલેક્ટર કચેરીઓ, જિલ્લા વિકાસ અધિકારીની કચેરીઓ, મ્યુનિસિપલ કચેરીઓ તથા જિલ્લા અને તાલુકા સ્તરે વહીવટી કચેરીઓનો સમાવેશ થાય છે. ઈ-સરકારનો મુખ્ય હેતુ પરંપરાગત મેન્યુઅલ પ્રક્રિયાઓને સંપૂર્ણપણે સંકલિત ઈલેક્ટ્રોનિક ફાઈલ બનાવી અને તેના રેકર્ડ મેનેજમેન્ટ સિસ્ટમ થકીસરકારી કચેરીઓની કામગીરીને વધુ આધુનિક બનાવવાનો છે. ઈ-સરકારના મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટના વ્યાપક ડિજિટલ ટ્રાન્સફોર્મેશન થકી સરકારના વહીવટની કાર્યક્ષમતા, પારદર્શિતા અને પ્રતિભાવને વધારવાનો છે. રાજ્ય સરકારની ઈ-સરકાર પહેલને વર્ષ ૨૦૨૨માં પ્રતિષ્ઠિત "સ્કોચ ઓર્ડર ઓફ મેરિટ" અને વર્ષ ૨૦૨૪માં "૧૫માં ડિજિટલ ટ્રાન્સફોર્મેશન કોક્લેવ" એવોર્ડથી સન્માનિત કરવામાં આવી હતી. હાલમાં, સરકાર દ્વારા સંચાલિત ઈ-સરકારમાં વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. જેમ કે ડાયરેક્ટ આર.ટી.આઈ. સબમિશન હેઠળ નાગરિકો કોઈપણ ઓફિસમાં આર.ટી.આઈ. એપ્લિકેશન સીધી સબમિટ કરી શકે છે. મેટાડેટા અને ટ્રાન્ઝેકશનલ પ્રક્રિયા દ્વારા ઝડપી અને વધુ સચોટ દસ્તાવેજની પુર્નઃ પ્રાપ્તિ થઈ શકે છે. આ ઉપરાંત ઈ-સરકારમાં વેલીડેશન અને રિપોર્ટ્સ, **CMO** એક્ઝિક્યુટિવ ડેશબોર્ડ સાથે એકીકરણ, સિલેકટ ઓર્ડર ફાઈલ જેવી સુવિધાઓ પણ આપવામાં આવી છે. આ પ્રોજેક્ટના માધ્યમથી રાજ્ય સરકાર દ્વારા "પેપરલેસ ગવર્નન્સ" પ્રણાલી અમલમાં લાવવામાં આવી છે.

# વિનોદ કાંબલીની ફરી તબિયત બગડી થાણેની હોસ્પિટલમાં દાખલ, હાલત ગંભીર



મુંબઈ, તા.૨૬

પૂર્વ ભારતીય ક્રિકેટર વિનોદ કાંબલીની તબિયત એકવાર ફરી બગડી છે. તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા છે. હોસ્પિટલનો એક વીડિયો પણ સામે આવ્યો છે. જે ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. પર વર્ષીય કાંબલીની હાલત હાલ સ્થિર છે. પણ તે પૂરી રીતે ખતરાથી બહાર નથી. કાંબલી દારૂ સંબંધિત બીજી અન્ય હેલ્થ સમસ્યાઓ સામે ઝઝૂમી રહ્યો છે. તે આર્થિક તંગીનો પણ સામનો કરી રહ્યા છે. કાંબલી હાલમાં જ કોચ રમાકાંત આચરેકરની યાદમાં આયોજિત એક કાર્યક્રમ દરમ્યાન જોવા મળ્યા હતા. જ્યાં તે ઘણા નબળા દેખાઈ રહ્યા હતા. તેમના કાર્યક્રમમાં પોતાના બાળપણના મિત્ર સચિન તેન્ડુલકર સાથેની મુલાકાત પણ ચર્ચામાં રહી. રિપોર્ટ અનુસાર કાંબલીની તબિયત ફરીથી બગડી ગઈ છે. જેના કારણે તેમનો આકૃતિ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. તેમની હાલત સ્થિર છે પણ ગંભીર છે. કાંબલીની ખરાબ હાલત બાદ અનેક પૂર્વ ક્રિકેટરો તેમની મદદ માટે આગળ આવ્યા છે. વિશ્વકપ વિજેતા કપ્તાન કપિલ દેવે કાંબલીની સ્થિતિ પર દુઃખ વ્યક્ત કરતા કહ્યું હતું કે તેને બહારની સહાયતાની સાથે સાથે સ્વયં સહાયતાની મદદની પણ જરૂર છે. કાંબલીનો છેલ્લા કેટલાક વર્ષોમાં અનેક હેલ્થ પડકારોનો સામનો કરવો પડ્યો છે. તેમને ૨૦૧૨માં એન્જિયોપ્લાસ્ટી કરાવવી પડી હતી ત્યારબાદ ૨૦૧૩માં તેમને હાર્ટ એટેક આવ્યો હતો. દારૂની ટેવના કારણે તેમને અમુક સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે.

### ૬૦૦૦ રૂપિયાના BZ કૌભાંડ મામલે CIDની તપાસ તેજ

# રોકાણકારોને છેતરનાર આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાની આગોતરા જામીન અરજી ગુજરાત હાઈકોર્ટે ફગાવી




અમદાવાદ, તા.૨૬

ગુજરાતના ૬૦૦૦ કરોડ રૂપિયાના **BZ** કૌભાંડના ભાગેડુ આરોપી ભુપેન્દ્રસિંહ ઝાલાએ ધરપકડથી બચવા માટે હવે ગુજરાત હાઈકોર્ટના દ્વારા ખખડાવ્યા છે. કરોડો રૂપિયાના પોન્ઝી સ્કીમ કૌભાંડમાં કેટલાક ક્રિકેટરોથી લઈને શાળાના શિક્ષકો સુધીના રોકાણકારોને છેતરવાના આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાની આગોતરા જામીન અરજી ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી છે. જસ્ટિસ એમઆર મેંગડેની સિંગલ બેન્ચે કહ્યું કે તેઓ ઝાલાની અરજીને મંજૂરી આપવા માટે તૈયાર નથી અને બંને પક્ષોને સાંભળ્યા પછી તેને ફગાવી દીધી. ફરિયાદ પક્ષે જણાવ્યું હતું કે ઝાલાને અલગ-અલગ ખાતાઓમાં રૂ.૩૬૦ કરોડ મળ્યા હતા જે તેમણે પાછા ખેંચી લીધા હતા. જ્યારે તેમને ફ્રીઝ કરવામાં આવ્યા ત્યારે તેમના ખાતામાં માત્ર ૧ કરોડ રૂપિયા હતા. ઝાલાને કોઈ રાહત આપવાનો વિરોધ કરતાં, ફરિયાદ પક્ષે જણાવ્યું હતું કે કથિત કૌભાંડની તપાસ કરવા માટે સંપૂર્ણ તપાસ જરૂરી છે. નવેમ્બરમાં કથિત કૌભાંડનો પર્દાફાશ થયો હતો જ્યારે **CID**ને ઝાલાના બેંક ખાતાઓમાં શંકાસ્પદ વ્યવહારો મળ્યા હતા, જેમણે કથિત રીતે થાપણો ઉપર ૩૬ ટકા વળતર આપવાનું વચન આપીને લોકોને છેતર્યા હતા. તપાસમાં દર્શાવવામાં આવ્યું છે કે ઝાલાના બીઝેડ ફાયનાન્સિયલ સર્વિસ સહિતની ચાર સંસ્થાઓ સાથે જોડાયેલા ચાર બેંક ખાતાઓને ૨૦૨૦ અને ૨૦૨૪ વચ્ચે રૂ.૩૬૦.૭૨ કરોડ મળ્યા હતા, જેમાંથી તેમણે રૂ.૯ કરોડની કિંમતની પાંચ લકઝરી કાર સહિત ૧૭ મિલકતો ખરીદવા રૂ.૧૦૦ કરોડનો ઉપયોગ કર્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, સાબરકાંઠા જિલ્લાના હિમતનગર તાલુકાના રહેવાસી ઝાલા દ્વારા શરૂ કરાયેલી સ્કીમમાં રોકાણકારોમાં પાંચથી છ ક્રિકેટરો અને અનેક શાળાના શિક્ષકોનો સમાવેશ થાય છે. **CID**એ જણાવ્યું હતું કે પોલીસને એક અનામી અરજી દ્વારા ઈનપુટ મળ્યા હતા અને ગયા મહિને ઝાલાની પ્રવૃત્તિઓને દેખરેખ હેઠળ મૂકી હતી. પ્રથમ દૃષ્ટિએ, તેમણે બિનસંદિગ્ધ લોકો પાસેથી થાપણો એકત્રિત કરવા માટે ઉત્તર ગુજરાત, ગાંધીનગર અને વડોદરામાં ઓફિસો ખોલી હતી. ૨૭ નવેમ્બર, ૨૦૨૪ના રોજ એફઆઈઆર નોંધવામાં આવી હતી.

# નેતાન્યાહુના રાજીનામાની માંગ સાથે ઈઝરાયેલમાં દેશવ્યાપી વિરોધ પ્રદર્શન

(એજન્સી) તા.૨૬

વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુની સરકારના રાજીનામાની માગણી સાથે તાજેતરમાં દેશભરમાં ઈઝરાયેલીઓએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેઓએ તેમના ઉપર ગાઝા પટ્ટી સાથે યુદ્ધવિરામ અને કેદીઓના વિનિમય કરારને અવરોધવાનો આરોપ મૂક્યો. લાખો લોકોએ નેતાન્યાહુની ટીકા કરી અને 'ઈઝરાયેલના ઈતિહાસની સૌથી દક્ષીણપંથી સરકાર' હોવા બદલ તેમની સરકારના રાજીનામા અને વહેલી ચૂંટણીઓ માટે પુનરોચ્ચાર કર્યો. તેલ અવીવ, હૈફા, બેરશેબા, પશ્ચિમ જેરૂસલેમ અને દેશના અન્ય ભાગોમાં વિરોધ પ્રદર્શનો થયા. મુખ્ય વિરોધ તેલ અવીવમાં સંરક્ષણ મંત્રાલયની આસપાસ કેન્દ્રિત હતો, જ્યાં વિરોધીઓએ નેતાન્યાહુ અને તેમની સરકારના સભ્યો વિરૂદ્ધ બેનરો, પોસ્ટરો અને પ્લેકાર્ડ રાખ્યા હતા. સંરક્ષણ મંત્રાલયની નજીક કપલાન સ્ટ્રીટ ઉપર વિરોધીઓને સંબોધતા, વિરોધ પક્ષના નેતા અને પૂર્વ વડાપ્રધાન યાયર લેપિડે ચૂંટણીમાં સરકારને 'ઉથલાવી' કરવાનું વચન આપ્યું હતું. લેપિડે ભારપૂર્વક જણાવ્યું કે તે નેતાન્યાહુની સરકાર સાથે મંત્રણા કરશે નહીં અને પીછેહઠ કરશે નહીં.તેમણે જણાવ્યું કે, 'અમે જીતીશું. બીબી (નેતાન્યાહુ) ખરેખર મજબૂત નથી થઈ રહ્યા. લોકો તેમના પક્ષમાં નથી. ચૂંટણીઓ યોજવામાં આવી રહી નથી કારણ કે તેઓ ચૂંટણીથી ડરે છે કારણ કે તેઓ સત્ય જાણતા હતા.' ઈઝરાયેલના કેદી મતાન ઝંગાઉકરના, નેતાન્યાહુ ઉપર ગાઝામાં યુદ્ધવિરામ અને કેદીઓના વિનિમય માટેની મંત્રણાને તોડફોડ કરવામાં નિષ્ફળ રહેવાનો આરોપ મૂક્યો હતો. ઝંગૌકરે રાજકીય લાભ માટે ગાઝામાં લશ્કરી અભિયાન ચાલુ રાખવા અને કેદીઓના વિનિમય કરારને નકારવા બદલ નેતાન્યાહુની ટીકા કરી હતી. તેમણે જણાવ્યું કે, 'યુદ્ધ સમાપ્ત કરવું ન તો કોઈ અવરોધ છે કે ન કોઈ ખર્ચ. ધ્યેય યુદ્ધનો અંત લાવવા અને તમામ કેદીઓને પાછા લાવવાનો છે.' ઈઝરાયેલીઓ અને આંતરરાષ્ટ્રીય અભિપ્રાય આક્ષેપ કરે છે કે નેતાન્યાહુએ રાજકીય કારણોસર પેલેસ્ટીની પ્રતિકાર જૂથ હમાસ સાથે કેદીઓનીઅદલાબદલી માટે મંત્રણા કરવાનો ઈન્કાર કર્યો છે. એક અંદાજ મુજબ ગાઝામાં હાલમાં ૧૦૧ ઈઝરાયેલ કેદીઓ છે.

# બાંગ્લાદેશનું રૂા. ૨૦૦ કરોડનું વીજળીનું બિલ બાકી, ત્રિપુરા વિજ પુરવઠા બાબતે નિર્ણય લેશે

અગરતલા, તા.૨૬

મુખ્યપ્રધાન માણિક સાહાએ જણાવ્યું હતું કે, બાંગ્લાદેશ ઉપર ત્રિપુરાને ૨૦૦ કરોડ રૂપિયાનું વીજળીનું દેવું છે, પરંતુ પાડોશી દેશનેવીજ પુરવઠો અટકાવવા અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. બાંગ્લાદેશ પાવર ડેવલપમેન્ટ બોર્ડ સાથે **NTPC** વિદ્યુત વ્યાપાર નિગમ લિમિટેડ દ્વારા ત્રિપુરા સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ દ્વારા સહી કરાયેલા કરાર અનુસાર ત્રિપુરા પાડોશી દેશને ૬૦-૭૦ મેગાવોટ પાવર સપ્લાય કરે છે. સાહાએ અહીં એક મુલાકાતમાં મીડિયાને જણાવ્યું હતું કે, બાંગ્લાદેશે અમને વીજળી સપ્લાય કરવા માટે લગભગ રૂા.૨૦૦ કરોડ ચૂકવ્યા નથી. બાકી (રકમ) દરરોજ વધી રહી છે. અમે આશા રાખીએ છીએ કે તેઓ તેમની બાકી રકમ ચૂકવશે જેથી વીજ પુરવઠો ખોરવાય નહીં. જો ઢાકા બાકી રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય તો ત્રિપુરા સરકાર વીજળીનો પુરવઠો બંધ કરશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા મુખ્યમંત્રીએ કહ્યું કે, હજુ સુધી તેના ઉપર કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. તેમણે કહ્યું કે, ત્રિપુરામાં પાવર જનરેશન પ્લાન્ટમાં મશીનરીના ઘણા ટૂકડા બાંગ્લાદેશી પ્રદેશ અથવા ચિત્તાગોંગ બંદર દ્વારા લાવવામાં આવ્યા હતા. તેથી કૃતજ્ઞતા રૂપે ત્રિપુરા સરકારે કરારને અનુસરીને દેશમાં વીજળીનો પુરવઠો શરૂ કર્યો. તેમણે કહ્યું, પરંતુ મને ખબર નથી કે બાંગ્લાદેશ જો તેઓ બાકી રકમ ચૂકવશે નહીં તો અમે કેટલા સમય સુધી વીજળીનો પુરવઠો ચાલુ રાખી શકીશું. ત્રિપુરાએ માર્ચ ૨૦૧૬માં બાંગ્લાદેશને વીજ પુરવઠો આપવાનું શરૂ કર્યું. દક્ષિણ ત્રિપુરાના પલટાણામાં સરકારી માલિકીની **ONGC** ત્રિપુરા પાવર કંપની **(OTPC)**નાગેસ આધારિત ૭૨૬ સ્વ ઉત્પાદન ક્ષમતાનાપાવર પ્લાન્ટમાં વીજળીનું ઉત્પાદન થાય છે. અહેવાલો અનુસાર અદાણી પાવર જે ઝારખંડમાં તેના ૧૬૦૦ મેગાવોટના ગોડ્ડા પ્લાન્ટમાંથી બાંગ્લાદેશને વીજળીની નિકાસ કરે છે, તેણે દેશ દ્વારા ૮૦ કરોડ ડૉલરની ચૂકવણી ન કરવાને કારણે ઓગસ્ટમાં લગભગ ૧૪૦૦-૧૫૦૦ મેગાવોટથી સપ્લાય ઘટાડીને ૫૨૦ મેગાવોટ કર્યો હતો. બાંગ્લાદેશમાં હિન્દુઓ અને અન્ય લઘુમતીઓ ઉપર નોંધાયેલા હુમલાઓને કારણે ત્રિપુરા ઉપરની અસરો વિશે પૂછવામાં આવતા સાહાએ કહ્યું કે, હજુ સુધી તેમના રાજ્યમાં પડોશી દેશથી કોઈ મોટો પ્રવાહ નથી. તેમણે જણાવ્યુંહતું કે, પરંતુ અમે સરહદ પરની પરિસ્થિતિ ઉપર નજીકથી નજર રાખીએ છીએ કારણ કે, સરહદ ઉપર ઘણા છીંડા છે. જો કે, હાલમાં ઓગસ્ટમાં તે દેશમાં હાલની અશાંતિ શરૂ થયા પછી બાંગ્લાદેશથી કોઈ મોટો પ્રવાહ નથી. ત્રિપુરા તેની ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમમાં બાંગ્લાદેશથી ઘેરાયેલું છે અને તેની આંતરરાષ્ટ્રીય સરહદની લંબાઈ ૮૫૬ કિ.મી. છે, જે તેની કુલ સરહદના ૮૪ ટકા છે. અગરતલામાં બાંગ્લાદેશ સહાયક હાઈ કમિશનમાં તાજેતરમાં થયેલા સુરક્ષા ભંગ અંગે ટિપ્પણી કરતા મુખ્યપ્રધાને કહ્યું કે, તેમણે આ કેસમાં સખત પગલાં લીધા છે. તેમણે કહ્યું, અમે તેમાં સંડોવાયેલા ઘણા લોકોની ધરપકડ કરી છે. અમે પોલીસકર્મીઓ સામે પણ કાર્યવાહી કરી છે જેઓ જ્યાં ભંગ થયો હતો તે જગ્યાની સુરક્ષા માટે જવાબદાર હતા. સાહાએ જણાવ્યું હતું કે, બાંગ્લાદેશમાં શેખ હસીના સરકારના પતન પછી વેપારને અસર થઈ છે અને ત્રિપુરામાં બાંગ્લાદેશી માલની આયાતમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. તેમણે કહ્યું કે, બાંગ્લાદેશથી ત્રિપુરા જે સામાન આવે છે તેમાં સિમેન્ટ, સ્ટોન ચિપ્સ અને હિલ્સા માછલીનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું, પુરવઠો ખોરવાઈ ગયો છે. તે તેમનું નુકસાન છે. બાંગ્લાદેશ સાથેના સંદેશાવ્યવહાર નેટવર્ક વિશે પૂછવામાં આવતા તેમણે કહ્યું કે, જો અગરતલા અને ઢાકા વચ્ચે રેલવે લાઈન પુનઃ સ્થાપિત કરવામાં આવે છે તો તે બંને દેશ માટે ખૂબ ફાયદાકારક રહેશે. તેમણે કહ્યું, જો ચટગાંવ બંદરને કોઈપણ વિક્ષેપ વિના ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવે તો સમગ્ર પૂર્વોત્તર રાજ્યોને નોંધપાત્ર રીતે ફાયદો થશે. અગરતલાથી ચટગાંવ બંદર સુધીનું સીધું માર્ગ અંતર લગભગ ૧૭૫ કિ.મી. છે. અગરતલાને બાંગ્લાદેશના અખૌરા સાથે જોડતી રેલ લાઈનનું ઉદ્‌ઘાટન ૧ નવેમ્બર, ૨૦૨૩ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના તત્કાલીન બાંગ્લાદેશી સમકક્ષ શેખ હસીના દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટની લંબાઈ ભારતમાં ૫.૪૬ કિ.મી. અને બાંગ્લાદેશમાં ૬.૭૮ કિ.મી. છે. ભારતીય ભાગની કિંમત રૂા.૭૦૮.૭૩ કરોડ હતી અને ઉત્તર પૂર્વીય ક્ષેત્રના વિકાસ મંત્રાલય **(DoNER)** દ્વારા ભંડોળ પૂરૂં પાડવામાં આવ્યું હતું. બાંગ્લાદેશના ભાગની કિંમત ૩૯૨.૫૨ કરોડ રૂપિયા હતી. બાંગ્લાદેશના ભાગને ભારતના વિદેશ મંત્રાલય દ્વારા ભંડોળ પૂરૂં પાડવામાં આવે છે અને બાંગ્લાદેશ રેલવે દ્વારા ચલાવવામાં આવે છે. જો બાંગ્લાદેશ દ્વારા ઓવરલેન્ડ ટ્રાન્સપોર્ટને મંજૂરી આપવામાં આવે તો અગરતલા અને કોલકાતા વચ્ચેનો મુસાફરીનો સમય લગભગ ૩૦ કલાકથી ઘટીને લગભગ ૧૦ કલાક થવાની ધારણા છે.

# દિલ્હી વિધાનસભા ચૂંટણીને લઈ ભાજપ દ્વારા ગુજરાતના નેતાઓને અપાઈ મોટી જવાબદારી




અમદાવાદ, તા.૨૬

ભાજપ ચૂંટણી યોજાય તે પહેલા જ ભાજપ ચૂંટણીની તૈયારીમાં લાગી જતું હોય છે. મહારાષ્ટ્ર હોય, હરિયાણા હોય કે પછી જમ્મુ એન્ડ કાશ્મીર હોય કે અન્ય કોઈ રાજ્યની ચૂંટણી હોય, આ આગોતરા આયોજનના કારણે ભાજપને પરિણામ પણ મળે છે. ૨૦૨૫માં દિલ્હી વિધાનસભાની ચૂંટણીની ટર્મ પૂરી થવા જઈ રહી છે. ચૂંટણીને લઈને ભાજપ અત્યારથી જ એક્ટિવ થઈ ચૂક્યું છે. જેના ભાગરૂપે ભારતીય જનતા પાર્ટી દ્વારા ગુજરાતના કેટલાક કાર્યકર્તાઓને જવાબદારી સોંપવામાં આવી છે. જે અંતર્ગતની વાત કરવામાં આવે તો કેન્દ્રીય મંત્રી અને પોરબંદરના સાંસદ મનસુખ માંડવિયાને જવાબદારી સોંપવામાં આવી છે. ડૉ. મનસુખ માંડવિયા હાલ કેન્દ્રીય રમતગમત વિભાગના મંત્રી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ખૂબ નજીકના નેતા છે. પ્રધાનમંત્રી મોદીએ અનેક વખત વિવિધ વિધાનસભાની ચૂંટણીની જવાબદારી પણ મનસુખ માંડવિયાને સોંપવામાં આવી છે. તેને સારી રીતે પાર પાડી છે, ત્યારે વધુ એક વખત આ જ પ્રકારની જવાબદારી મનસુખ માંડવિયાને મળી છે. એવી જ રીતે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને તાજેતરમાં નિરીક્ષક તરીકેની જવાબદારી મહારાષ્ટ્રમાં સોંપવામાં આવી હતી. હવે દિલ્હી વિધાનસભાની જવાબદારી પણ સોંપવામાં આવી છે. દિલ્હી વિધાનસભામાં સંગઠનલક્ષી કામગીરીની જવાબદારી વિજય રૂપાણીના શિરે છે. હાલ વિજય રૂપાણી પંજાબ રાજ્યના ભાજપના પ્રભારી તરીકેની કામગીરી પણ કરી રહ્યા છે. તેવી રીતે રાજ્યસભાના સાંસદ અને ગુજરાતના બક્ષીપંચ મોરચાના પ્રમુખ મયંક નાયકને પણ દિલ્હી વિધાનસભા યોજાય તે પૂર્વે દિલ્હી વિધાનસભા બેઠકની કામગીરી સોંપવામાં આવી છે. ઓબીસી સમુદાયના દિલ્હીમાં વસતા નેતાઓ સાથેનો સંપર્ક કરવાનું તેમજ નાના સમાજો સાથે રાજ્યની કેન્દ્રીય નેતૃત્વ એ કરેલી કામગીરીના લેખાજોખા સાથે ગ્રાઉન્ડમાં જાય તે પ્રકારની કામગીરી તેમને સોંપવામાં આવી છે. આ ઉપરાંત વેજલપુર વિધાનસભાના ધારાસભ્ય અમિત ઠાકરને પણ નિરીક્ષક તરીકે સેન્સ માટે જોડાવાની કામગીરી પણ સોંપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, દિલ્હી વિધાનસભાની ચૂંટણી યોજાય તે પૂર્વે ભાજપે આગોતરા આયોજનના ભાગરૂપે ગુજરાત ભાજપના અનેક નેતાઓને કામગીરી સોંપવામાં આવી છે.

# ઈલેક્ટ્રોનિક રેકોર્ડ્સના જાહેર નિરીક્ષણને પ્રતિબંધિત કરવા માટે ચૂંટણી નિયમમાં ફેરફાર

નવી દિલ્હી, તા.૨૬

કેન્દ્ર સરકારે સીસીટીવી કેમેરા અને વેબકાસ્ટિંગ ફૂટેજ તેમજ ઉમેદવારોના વિડિયો રેકોર્ડિંગ જેવા ચોક્કસ ઈલેક્ટ્રોનિક દસ્તાવેજોના જાહેર નિરીક્ષણને અટકાવવા માટે ચૂંટણી નિયમમાં ફેરફાર કર્યા છે જેથી તેનો દુરૂપયોગ ન થઈ શકે. ચૂંટણી પંચની ભલામણના આધારે કેન્દ્રીય કાયદા મંત્રાલયે તાજેતરમાં ચૂંટણી આચાર નિયમો ૧૯૬૧ના નિયમ ૯૩(૨)**(a)** માં સુધારો કરીને જાહેર નિરીક્ષણ માટે ખુલ્લા "કાગળો" અથવા દસ્તાવેજોના પ્રકારને પ્રતિબંધિત કર્યો છે. નિયમ ૯૩ અનુસાર ચૂંટણી સંબંધિત તમામ "કાગળો" જાહેર નિરીક્ષણ માટે ખુલ્લા રહેશે. "કાગળો" પછી "આ નિયમોમાં ઉલ્લેખિત" સુધારામાં દાખલ કરવામાં આવ્યા છે. કાગળો મંત્રાલય અને ચૂંટણી કમિશનરના અધિકારીઓએ અલગથી સમજાવ્યું કે સુધારા પાછળ કોર્ટ કેસ "મુખ્ય" હતો. જ્યારે ચૂંટણી આચાર નિયમોમાં નામાંકન ફોર્મ, ચૂંટણી એજન્ટોની નિમણૂક, પરિણામો અને ચૂંટણી ખાતાના નિવેદનો જેવા દસ્તાવેજોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે ત્યારે આદર્શ આચાર સંહિતા સમયગાળા દરમ્યાન ઉમેદવારોના સીસીટીવી કેમેરા ફૂટેજ, વેબકાસ્ટિંગ ફૂટેજ અને વિડિયો રેકોર્ડિંગ જેવા ઈલેક્ટ્રોનિક દસ્તાવેજો આવરી લેવામાં આવતા નથી. પૂર્વ ચૂંટણી અધિકારીએ સમજાવ્યું કે, "પોલીંગ સ્ટેશનોનું સીસીટીવી કવરેજ, વેબકાસ્ટિંગ ચૂંટણી આચાર નિયમો હેઠળ કરવામાં આવતું નથી પરંતુ સમાન મેદાન સુનિશ્ચિત કરવા માટે ચૂંટણી પંચ દ્વારા લેવામાં આવેલા પગલાંનું પરિણામ છે." એક ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે, "એવા કિસ્સાઓ બન્યા છે જ્યાં નિયમોનો ઉલ્લેખ કરીને આવા ઈલેક્ટ્રોનિક રેકોર્ડ માંગવામાં આવ્યા છે. આ સુધારો ખાતરી કરે છે કે નિયમોમાં ઉલ્લેખિત કાગળો જ જાહેર નિરીક્ષણ માટે ઉપલબ્ધ છે અને નિયમોમાં કોઈ સંદર્ભ ન હોય તેવા કોઈપણ અન્ય દસ્તાવેજને જાહેર નિરીક્ષણ માટે મંજૂરી નથી." ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે મતદાન મથકોની અંદરથીસીસીટીવી કેમેરા ફૂટેજનો દુરૂપયોગ મતદારોની ગુપ્તતા સાથે ચેડા કરી શકે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે ફૂટેજનો ઉપયોગ **AI**નો ઉપયોગ કરીને નકલી વાર્તા બનાવવા માટે થઈ શકે છે. કાર્યકારીએ જણાવ્યું કે, "આવી બધી સામગ્રી ઉમેદવારો માટે ઉપલબ્ધ છે જેમાં ફૂટેજનો પણ સમાવેશ થાય છે. સુધારા પછી તે તેમને પણ ઉપલબ્ધ થશે. પરંતુ અન્ય લોકો આવા ઈલેક્ટ્રોનિક રેકોર્ડ મેળવવા માટે હંમેશા કોર્ટનો સંપર્ક કરી શકે છે." ઉમેદવારો પાસે પહેલાથી જ બધા દસ્તાવેજો અને કાગળોની ઍક્સેસ છે. આ સંદર્ભમાં નિયમોમાં કંઈપણ સુધારો કરવામાં આવ્યો નથી તેમ કાર્યકારીએ જણાવ્યું હતું. પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે, તાજેતરના મહમૂદ પ્રચા વિરૂધ્ધ ચૂંટણધ્ પંચના કેસમાં હરિયાણા વિધાનસભા ચૂંટણી સંબંધિત તમામ દસ્તાવેજો જેમાં નિયમ ૯૩(૨) હેઠળ સીસીટીવી કેમેરા ફૂટેજને માન્ય ગણવાનો સમાવેશ થાય છે તેને પ્રાચા સાથે શેર કરવાનો નિર્દેશ આપ્યો હતો. નિયમમાં ચૂંટણી કાગળોનો ઉલ્લેખ હતો. ચૂંટણી કાગળો અને દસ્તાવેજો ખાસ કરીને ઈલેક્ટ્રોનિક રેકોર્ડનો ઉલ્લેખ કરતા નથી એમ ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યું હતું.

### મુસાફરોને બસની ટિકિટ માટે છુટા રૂપિયામાંથી મુક્તિ

# પ્રથમ તબક્કે અમદાવાદ, રાજકોટ, જામનગર અને જૂનાગઢ વિભાગની કુલ ૧,૮૫૦ બસોમાં ૩,૦૦૦થી વધુ 'એન્ડ્રોઈડ ટિકિટ મશીન' કાર્યરત

## દૈનિક સરેરાશ ૧૫ હજાર જેટલા ડિજિટલ ટ્રાન્જેક્શનના માધ્યમથી એસ.ટી. નિગમને રૂા.૧૩ લાખની આવક



## QR પેમેન્ટના માધ્યમથી છેલ્લા એક વર્ષમાં ૩૭ લાખ કરતા વધુ મુસાફરોએ નિગમને રૂા.૩૦.૫૩ કરોડથી વધુની આવક કરાવી

અમદાવાદ, તા.૨૬

ગુજરાતમાં અંતરિયાળ તેમજ શહેરી વિસ્તારમાં સમયબદ્ધ અને સલામત મુસાફરી માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની હજારો બસો કાર્યરત છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં 'ડિજિટલ ગુજરાત'ના મંત્રને વેગ આપવા રાજ્યમાં અંદાજિત ૮,૫૦૦ થી વધુ બસ ઓપરેટ કરતું નિગમ હવે કેશલેશ સેવા તરફ આગળ વધી રહ્યું છે.

નાગરિકોની સુવિધાને ધ્યાનમાં રાખીને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ ગત વર્ષે તા. ૨૫ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ સ્માર્ટ ઈલેક્ટ્રોનિક ટિકિટીંગ મશીનનું રાજ્યવ્યાપી લોકાર્પણ કર્યું હતું. જેના ભાગરૂપે પ્રથમ તબક્કે અમદાવાદ, રાજકોટ, જામનગર અને જૂનાગઢ વિભાગની કુલ ૧,૮૫૦થી વધુ બસોમાં ૩,૦૦૦થી વધુ 'એન્ડ્રોઈડ ટિકિટ મશીન' / 'સ્માર્ટ ઈલેક્ટ્રોનિક ટિકિટીગ મશીન' ફાળવવામાં આવ્યા છે. 'ડિજિટલ ગુજરાત' થકી ડિજિટલ ટ્રાન્જેક્શનને વેગ આપી ગુજરાત એસ.ટીમાં સરેરાશ ૧૫ હજાર જેટલા મુસાફરો ડિજિટલ ટ્રાન્જેક્શનના માધ્યમથી એસ.ટી. નિગમને દૈનિક રૂા. ૧૩ લાખની આવક કરાવી રહ્યા છે. ઊઈ પેમેન્ટના માધ્યમથી છેલ્લા એક વર્ષમાં ૩૭ લાખ કરતા વધુ મુસાફરોએ રૂા.૩૦.૫૩ કરોડથી વધુની એસ.ટીને આવક કરાવી 'ડિજિટલ ટ્રાન્જેક્શન' ઉપર ભરોસો મુક્યો છે. જેમાં ઉત્તરોતર વધારો થઈ રહ્યો છે. ગુજરાત એસ.ટી નિગમ દ્વારા નાગરીકોને હવે મુસાફરી કરવામાં રોકડ કે છુટા પૈસા પોતાની જોડે રાખવાની જરૂર રહેશે નહિ. નિગમે 'ડિજિટલ ઈન્ડિયા – ડિજિટલ ગુજરાત'ને પ્રોત્સાહન આપવા તેમજ રોકડ નાણાંના વિકલ્પ રૂપે મુસાફરો બસની અંદર જ ટિકિટીંગ મશીનમાં ડાયનામિક ઊઈના માધ્યમથી ડિજિટલ ટ્રાન્જેક્શન દ્વારા ટિકિટ મેળવી શકે છે. ગુજરાત એસ.ટી નિગમ દ્વારા પ્રથમ તબક્કામાં ચાર વિભાગના ૩,૦૦૦ સ્માર્ટ ઈલેક્ટ્રોનિક ટિકિટ મશીનમાં QR આધારિત UPI પેમેન્ટ સ્વીકારવાની શરૂઆત કરવામાં આવી છે. જેમાં મુસાફરો પોતાના ફોનથી UPI અથવા ક્રેડીટ કાર્ડ અને ડેબીટ કાર્ડ મારફતે પોતાની ટિકિટ લઈ શકે છે, જો કોઈ કારણસર મુસાફરનું ટ્રાન્જેક્શન રદ થાય તો માત્ર એક જ કલાકમાં મુસાફરોને તેમની રકમ પરત ડિજિટલ માધ્યમ થકી પોતાના બેંક એકાઉન્ટમાં પરત મળી જાય છે તેમ રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની યાદીમાં વધુમાં જણાવાયું છે.

# 'આધુનિક સમયમાં સંસ્કૃતભાષા સંબંધિત વ્યવસાયના અવસરો' તથા મૃચ્છકટિકમ્‌નો સંક્ષિપ્ત પરિચય વિષયે વ્યાખ્યાનમાળા યોજાઈ

## સંસ્કૃત ભાષાનું મહત્વ વિશ્વ જેટલું વહેલું સમજશે એટલું વહેલાસર લાભકારી : પ્રો.(ડો.) ચેતન ત્રિવેદી, કુલપતિ




જૂનાગઢ, તા.૨૬

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં સંસ્કૃત ભવનનાં અધ્યક્ષ ડો.નિશીથ ધારૈયાનાં માર્ગદર્શનમાં સંસ્કૃત વિશેષજ્ઞોના વ્યાખ્યાન સમયાંતરે યોજવામાં આવતા હોય છે જે અંતર્ગત "આધુનિક સમયમાં સંસ્કૃતભાષા સંબંધિત વ્યવસાયના અવસરો" તથા મૃચ્છકટિકમ્‌નો સંક્ષિપ્ત પરિચય" વિષયે શ્રીલાલબહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલય, દિલ્હીથી સાંખ્યયોગ વિભાગના અધ્યક્ષ પ્રો.માર્કન્ડેય નાથ તિવારીજી દ્વારા વિશેષ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. જેમાં તેઓએ વિદ્યાર્થીઓને સંસ્કૃતના મહત્ત્વની સાથે આજના સમયમાં સંસ્કૃતભાષાની વ્યવસાયિક ઉપયોગીતા વિશે વિશેષ જાણકારી આપતાં જણાવ્યું કે યોગના અષ્ટ અંગોમાંથી એક માત્ર આસનને આધારે આજેપતંજલી યોગ ક્ષેત્રે બાબારામદે વિશ્વમાં સુવિખ્યાત થયા છે. આવું તો સંસ્કૃતમાં ઘણું બધું છે. સંસ્કૃત ભાષાની શિક્ષણની સાથે સાથે વાસ્તુવિજ્ઞાન, ચિત્રકળા, વિવિધ ગ્રંથોને આધારે શબ્દકોશ નિર્માણ, ૩૬ કળાઓ, ભાષા વિજ્ઞાન, લેખનકળા, ભરતના નાટ્યશાસ્ત્રને આધારે ફિલ્મ નિર્માણ અને રસ વિજ્ઞાન, શબ્દ વ્યુત્પત્તિ, જ્યોતિષશાસ્ત્ર, ખગોળ વિજ્ઞાન, જળ વિજ્ઞાન વગેરે અનેક વિધાઓમાં વર્તમાન સમયમાં અનેક સ્વતંત્ર વ્યવસાયના અવસરો ઉપલબ્ધ છે તેમ જણાવી કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીનો સંસ્કૃત પ્રત્યેનો સ્નેહ અને તેમના દ્વારા થતા સંસ્કૃતના કાર્યોની સરાહના કરી હતી. કાર્યક્રમને શુભકામનાં સંદેશો પાઠવતા ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીએ જણાવ્યુ હતુ કે, ગુજરાતી, હીન્દી જેવી ભારતીય ભાષાઓ બોલનાર લોકો માટે સંસ્કૃત વ્યાકરણ ભલે અઘરૂ રહ્યું, છતાં સંસ્કૃત બોલવું એમના માટે અઘરૂં નથી કારણ કે આ ભાષાઓના ઘણાખરા શબ્દો શુદ્ધ સંસ્કૃતના જ છે. અથવા સંસ્કૃત શબ્દોનાં અપભ્રંશ છે. 'વસુદેવ કુટુમ્બકમ'નું સૂત્ર આપનાર સંસ્કૃત આપણી પ્રાચીન સાંસ્કૃતિક વારસાના પ્રતિક જેવી ભાષા આપણી વચ્ચે દિવસે-દિવસે સિમિત બનતી જાય છે. સંસ્કૃત ભાષા સંપૂર્ણ ભાષા છે, હતી અને કાયમ રહેશે. વિદ્વાનોના વિશ્વએ સંસ્કૃતને ખૂબ જ પવિત્ર, કુદરતી અને વાસ્તવિક ભાષા સ્વીકારી છે. કેમ કે સંસ્કૃતએ પૂર્ણ ભાષા છે. વિશ્વને સર્વ ભાષાની જનેતા એવી સંસ્કૃત ભાષાનું મહત્વ હવે સમજાઈ ચુક્યુ છે, 'વસુદેવ કુટુમ્બકમ' પારિવારિકનો આદર શિખવતી પ્રાચિન સંસ્કૃત ભાષા ટેકનોલોજી અને વિજ્ઞાનને પણ સરળ લાગે છે. સંસ્કૃત ભાષાનું મહત્વ વિશ્વ જેટલું વહેલું સમજશે એટલું વહેલાસર લાભપ્રદ બની રહેશે. વ્યાખ્યાન માળાના અવસરે સંસ્કૃત બોર્ડના ચેરમેન પ્રિ. ડો.એમ.કે. મેતરાએ જણાવ્યું કે નુતન સંસ્કૃત ભવન સતત વિકસિત થતું જાય છે. ભવિષ્યમાં સંભાષણ, શોધ વગેરેમાં ખુબ વિકસિત થઈ વટવૃક્ષ બને તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી. સંસ્કૃત ભવનના અધ્યાપક અજયભાઈ મહેતાએ કાર્યક્રમ પ્રારંભે આમંત્રીતોને આવકારી જણાવ્યુ હતુ કે વિશ્વમાં જે કાંઈ ઉત્તમ જ્ઞાન અને વિચારો છે તે શીખવા ને પ્રસરાવાનો ઉપક્રમ થવો જોઈએ, કલાઓ, તત્ત્વજ્ઞાન, ઈતિહાસ, સમાજવિદ્યા, વિજ્ઞાન, ધર્મ અને જ્ઞાન અને માન્યતાનાં અન્ય ક્ષેત્રો વચ્ચેનાં સંબંધોના અભ્યાસ અર્થે સંસ્કૃત એક બહિર્મુખી-અન્ત-શ્લિષ્ટયોગાત્મક ભાષા છે. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ-મેંદરડા કોલેજના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડો.એલ. એમ. પાનશેરિયા અનેસંસ્કૃત ભારતી- જૂનાગઢના સહ-સંયોજક અને અંગ્રેજી વિષયના નિવૃત પ્રોફેસર ડૉ. દિનેશભાઈ પંડયા, ગુજરાતી ભવનનાના અધ્યાપકો ડો.પારૂલ ભંડેરી તથા ડો.કિશોર વાળા ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્કૃત ભવનના અધ્યાપક ડો.મૌલિક કેલૈયાએ સંભાળ્યું હતું.

# સોમનાથ ખાતે રાજ્યકક્ષાની શાળાકીય બીચ વોલીબોલ સ્પર્ધા યોજાશે

## તા.૨૮ થી ૩૦ ડિસેમ્બર સુધી અં.૧૪-ભાઈઓ-બહેનો અને અં.૧૯માં ભાઈઓની સ્પર્ધાનું આયોજન

ગીર સોમનાથ, તા.૨૬

સોમનાથ ખાતે રાજ્યકક્ષાની શાળાકીય બીચ વોલીબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા આગામી તા.૨૮ થી ૩૦ ડિસેમ્બર સુધી અં.૧૪-ભાઈઓ/બહેનો અને અં.૧૯માં ભાઈઓ માટે સોમનાથ બીચ ખાતે સ્પર્ધા યોજાશે. રમત ગમત યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર અને સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત તેમજ ગીર સોમનાથ જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી દ્વારા સંચાલિત રાજયકક્ષા શાળાકીય (SGFI) બીચ વોલીબોલ અં.૧૪ માટે ભાઈઓ/બહેનો અને અં-૧૯ માટે ભાઈઓની સ્પર્ધા તા.૨૮/૧૨/૨૦૨૪ થી તા.૩૦/૧૨/૨૦૨૪ દરમિયાન સોમનાથ બીચ એરિયા, પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન સામે ગીર સોમનાથ ખાતે યોજાશે.

આ સ્પર્ધામાં રાજયમાંથી ખેલાડીઓ ભાગ લેવા આવશે. જેમાં રાજયકક્ષા SGFI બીચ વોલીબોલ અં-૧૪ ભાઈઓ/બહેનો માટે સ્પર્ધા સોમનાથ બીચ એરિયા, પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન સામે તા.૨૮ થી ૩૦ ડિસેમ્બર સુધી સવારે ૭:૩૦ કલાકે શરૂ થશે. રાજયકક્ષા SGFI બીચ વોલીબોલ અં-૧૯ ભાઈઓ માટે સ્પર્ધા સોમનાથ બીચ એરિયા, પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન સામે ગીર સોમનાથ ખાતે તા.૨૮ થી ૩૦ ડિસેમ્બર સુધી સવારે ૭:૩૦ કલાકેથી શરુ થશે.

# જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષસ્થાને મેંદરડા ખાતે તાલુકા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ તા.૨૬

જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષસ્થાને આજરોજ પ્રાંત કચેરી, સભાખંડ મેંદરડા ખાતે તાલુકા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. તાલુકાના પ્રજાજનોની સુખાકારી અને તેમના પ્રશ્નોના ઝડપી નિવારણ માટે યોજાએલા આ સ્વાગત કાર્યક્રમમાં તાલુકા-ગ્રામકક્ષાના સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમને અનુલક્ષીને અરજદારોની પોતાની વ્યકિતગત ફરિયાદો કે જેનો સંતોષકારક નિકાલ ન આવતો હોય તેવી ફરિયાદોને હકારાત્મક અભિગમ આપીને તાલુકા કક્ષાએથી નિકાલ કરવામાં આવ્યો હતો. આ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં અરજદારો દ્વારા ૪ પ્રશ્નો રજૂ કરાયા હતા. જેને સંબંધિત સ્વાગત ફરિયાદ નિવારણમાં ઉપસ્થિત તમામ અરજદારોની રજૂઆતો અંગે અધિકારીઓ સાથે ચર્ચા કરી પ્રશ્નોનો તરત નિકાલ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મેંદરડા પ્રાંત અધિકારી કિશન ગરચર સહિત સંબંધિત અધિકારી સર્વશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# કેન્દ્ર સરકારે ચૂંટણીના નિયમોમાં ફેરફાર કર્યો




(જી.એન.એસ)

મુંબઈ તા.૨૬


સરકારે અમુક ઈલેક્ટ્રોનિક દસ્તાવેજો જેવા કે ઝઝૂફ કેમેરા અને વેબકાસ્ટિંગ ફૂટેજ તેમજ ઉમેદવારોના વિડિયો રેકોર્ડિંગના જાહેર નિરીક્ષણને રોકવા માટે ચૂંટણીના નિયમોમાં ફેરફાર કર્યો છે, જેથી તેનો દુરુપયોગ અટકાવી શકાય. ચૂંટણી પંચ (EC) ની ભલામણના આધારે, કેન્દ્રીય કાયદા મંત્રાલયે શુક્રવારે ચૂંટણીના આચાર નિયમો, ૧૯૬૧ ના નિયમ 93(2)(a) માં સુધારો કર્યો, જેથી જાહેર નિરીક્ષણ માટે ખુલ્લા કાગળો અથવા દસ્તાવેજોના પ્રકારને પ્રતિબંધિત કરવામાં આવે. હવેથી ચૂંટણી સંબંધિત તમામ દસ્તાવેજો જનતા માટે ઉપલબ્ધ રહેશે નહીં. નિયમ ૯૩ મુજબ ચૂંટણી સંબંધિત તમામ દસ્તાવેજો જાહેર નિરીક્ષણ માટે ખુલ્લા રહેશે.

આ નિયમોમાં ઉલ્લેખિત દસ્તાવેજો પછી સુધારા ઉમેરવામાં આવ્યા છે. કાયદા મંત્રાલય અને ચૂંટણી પંચના અધિકારીઓએ અલગ અલગ કહ્યું હતું કે કોર્ટ કેસ આ સુધારા પાછળનું કારણ હતું. આ સંદર્ભે ચૂંટણી પંચના સૂત્રોએ જણાવ્યું હતું કે ઉમેદવાર પાસે પહેલાથી જ તમામ દસ્તાવેજો અને કાગળો છે. આ અંગેના નિયમોમાં કોઈ સુધારો કરવામાં આવ્યો નથી. આ અસ્પષ્ટતાને દૂર કરવા અને મતદાન મથકની અંદરના ઝઝૂફ ફૂટેજના દુરુપયોગને રોકવા માટે કૃત્રિમ બુદ્ધિમત્તાનો ઉપયોગ કરીને મતદાન મથકની અંદરના CCTV ફૂટેજના સંભવિત દુરુપયોગના ગંભીર મુદ્દાને ધ્યાનમાં લેવા નિયમમાં સુધારો કરવામાં આવ્યો છે.

સૂત્રએ કહ્યું કે કમિશન માને છે કે સીસીટીવી ફૂટેજ શેર કરવાથી ગંભીર પરિણામો આવી શકે છે, ખાસ કરીને જમ્મુ અને કાશ્મીર, નક્સલ પ્રભાવિત વિસ્તારો જેવા સંવેદનશીલ વિસ્તારોમાં, જ્યાં ગોપનીયતા મહત્વપૂર્ણ છે. મતદારોનો જીવ પણ જોખમમાં આવી શકે છે. ચૂંટણીના તમામ કાગળો અને દસ્તાવેજો અન્યથા જાહેર નિરીક્ષણ માટે ઉપલબ્ધ છે. પીટીઆઈના જણાવ્યા અનુસાર, ચૂંટણી પંચના ભૂતપૂર્વ અધિકારીએ જણાવ્યું હતું કે, "પોલિંગ સ્ટેશનના સીસીટીવી કવરેજ, વેબકાસ્ટિંગ ચૂંટણીના નિયમો અનુસાર કરવામાં આવતું નથી, પરંતુ તે લેવલ પ્લેઈંગ ફિલ્ડ સુનિશ્ચિત કરવા માટે ચૂંટણી પંચ દ્વારા લેવામાં આવેલા પગલાંનું પરિણામ છે." ચૂંટણી પંચના એક અધિકારીએ જણાવ્યું હતું કે, "એવા ઘણા કિસ્સાઓ છે કે જ્યાં નિયમોને ટાંકીને આવા ઈલેક્ટ્રોનિક રેકોર્ડ્સ માંગવામાં આવ્યા છે. સુધારો એ સુનિશ્ચિત કરે છે કે નિયમોમાં ઉલ્લેખિત દસ્તાવેજો જ જાહેર નિરીક્ષણ માટે ઉપલબ્ધ છે અને અન્ય કોઈ દસ્તાવેજો" જેમાં કોઈ સંદર્ભ નથી. જાહેર નિરીક્ષણ માટે નિયમોની મંજૂરી નથી." કોંગ્રેસ નેતા જયરામ રમેશે આના પર સવાલ ઉઠાવ્યા છે. "ભારતના ચૂંટણી પંચ દ્વારા સંચાલિત ચૂંટણી પ્રક્રિયાની ઝડપથી ઘટી રહેલી અખંડિતતા વિશેના અમારા દાવાઓના તાજેતરના દિવસોમાં આ સૌથી સ્પષ્ટ પુરાવો છે.




પિતાજી, તમે મને ક્રિકેટ રમવાની ના કહો છો અને તમે ક્રિકેટની રમત પર જુગાર રમો છો!




મા, તને અને પિતાજીને અંગ્રેજીનો સ્પેલીંગ નથી આવડતો અને મને અંગ્રેજીમાં ભણાવવાનો આગ્રહ શા માટે રાખો છો ?

# વેરાવળમાં પ્રથમવાર એકીસાથે ૧૧ વ્યાજખોરો સામે ગુનો નોંધાયો, સાતની ધરપકડ



## વાણંદ યુવકે દુકાન લેવા અને મકાન બનાવવા વ્યાજે લીધેલ ૬૯.૫૦ લાખની સામે ૯૨.૫૦ લાખ ચુકવ્યા છતાં વ્યાજખોરોની પઠાણી ઉઘરાણી : વ્યાજના વિષચક્રમાં ફસાયેલ યુવકે આત્મહત્યા કરે તે પહેલાં પોલીસ પાસે પહોચી જતા જીવ બચી ગયો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૫

વેરાવળમાં વાણંદ કામ કરતા યુવકે દુકાન અને મકાન લેવા માટે પૈસાની જરૂરીયાત હોવાથી ચાર વર્ષ દરમ્યાન ૧૧ વ્યાજખોરો પાસેથી કટકે કટકે રૂા.૬૯.૫૦ લાખની રકમ વ્યાજે લીધેલ જેની સામે મુદલ સહિત રૂા.૯૨.૫૦ લાખની રકમ ચુકવી દીધી હતી. તેમ છતાં વ્યાજખોરો દુકાને આવીને પઠાણી ઉઘરાણી કરી ધાકધમકી આપતા હોવાથી વાણંદ યુવક પોલીસના શરણે પહોંચ્યો હતો. ત્યારે સમગ્ર હક્કીત જાણીને પ્રથમ વખત પોલીસે એકી સાથે ૧૧ વ્યાજખોરો સામે ગુનો નોંધી સાતની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી બાકીના ચારની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે. આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગતોનુસાર વેરાવળમાં કલબ રોડ ઉપર વાણંદની દુકાન ચલાવતા રજનીકાંત માવદિયાએ ૨૦૧૯ માં દુકાન લેવા માટે વ્યાજે પૈસા અમુક વ્યક્તિઓ પાસેથી લીધેલ તેમજ ૨૦૨૦ માં મકાન બનાવવા માટે ફાઈનાન્સમાંથી લોન લીધી હતી. આ બંન્ને લોનના વ્યાજ ચુકવવા માટે સને.૨૦૧૯ થી ૨૦૨૩ દરમ્યાન (૧) ધનસુખ સુયાણી પાસેથી કુલ ૬ લાખ ૩%વ્યાજે લીધેલ જેની સામે ૯ લાખ ચુકવી દીધા હોવા છતાં વ્યાજના બાકી રૂા.૨૭ લાખની માંગી રહેલ, (૨) કાલીદાસ હીરાભાઈ હઈ પાસેથી ૫ લાખ ૩% લીધેલ જેની સામે ૭ લાખ ચુકવી દીધા હોવા છતાં વ્યાજના બાકી રૂા.૬.૫૦ લાખ માંગી રહેલ, (૩)કિશન વણીક પાસેથી ૫ લાખ ૪% લીધેલ જેની સામે ૮ લાખ ચુકવી દીધા હોવા છતાં વ્યાજના બાકી રૂા.૭.૫૦ લાખ માંગી રહેલ, (૪) અરવિંદ લાખા કોળી પાસેથી ૭ લાખ ૪% લીધેલ જેની સામે ૧૦ લાખ ચુકવી દીધા હોવા છતાં વ્યાજના બાકી રૂા.૧૨ લાખ માંગી રહેલ, (૫) રમેશ જેઠા વાંદરવાલા પાસેથી ૧૫ લાખ ૬% લીધેલ જેની સામે ૧૬ લાખ ચુકવી દીધા હોવા છતાં વ્યાજના બાકી રૂા.૨૪ લાખ માંગી રહેલ, (૬) જીતેન્દ્ર કાળા ગોહેલ પાસેથી ૯ લાખ ૪% લીધેલ જેની સામે ૧૧ લાખથી વધુ ચુકવી દીધા હોવા છતાં મુદલની ૯ લાખ અને વ્યાજ માંગી રહેલ, (૭) સુરેશ દામોદર માવદિયા પાસેથી ૨૧.૫૦ લાખ ૫% લીધેલ જેની સામે ૨૪ લાખ ચુકવી દીધા હોવા છતાં મુદલ અને વ્યાજની રકમ બાકી માંગી રહેલ, (૮) નિતીન દામોદર માવદિયા પાસેથી ૫ લાખ ૪.૫% લીધેલ જેની સામે ૫ લાખ વ્યાજ સાથે ચુકવી દીધા હોવા છતાં મુદલની રકમ માંગી રહેલ, (૯) ઈશ્વર પીઠડ પાસેથી ૧.૫ લાખ ૫ % લીધેલ જેની સામે ૧.૫૦ લાખ વ્યાજ સાથે ચુકવી દીધા હોવા છતાં મુદલની રકમ માંગી રહેલ, (૧૦) ચંદ્રેશ સુયાણી પાસેથી ૪ લાખ ૩.૫ % લીધેલ તેમને વ્યાજ સાથે મુદલની રકમ ચુકવી દીધા હોવા છતાં મુળ રકમની માંગણી કરી રહેલ, (૧૧) ધર્મેશ ખારવા પાસેથી ૩ લાખ ૩.૫ % લીધેલ તેમને વ્યાજ સાથે મુદલની રકમ ચુકવી દીધા હોવા છતાં મુળ રકમની માંગણી કરી રહેલ છે. ઉપરોકત તમામ લોકો પાસેથી સને ૨૦૧૯ થી ૨૦૨૩ દરમ્યાન રજનીકાંતભાઈએ જુદા જુદા સમયે જરૂરીયાત મુજબ કુલ રૂા.૬૯.૫૦ લાખ વ્યાજે લીધેલ જેની સામે અત્યાર સુધીમાં કુલ રૂા.૯૨.૫૦ લાખની રકમ ચુકવી દીધી છે. તેમ છતાં તમામ શખ્સો વારંવાર રજનીકાંતની દુકાને તથા ઘરે જઈ તમેન મોબાઈલ ફોનમાં ધાક-ધમકીઓ આપી વ્યાજની પઠાણી ઉઘરાણી કરીને ચેક રીટર્ન કરવાની ધમકી આપવાની સાથે પિતા-પુત્રોને મારવાની અને દુકાન બંધ કરાવી દેવાની ધમકીઓ આપી રહેલ હતા. આ ત્રાસથી કંટાળી જઈને રજનીકાંતભાઈ આત્મહત્યા કરવાનું વિચારી રહેલ ત્યારે તેમના મિત્રની મદદથી પીએસઆઈ કે.એન.મુછાળને રૂબરૂ મળીને ઉપરોકત સમગ્ર હક્કીત જણાવી હતી. જેને લઈ ઉચ્ચ અધિકારીઓની સુચના મુજબ પ્રથમવાર એકી સાથે ૧૧ વ્યાજખોરો સામે બીએનએસ અને નાણાં ધીરધારની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી સાત વ્યાજખોરોને ઝડપી લીધેલ જયારે બાકીના ચારને પકડવા તજવીજ હાથ ધરી છે.

## ભાણવડ તાલુકામાં આશા સંમેલનમાં ૪૦ જેટલા બહેનોને સન્માનિત કરાયા





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૬

ગ્રામ્ય કક્ષાએ આરોગ્ય સેવાઓના પાયામાં રહેલા સેતુરૂપ કડી એટલે આશા બહેન. જે એક હજારની વસતિમાં આરોગ્યની તમામ સુવિધાઓ માટે કડીરૂપ બને છે. આશા બહેનોના લીધે આરોગ્યની સુવિધાઓ લેવી ખૂબ જ સુલભ બને છે. આ આશાબહેનોની ઉત્કૃષ્ટ કામગીરી માટે દર વર્ષે આશા સંમેલન યોજવામાં આવે છે. આ વર્ષે ભાણવડ તાલુકામાં સતવારા સમાજની વાડી ખાતે આ સંમેલન યોજવામાં આવ્યું હતું. જેમાં સગર્ભા મહિલાઓની ડોકટર પાસે તપાસ, કુટુંબ કલ્યાણ કામગીરી અને ખૂબ જોખમી સગર્ભાની સરકારી ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં ડિલિવરી , આશાની નેશનલ લેવલની પરિક્ષા જેવા ઈન્ડિકેટરમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર બહેનોને ઈનામ અને પ્રશસ્તિપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં જિલ્લા પી.એચ.એન. જશુબેન બારાઈ, સંધ્યાબેન, ડેનિશાબેન વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. રંગોળી સ્પર્ધા, ગીત , આરોગ્યલક્ષી નાટકો વિગેરે આશા બહેનો દ્વારા રજૂ કરાયા હતા. કાર્યક્રમમાં તાલુકા હેલ્થ ઓફિસર ડો. ચાંડેગ્રા દ્વારા વિવિધ યોજનાકીય માહિતી આપી, અને સમગ્ર વર્ષ દરમિયાન સારૂ કામ કરવા માટે તમામ સ્ટાફને પ્રેરણા પુરી પાડી હતી. કાર્યક્રમનું સંચાલન આશા ફેસેલિટર બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું. આશા બહેનોને સન્માનિત કરવા માટેના આ કાર્યક્રમની સફળતા માટે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. ચોબીસા દ્વારા ભાણવડ તાલુકાની આરોગ્યની ટીમને અભિનંદન આપવામાં આવ્યા હતા.

## મહાનગરપાલિકા જૂનાગઢની ચુંટણીમાં વોર્ડ નં. ૭, ૧૦ અને ૧૧માં ભાજપમાંથી વણીક સમાજને ૩ ટીકીટ આપવા બુલંદ માંગણી

જૂનાગઢ તા. ૨૬

આગામી જૂનાગઢ મનપાની ચુંટણી આશરે એપ્રીલ માસમાં યોજાવાની સંભાવના રહેલી છે. જૂનાગઢમાં વણીક સમાજની વસ્તી આશરે ૨૦૦૦૦ જેવી રહેલી છે. વણીક સમાજ વર્ષોથી ભાજપ સાથે જોડાયેલો છે અને ભાજપ તરફી મતદાન કરતો રહયો છે. જૂનાગઢમાં જયારે નગરપાલિકા હતી ત્યારે વણીક સમાજમાંથી જ ઉમેદવારોને ભાજપ દ્વારા નગરપાલિકાની ચુંટણીમાં ટીકીટ આપવામાં આવતી હતી. પરંતુ હવે મનપામાં વણીક સમાજનીએક જ વ્યકિતને ટીકીટ આપવામાં આવેલ હતી. વોર્ડ નં. ૭, વોર્ડ નં. ૧૦, વોર્ડ નં. ૧૧માં વણીક સમાજનાં મતદાર ભાઈઓ, બહેનો, બાળકો મોટી સંખ્યામાં રહે છે ત્યારે આ ત્રણેય વોર્ડ ૭, ૧૦ અને ૧૧માંથી વણીક સમાજનાં ત્રણ ઉમેદવારોને ટીકીટ આપવામાં આવે તેવી વણીક સમાજ દ્વારા ભાજપનાં અગ્રણીઓને વિનંતી કરાય છે. વણીક સોશ્યલ ગૃપનાં પ્રમુખ કુશલભાઈ પારેખ, સમસ્ત વણીક યુવા સમાજનાં પ્રમુખ ભાવિનભાઈ શેઠ, નવનાત વણીક સમાજનાં પ્રમુખ જીજ્ઞેશભાઈ કડેચા, સ્થાનકવાસી જૈન સંઘનાં પ્રમુખ હિતેષભાઈ સંઘવી, દેશવાસી જૈન સંઘનાં પ્રમુખ દિનેશભાઈ શેઠ, લોકાગચ્છ જૈન સંઘનાં પ્રમુખ મનોજભાઈ દોશી, દશા સોરઠીયા વણીક જ્ઞાતિનાં પ્રમુખ જીતુભાઈ પારેખ, મોઢ વણીક જ્ઞાતિનાં પ્રમુખ હેમેનભાઈ પારેખ, પરદેશી વણીક સોની જ્ઞાતિનાં પ્રમુખ નિકુંજભાઈ ચોકસી, દેશી વણીક સોની જ્ઞાતિનાં પ્રમુખ રાજુભાઈ મદાણી, ખડાયતા વણીક સમાજનાં પ્રમુખ વિનુભાઈ નાંદોલા, દશાશ્રીમાળી વણીક વૈશ્નવ સંપ્રદાયનાં પ્રમુખ દિલીપભાઈશાહ, વિશ્વ વણીક સામાજીક સંગઠનનાં ખજાનચી અશ્વીનભાઈ શાહ, જૈન જાગૃતી સેન્ટરનાં પ્રમુખ જયદીપભાઈ પારેખ, જૈન સોશ્યલ ગૃપનાં પ્રમુખ દિલીપભાઈ શાહ, વણીક મેરેજ બ્યુરોનાં પ્રમુખ દમયંતીબેન રાજપરા વગેરે વણીક અગ્રણીઓની લાગણી, માંગણી અને વિનંતી છે કે આ વખતે મહાનગરપાલિકા જૂનાગઢની ચુંટણીમાં વોર્ડ નં. ૭, વોર્ડ નં. ૧૦ અને વોર્ડ નં. ૧૧માં ભાજપમાંથી વણીક સમાજને ૩ ટીકીટ આપવામાં આવે. જો ભાજપમાંથી વણીક સમાજને ૩ ટીકીટ આપવામાં આવશે તો વણીક સમાજમાંથી ભાજપ તરફે ભારે મતદાન કરવામાં આવશે તેવી ખાત્રી આપી હતી.

જૂનાગઢમાં જનસંઘની સ્થાપના સુખનાથ ચોકમાં થયેલી હતી અને તેનાં પ્રથમ પ્રમુખ વણીક સમાજનાં ઝવેરચંદ ત્રિભોવનભાઈ સંઘવી હતાં. મહેશભાઈ અખમેરા જયારે શહેર ભાજપ પ્રમુખ બન્યા ત્યારબાદની ચુંટણીમાં ભાજપની બોડી ચુંટાયેલી હતી.

## રાજકોટ જિલ્લામાં સુશાસન દિવસે શ્રેષ્ઠ ઈમર્જીંગ-એસ્પાયરીંગ શ્રેણીમાં પસંદ પામેલી ત્રણ કચેરીનું કલેકટર પ્રભવ જોશીના હસ્તે સન્માન કરાયું



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૬

ભારતરત્ન, ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીના જન્મદિવસ નિમિત્તે રાજયમાં સુશાસન દિવસની ઉજવણી થઈ રહી છે, ત્યારે રાજકોટ જિલ્લામાં આજે શ્રેષ્ઠ ઈમર્જીંગ-એસ્પાયરીંગ કચેરી તરીકે પસંદ પામેલી ત્રણ સરકારી કચેરીનું જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે, સ્વર્ણિમ સંકુલ-૧ના નર્મદા હોલ ખાતે સુશાસન દિવસની રાજ્યકક્ષાની ઉજવણી સવારે ૧૧:૦૦ કલાકથી શરૂ થઈ હતી. આ કાર્યક્રમમાં રાજકોટથી જિલ્લા કલેકટર શ્રી પ્રભવ જોશી સહિતના અધિકારીઓ વર્ચ્યુઅલી જોડાયા હતા. આ તકે જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ રાજકોટ જિલ્લામાં વહીવટી કામગીરી તેમજ યોજનાઓના અમલમાં સર્જનાત્મક અભિગમ સાથે કામ કરવા જિલ્લાના અધિકારીઓને જણાવ્યું હતું. રાજકોટ જિલ્લામાં સ્વચ્છતા અભિયાન - ૨૦૨૪ અંતર્ગત કચેરીમાં પડતર તુમાર નિકાલની ઝુંબેશ, રેકર્ડ વર્ગીકરણની કાર્યવાહી તેમજ કચેરીઓમાં રેકર્ડ સાફ-સફાઈ, જાળવણી અને યોગ્ય રીતે રેકર્ડ નિભાવ, ડેડ સ્ટોકનો નિકાલ વગેરે બાબતો અંગે શ્રેષ્ઠ ઈમર્જિંગ - એસ્પાયરિંગ કચેરી તરીકે ત્રણ કચેરી પસંદ કરવામાં આવી છે. જેમાં પ્રથમ ક્રમે નાયબ પશુપાલન નિયામક - ઘનિષ્ઠ સુધારણાની કચેરી, બીજા ક્રમે જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીની કચેરી તથા ત્રીજા ક્રમે અધિક્ષક ઈજનેર- પી.જી.વી.સી.એલ.ની કચેરી પસંદગી પામી છે. સુશાસન દિવસે જિલ્લા કલેકટર પ્રભવ જોશીના હસ્તે અનુક્રમે નાયબ નિયામક- પશુપાલન ડો. એ.એમ. ડઢાણિયા, જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેશ દિહોરા, તથા પી.જી.વી.સી.એલ.ના સુપ્રિન્ટેન્ડિંગ એન્જિનિયર જે.બી ઉપાધ્યાયને સન્માન પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. ગાંધીનગર ખાતે યોજાયેલા રાજ્યકક્ષાની ઉજવણીના કાર્યક્રમમાં રાજકોટ જિલ્લા કલેક્ટર સાથે જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવ્હાણે, ડી.સી.પી. ઝોન -૨ જગદીશ બાંગરવા, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના નાયબ કમિશનર હર્ષદ પટેલ, નિવાસી અધિક કલેકટર આલોક ગૌતમ તેમજ અન્ય અધિકારીઓ વર્ચ્યુઅલી સહભાગી થયા હતા.

## અટલ બિહારી વાજપેયીની જન્મજયંતી નિમિતે કેબીનેટ મંત્રી બલવંતસિંહ રાજપુતે પુષ્પાંજલી અર્પણ કરી




જૂનાગઢ, તા.૨૬

ભારતીય જનતા પાર્ટીના પ્રેરણાસ્ત્રોત, દેશના પૂર્વ પ્રધાનમંત્રી 'ભારત રત્ન શ્રદ્ધેય અટલ બિહારી વાજપેયીજીની જન્મજયંતી ઉપર 'સુશાસન દિવસ' નિમિત્તે જન સંપર્ક કાર્યાલય ખાતે કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂત પુષ્પાંજલિ અર્પણ કરી. આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ, શહેર ભાજપ પ્રમુખ, નગરપાલિકા પ્રમુખ, સંગઠનના સિનિયર આગેવાનો, પદાધિકારી તેમજ મહિલા કાર્યકર્તા અને મંડળના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અન્ન નાગરિક પુરવઠા, ભારત સરકારના સચિવ સંજીવ ચોપરા દ્વારકા તાલુકાની વાજબી ભાવની દુકાનની મુલાકાતે



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૨૬

અનાજ વિતરણની વ્યવસ્થા સહિતની કામગીરી અંગેની જાણકારી મેળવી અન્ન નાગરિક પુરવઠા, ભારત સરકારના સચિવ સંજીવ ચોપરા દ્વારા દ્વારકા તાલુકાની વાજબી ભાવની દુકાન (FPS)ની મુલાકાત લેવામાં આવી હતી. દેવભૂમિ દ્વારકા જિલ્લાની મુલાકાતે આવેલા સચિવે દ્વારકા તાલુકાની વાજબી ભાવની દુકાન (FPS) મુલાકાત કરી હતી અને અનાજ વિતરણની વ્યવસ્થા સહિતની કામગીરી અંગેની જાણકારી મેળવી હતી. સચિવે સ્થાનિક લાભાર્થીઓના પ્રશ્નોની જાણકારી મેળવી જરૂરી સૂચનો કર્યા હતા. સચિવે ફોર્ટિફાઇડ ચોખાનો મહત્તમ ઉપયોગ થાય એ માટે લોકોને માહિતગાર કરવા અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ તકે અન્ન અને નાગરિક પુરવઠા નિગમની કચેરીના જોઈન્ટ ડાયરેક્ટર ચેતન ગાંધી, FCI જનરલ મેનેજર આર.એલ. મીણા તથા તેમની ટીમ, જિલ્લા પુરવઠા અધિકારી કૃષ્ણા સોલંકી સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

## નેશનલ પ્રીપેટરી કમિટી ગુજરાતના યુવા સભ્યોએ વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ, શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયાની મુલાકાત કરી





(પંકજ ઝીબા દ્વારા)

ગાંધીનગર તા.૨૬

નેશનલ પ્રિપેટરી કમિટી ગુજરાતના યુવા સભ્યો તારીખ ૧૧ ડિસેમ્બરના રોજ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તેમજ બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી અને રાજયકક્ષાના શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનશેરિયા સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમ્યાન આવનાર સમયમાં નેશનલ પ્રિપેટરી કમિટી દ્વારા શિક્ષણ વિભાગ, યુનિવર્સિટીઓ, એન. એસ. એસ. અને એન. સી. સી. સાથે સંકળાઈને કાર્ય કરવાની ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત યુવા નીતિઓ અંગે જાગૃતિ, ગુજરાતના યુવાનો ભારતનું પ્રતિનિધિત્વ કરે તેના માટેના પ્રયાસો, ભારત અને રશિયા દ્વારા થતા યુવા કાર્યક્રમો, યુવા સશક્તિકરણ, સ્કિલ ડેવલપમેન્ટ અને ગુજરાતના યુવાનોને કેવી રીતે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મોખરે લાવી શકાય એ મુદ્દાઓ વિશે વાત કરાઈ હતી. મુલાકાત દરમ્યાન શંકરભાઈ ચૌધરીએ નેશનલ પ્રિપેટરી કમિટીના મુદ્દાઓને આવકાર્યા હતા તેમજ તમામ સદસ્યોંને બનાસ ડેરીની મુલાકાત અને તેના વિશે જાણકારી મળે એ માટે આમંત્રણ આપ્યું હતું. આ ઉપક્રમે પ્રફુલભાઈ પાનશેરિયા દ્વારા આ મુદ્દા અને પ્રયાસોને આવકારમાં આવ્યા હતા તેમજ ભવિષ્યમાં આ વિશે સકારાત્મક પગલાંઓ લેવામાં આવશે તેવું જણાવ્યું હતું. નેશનલ પ્રિપેટરી કમિટીના રાષ્ટ્રીય સદસ્ય કેવલ પાવરા, જયદીપ સખીયા તેમજ રાજ્ય કમિટીના વડા કૌશલ ગોહિલ અને તમામ સદસ્યો હાજર રહ્યાં હતા.

## ખંભાળિયામાં હવે અરજી અને ફરિયાદોની એક જ સ્થળે રજૂઆત : સિવિક સેન્ટરનું લોકાર્પણ કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૨૬

સુશાસન દિવસ નિમિતે બુધવારે રાજયની જુદી જુદી ૩૪ નગરપાલિકાઓમાં તૈયાર થયેલા સીટી સિવિક સેન્ટરના ઈ-લોકાર્પણ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. જેમાં અન્વયે ખંભાળિયા નગરપાલિકા ગાર્ડન ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા નવનિર્મિત સીટી સિવિક સેન્ટરનું ઓનલાઈન માધ્યમથી ઈ-લોકાર્પણ અંગેનો એક કાર્યક્રમ યોજાયો હતો.

આ અંતર્ગત અહીંના મ્યુનિસિપલ ગાર્ડન ખાતે આવેલા યોગ કેન્દ્રમાં નગરપાલિકાના પ્રમુખ રચનાબેન મોટાણીના અધ્યક્ષસ્થાને સીટી સિવિક સેન્ટરનો ઈ-લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રમુખ સાથે સભ્યો અને ભાજપના હોદ્દેદારો, કાર્યકરો તેમજ નગરપાલિકાના ઈ.ચા. ચીફ ઓફિસર રાહુલ કરમુર અને પાલિકાના કર્મચારીઓ જોડાયા હતા.

આ કાર્યક્રમ અન્વયે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટય કરી, કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત સર્વે મહાનુભાવોનું સ્વાગત કરાયા બાદ પાલિકા પ્રમુખ રચનાબેન મોટાણી દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. આ પછી ગાંધીનગર ખાતેથી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલા ઈ-લોકાર્પણ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ ઉપસ્થિતોએ નિહાળ્યું હતું. પાલિકા પ્રમુખ રચનાબેન તેમજ અન્ય મહાનુભાવો દ્વારા નગરપાલિકાના ગાર્ડનમાં નવનિર્મિત સીટી સિવિક સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આજથી શરૂ થયેલા નગરપાલિકાના આ સિવિક સેન્ટર મારફતે શહેરીજનો તેઓની તમામ અરજી કે ફરીયાદો એક જ સ્થળેથી કરી શકશે. જેથી ખંભાળિયાના શહેરીજનોની સુવિધામાં વધારો થશે. જેનો લાભ લેવા નગરજનોને અનુરોધ કરાયો છે.

## 'સહકારથી સમૃદ્ધિ' : રાજકોટ જિલ્લામાં વિવિધ સહકારી મંડળીઓને મહાનુભાવોના હસ્તે નોંધણી પ્રમાણપત્ર વિતરણ કરાયું



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૬

કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે 'સહકારથી સમૃદ્ધિ'ની પહેલને સાકાર કરવા આજે દેશભરમાં ૧૦ હજાર જેટલી કાર્યકારી પ્રાથમિક કૃષિ ધિરાણ સહકારી મંડળી, દૂધ તેમજ મત્સ્ય સહકારી મંડળીઓનો દિલ્હીથી પ્રારંભ કરાવ્યો હતો. ગાંધીનગરથી આ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા સહિતના મહાનુભાવો જોડાયા હતા. રાજકોટ જિલ્લાના જનપ્રતિનિધિઓ, સહકારી અગ્રણીઓ આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલી જોડાયા હતા. 'સહકારથી સમૃદ્ધિ' ઝુંબેશ અંતર્ગત આજે રાજકોટ જિલ્લાનો કાર્યક્રમ રાજકોટ જિલ્લા સહકારી બેંક ખાતે યોજાયો હતો. આ તકે સાંસદ શ્રી રામભાઈ મોકરિયા, ધારાસભ્ય તથા રાજકોટ જિલ્લા સહકારી બેંકના ચેરમેન શ્રી જયેશભાઈ રાદડિયા સહિતના મહાનુભાવોના હસ્તે રાજકોટ જિલ્લાની વિવિધ સહકારી મંડળીઓને નોંધણી પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સહકારી મંડળીઓને આર્થિક રીતે સદ્ધર બનાવવા સી.ઓ.પી. સહાય તેમજ અન્ય લાભાર્થીઓને ૨૫ ટકા ગોડાઉન સહાયના હુકમોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંયુક્ત રજિસ્ટ્રાર ટી.સી. તિર્થાણીએ આભાર વિધિ કરી હતી. જ્યારે જિલ્લા રજિસ્ટ્રાર બિમલ પટેલે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ કાર્યક્રમમાં રાજકોટ ડિસ્ટ્રી. કો.-ઓપ. બેંકના વાઈસ ચેરમેન મગનભાઈ વડાવીયા, જનરલ મેનેજર વી.એમ. સખીયા, અન્ય સહકારી આગેવાનો, ખેડૂતો વગેરે મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

### ‘મે આ રહા હું... મહેશગીરીજી’ જાદીશ મહેતાએ કરેલા પડકાર સામે

# ભુતનાથ ખાતે મહેશગીરીનો ‘સત્યનો રણટંકાર’ ગુંજી ઉઠયો

## મહેશગીરી સામેનાં આક્ષેપો અંગે કોઈ આધાર પુરાવા રજુ ન થતાં આખરે કોઈપણ પરીણામ વિના ડીબેટ પૂર્ણ થઈ : હવે શું ?










જૂનાગઢ તા. ૨૬

જૂનાગઢ સહીત સમગ્ર ગુજરાત અને દેશભરમાં આજે ગિરનાર ખાતે આવેલા અંબાજી મંદિરની ગાદી તેમજ ભવનાથ મંદિરની ગાદી પચાવવાનાં કારસા અંગેનાં ખેલની સનસનીખેજ વિગતોને પગલે ભારે વિવાદ ચાલી રહયો છે અને એક પછી એક ‘તોપો’ ફુટી રહી છે. આ ઘટનાક્રમમાં કેટલીક ચેનલ દ્વારા ભુતનાથ મહાદેવ મંદિરનાં મહંત મહેશગીરી વિરૂધ્ધ ગંભીર પ્રકારનાં આક્ષેપો સાથે તેમનાં વિષેની વાતો સતત થઈ રહી હતી. આ દરમ્યાન મહેશગીરી બાપુએ ગઈકાલે તા. ૨૫ ડીસેમ્બરનાં રોજ ભુતનાથ મહાદેવ મંદિરનાં પટાંગણમાં જ સત્યનાં રણટંકાર માટે સ્વસ્થ અને મુકત સંવાદ કરવા માટે પત્રકારો તેમાંય ખાસ કરીને પત્રકાર જગદીશ મહેતાને આ ડીબેટમાં ખાસ ઉપસ્થિત રહેવા અને તેમનાં નામજોગ હોર્ડીંગો શહેરમાં મુકાવી અને ખુલ્લો પડકાર ફેંકયો હતો. તો બીજી તરફ જગદીશ મહેતાએ પણ મહેશગીરી બાપુનાં આ ખુલ્લા પડકારને સહર્ષ વધાવી લીધો હતો. એટલું જ નહીં તેઓએ પોતાની લાક્ષણીક શૈલીમાં એવું પણ જણાવ્યું હતું કે મહેશગીરીજી મે આ રહા હું... જગદીશ મહેતા. આ ન્યુઝ આઈટમ મુકાઈ હતી. અને તેઓનાં જ મુખપત્રમાં તેઓ જૂનાગઢ મહેશગીરીનાં પડકાર ઝીલવા આવી રહયા હોવાનાં વટભેર સમાચાર પણ મુકયા હતાં. ગઈકાલે જૂનાગઢ ખાતેનાં એક કાર્યક્રમમાં હાજરી આપી અને ત્યારબાદ બરોબર ૪ના ટકોરે ભુતનાથ મહાદેવ મંદિરનાં પટાંગણમાં મહંત મહેશગીરી બાપુ દ્વારા સ્વચ્છ મુકત સંવાદ કરવા માટે સત્યનો રણટંકાર માટેની ડીબેટ શરૂ થઈ હતી. રાજકોટનાં પત્રકાર જગદીશભાઈ મહેતા, અમદાવાદનાં પત્રકાર દિક્ષીતભાઈ, કિશનભાઈ અને પાઠકભાઈની ઉપસ્થિતિ રહી હતી. આ સાથે જ જૂનાગઢનું મિડીયા જગત, જીજ્ઞાશુ ભાવિકો તેમજ સંતો પણ ખાસ ઉપસ્થિત રહયા હતાં. મહેશગીરી બાપુનાં પડકારને ઝીલી લઈ અને જગદીશ મહેતા આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહેનાર હોય તેને લઈને એક આખો માહોલ ઉભો થયો હતો. અને કંઈક નવી ઘટના આકાર પામશે તેવું લાગી રહયું હતું. બરાબર સમય થતાં આ ડીબેટ શરૂ થઈ હતી. અને એક પછી એક બાબતો સામે આવી રહી હતી. ભુતનાથ મહાદેવ મંદિર ખાતે જે તે સમયે યોજાયેલી શ્રીમદ ભાગવત સપ્તાહનાં જ્ઞાનયજ્ઞ મંચ પરથી મહેશગીરી બાપુએ ધગધગતું નિવેદન આપ્યું હતું. અને ખાસ કરીને મિડીયાને બે વિભાગમાં વહેંચ્યા હતાં જેમાં એક ખાનદાની મિડીયા કે જેઓ કોઈપણ બાબતને સત્ય જાણી, તપાસી અને ત્યાર પછી પોતાનાં અખબારમાં પ્રસિધ્ધ કરતું હોય છે. જયારે બીજુ લાવારીસ મિડીયા કે જેને ગમે તેવા સમાચાર કે ગમે તેવી બાબતને મારી મચડીને મુકી દેવી, પૈસા પડાવવા કે સત્ય નહીં પરંતુ અર્ધસત્ય રજુ કરી અને ખોટા મેસેજ કરવા તેઓને આડે હાથ લીધા હતાં. અને ત્યારબાદ મહેશગીરી બાપુ સામે પણ કેટલીક ચેનલોમાં પણ અહેવાલો રજુ થયા હોવાનાં મહેશગીરી બાપુએ ગંભીર આક્ષેપો કર્યા છે. અને આ બધી જ બાબતોનાં જવાબ આપવા માટે જ ગઈકાલે સત્યનો રણકાર માટે એક ડીબેટ યોજાઈ હતી. સ્વચ્છ અને તંદુરસ્ત વાર્તાલાપ શરૂ થયો હતો. ફરી એકવાર મહેશગીરી બાપુએ પોતાની વાત જણાવી હતી કે છીછરા આક્ષેપો કરી દેવાથી ટીઆરપી વધતી નથી. પણ કોઈપણ અખબાર હોય કે ન્યુઝ ચેનલ હોય વિવાદનાં મુડમાં તથ્ય શું છે ? પુરાવા છે કે માત્ર મોઢે કહેવાતી વાતો છે તેવું અવશ્ય નિરૂપણ કરી જો સત્ય હોય તો કોઈપણ હોય તેની સામે પત્રકારત્વએ કાન આમળવો જોઈએ તેમ જણાવ્યું હતું. આ તકે બ્રહ્મલીન મહંત તનસુખગીરી બાપુનાં પ્રશ્ને, ભવનાથ મંદિરનાં મહંતપદનાં પ્રશ્ને તેમજ દ્રોણેશ્વરમાં તથા કથિત વ્યભીચારનાં પુછાયેલા પ્રશ્નોનાં મહેશગીરી બાપુએ વિસ્તૃત જવાબો આપ્યા હતાં. અને એક એક પ્રશ્નનો તેમજ તેમની સામે જે કઈપણ આક્ષેપો થયા તેના ખુલ્લા મનથી તેઓએ જવાબો રજુ કર્યા હતાં.

બીજી તરફ તેમની પર થયેલા આક્ષેપોનાં કોઈ આધાર પુરાવા ન હોય જેને કારણે ગઈકાલે યોજાયેલ આ ડીબેટનો કાર્યક્રમ વાસ્તવમાં અર્થવિહિન બની ગયો હતો. સતત ૩ કલાક કરતા પણ વધારે સમયથી આ કાર્યક્રમમાં જોડાયેલા તમામ લોકોને આ કાર્યક્રમમાં આખરે નિરાશા જ સાંપડી હતી. અને એક તકે એવું ચિત્ર ઉપસ્યું કે મહેશગીરી બાપુએ તેમની સામેનાં આક્ષેપોનાં જવાબો આપી દીધા હોય અને કલીનચીટ મળ્યું હોય તેવો માહોલ સર્જાયો હતો. આખરે સૌ રાજીખુશીથી છુટા પડયા હતાં. આ તકે મહેશગીરી બાપુએ વિશેષમાં જણાવ્યું હતુ કે તમે કહો ત્યાં હું ચર્ચા કરવા તૈયાર છું. અમદાવાદ કહેશો તો અમદાવાદ આવવા તૈયાર છું. અને મારી પાસેનાં પુરાવા પણ રજુ કરવા તૈયાર છું. આ બેઠકમાં જગદીશ મહેતાએ આ હજુ શરૂઆત છે તેમ જણાવ્યું હતું. વિશેષમાં મહેશગીરી બાપુએ જણાવ્યું હતુ કે મારે ગિરનારમાં સ્વસ્થ અભિયાન ચલાવી રહયો છું અને પહેલા જેવો ગિરનાર હતો તેવો મારે જોઈએ છે. મારે અંબાજી મંદિરની કે ભવનાથ મંદિરની કોઈ ગાદી જોતી નથી. શિવરાત્રી મેળામાં મુજરા થાય તે બાબત ચલાવી ન લેવાય. કોઈ બહેન દિકરીયું સાધુને પગે લાગે ત્યારે તે સાધુ પીધેલો ન હોવો જોઈએ. અને સાત્વીકવય તે જ મારે જોઈએ છે.

ભ્રષ્ટાચારનાં એક પછી એક પોટલા ખુલી રહયા છે. અને જો આપણે સૌ જાગૃત નહીં થઈએ તો જૂનાગઢ, ભવનાથ અને ગિરનાર પણ એક દિવસ વહેંચાય જશે. જો આપણે સૌ જાગૃત ન થઈએ તો. હું તો ગિરનાર પર સારૂ કરવા માંગુ છું. પછી રહી મારા પોષાકની બાબત. મારા સમાજે મને તેડાવ્યો હતો એટલે દિલ્હી ખાતે બધુ મુકી અહીં આવી અને આ ધર્મક્ષેત્ર સંભાળી રહયો છું. હું ભગવા પહેરૂં કે બીજા કોઈ પોષાક પહેરૂં એનો કોઈ મતલબ નહી. હું શું કાર્ય કરૂં છું તેની પર ધ્યાન કેન્દ્રીત કરી અને સૌને સહકાર આપવા પણ અપીલ કરી હતી.

# ગિરીશ કોટેચાએ ‘વ્યાસ નિવાસ’ પચાવી પાડયું હોવાનો મહેશગીરીનો વધુ એક આક્ષેપ




જૂનાગઢ તા.૨૬

ગઈકાલે જૂનાગઢનાં ભુતનાથ મહાદેવ મંદિરનાં પટાંગણમાં સત્યનાં રણટંકાર માટેની એક ડીબેટ યોજાઈ હતી. જેમાં પત્રકારોની ઉપસ્થિતી હતી. તેમજ સંતો તેમજ જીજ્ઞાશુ ભાવિકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતાં તેમજ જૂનાગઢ મિડીયાનાં મિત્રો પણ ખાસ ઉપસ્થિત રહયા હતાં. ગઈકાલે યોજાયેલા આ ડીબેટનાં કાર્યક્રમ અંગે ખુબ જ ઉત્સુકતા, અપેક્ષા અને થ્રિલર જેવી લાગણી લોકોને થતી હતી. અને બીજી તરફ ગઈકાલનાં આ કાર્યક્રમને ધ્યાને લઈ પોલીસનો પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. સમયસર આ ડીબેટ શરૂ થઈ હતી. અને મહેશગીરી બાપુ સામે કરવામાં આવેલા આક્ષેપો અંગે મહેશગીરી બાપુએ એક પછી એક બાબતો રજુ કરી હતી. તો બીજી તરફ તેમની સામે જે આક્ષેપો થયા છે તે અંગે કોઈ આધાર પુરાવા રજુ ન થતાં આ ડીબેટ આમ જોઈએ તો સાવ નિષ્ફળ રહી હોય તેમ કહી શકાય. તો બીજી તરફ એક નવા વિવાદ અંગેની વાતો આ ડીબેટમાં જ બહાર આવી હતી. જેને લઈને ભારે ખળભળાટ મચી જવા પામેલ છે. ભુતનાથ મહાદેવ મંદિરનાં મહંત મહેશગીરી બાપુએ ગિરીશ કોટેચા સામે વધુ એક ગંભીર આક્ષેપ કર્યો છે અને ‘વ્યાસ નિવાસ’ તેઓએ પચાવી પાડયાનો ખુલ્લો આક્ષેપ કરતા સનસની મચી જવા પામી છે. જૂનાગઢમાં ગિરનાર પર્વત પર અંબાજી મંદિરનાં મહંત તનસુખગીરી બાપુનાં દેહવિલય બાદ મહેશગીરી બાપુ અને હરીગીરી બાપુ સામે આક્ષેપબાજી શરૂ થઈ હતી. અને એક તકે તો હરીગીરીને ગિરનાર છોડી દેવા મહેશગીરીએ પડકાર ફેંકયો હતો. આ દરમ્યાન પૂર્વ ડે. મેયર ગિરીશ કોટેચાએ તેમાં દરમ્યાનગીરી કરી અને વિડીયો વાઈરલ કર્યો હતો. જેનાં જવાબમાં મહેશગીરી બાપુએ ગિરીશ કોટેચા ધાર્મિક ટ્રસ્ટોમાં યેનકેન પ્રકારે સ્થાન મેળવીને ટ્રસ્ટની જગ્યાઓ હડપ કરી હોવાનો આક્ષેપ કર્યો છે. દરમ્યાન ગઈકાલે મહેશગીરી બાપુએ જણાવ્યું હતુ કે પૂર્વ ડે. મેયર ગિરીશ કોટેચાએ ગોધાવાવની પાટીથી ગિરનાર દરવાજે જતાં રોડ પર ‘વ્યાસ નિવાસ’ની જમીન પચાવી પાડી છે એમ જણાવી બ્રાહ્મણ આગેવાનોને આ મામલે કાનુની લડાઈ લડીને એ જગ્યા પાછી મેળવી ત્યાં બ્રહ્મસમાજની વાડી બનાવવી જોઈએ તેમ જણાવ્યું હતું. આ ઉપરાંત મયારામ આશ્રમનાં ટ્રસ્ટોમાં ગિરીશ કોટેચાએ પોતે અને પોતાનાં પરીવારજનોનાં નામો ટ્રસ્ટી તરીકે યેનકેન પ્રકારે ઘુસાડીને પોતાની તરફેણમાં ઠરાવો કરીને જમીન પચાવી પાડી છે તેવો આક્ષેપ કર્યો હતો. મયારામ આશ્રમનાં ટ્રસ્ટમાં ફેરફાર કરવા સામે વાંધો દર્શાવવાથી જીજ્ઞેશ પંડયાની અરજીને જે તે વખતે અવગણીને ફેરફાર રીપોર્ટ મંજુર કરી દીધો હોય એ મામલે સંબંધીત અધિકારીઓની કામગીરીને પણ શંકાસ્પદ ગણાવી હતી. મયારામ આશ્રમમાં વાંધા અરજી હોવા છતાંય નાયર કરીને જે ચેરીટી કમિશ્નર હતાં તેમણે વાંધા અરજી હોવા છતાં એમનો ઓર્ડર કરીને ગયા હોવાનો પણ આક્ષેપ કર્યો છે. ભુતનાથનાં મહંત મહેશગીરીએ ગિરીશ કોટેચા સામે ‘વ્યાસ નિવાસ’ પચાવી પાડયાનાં કરેલા આક્ષેપનાં પગલે ભારે ખળભળાટ મચી જવા પામેલ છે.

## કેશોદ-અજાબ રોડ પરથી દારૂની હેરાફેરી કરતો શખ્સ ૧૪ બોટલ સાથે ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૬

કેશોદ અજાબ રોડ પર મોટર સાયકલ પર દારૂની હેરાફેરી કરતા શખ્સને કેશોદ પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસે કેશોદ-અજાબ રોડ પર અજાબ ગામની સીમમાંથી રોહીત જેસીંગભાઈ બાબરીયાને બજાજ ડીસ્કવર મોટર સાયકલ નં.જીજે-૧૧-આરઆર-૮૪૧૧ કિ.રૂા. ૩૦૦૦૦ પર દારૂની ૧૪ બોટલ કિ.રૂા.૨૩૯૨૨ સહિત મોબાઈલ મળી કુલ ૧,૨૩,૯૨૨ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

## જૂનાગઢમાં યુવતીએ લગ્નની ના પાડતાં હોટલમાં કોયલીનાં યુવકનું ઝેરી દવા પી લેતા મોત

(ક્રાઈમ રીપર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૬

જૂનાગઢમાં ગાંધી ચોક પાસેની હોટલમાં કોયલીનાં યુવકનું ઝેરી દવા પી લેતા મોત થતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. શહેરમાં ગાંધી ચોક પાસે રેલવે ફાટક નજીક આવેલ વૈભવ હોટલનાં રૂમ નંબર ૩૦૧માં મંગળવારની સાંજે ૭:૩૦ વાગ્યાની આસપાસ વંથલી તાલુકાના કોયલી ગામના ૨૪ વર્ષીય વિરેન ધનજીભાઈ પરમાર નામના યુવકે ઝેરી દવા પીધી હોવાની જાણ થતા હોટલનો સ્ટાફ દરવાજો તોડીને રૂમમાં પ્રવેશતા યુવાન ઝેરી દવા પીધેલી હાલતમાં મળી આવતા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યો હતો. જોકે સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. આ ઘટના અંગે બી ડિવિઝનનાં પીએસઆઇ એસ. કે. મહેતાએ જણાવ્યું હતું કે, મૃતક યુવકને મેંદરડાની યુવતી સાથે મિત્રાતા હતી. બંને મંગળવારની બપોરે વૈભવ હોટલમાં સાથે આવ્યા હતા અને બાદમાં યુવતી નીકળી ગઈ હતી. બાદમાં યુવતીએ યુવાનને ફોન કર્યો હતો પરંતુ યુવકે ફોન રીસીવ નહીં કરતા હોટલના રિસેપ્શન ઉપર ફોન કરીને વીરેન ફોન ઉપાડતો ન હોવાનું જણાવ્યું હતું. આથી હોટલના સ્ટાફે રૂમનો દરવાજો તોડીને જોતા યુવક દવા પીધેલી હાલતમાં મળી આવતા સારવાર માટે ખસડ્યો હતો પરંતુ તેનું મૃત્યું થયું હતું. આ ઘટના અંગે મૃતકના પિતા ધનજીભાઈ હાજાભાઈ તથા યુવતીનું નિવેદન લઈ આગળની કાર્યવાહી કરી હતી. યુવતીના નિવેદન અનુસાર બંને વચ્ચે મિત્રતા હતી. પરંતુ લગ્ન થઈ શકે તેમ ન હોવાથી લગ્નની ના પાડી હતી આથી યુવાને ઝેરી દવા પી જિંદગીનો અંત આણ્યો હતો. પોલીસે હોટલના સીસીટીવી, મૃતકનો મોબાઈલ કબજે લઈ વધુ તપાસ હાથ ધરી હતી.

## જૂનાગઢના જોષીપરા વિસ્તારમાંથી ઘોડીપાસાનો જુગાર રમતા ૫ ઝડપાયા



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૬

જૂનાગઢ શહેરના જોષીપરા વિસ્તારમાં આવેલ પાદર ચોકમાં જાહેરમાં ઘોડીપાસાનો જુગાર રમતા ૫ને બી ડીવીઝન પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસે બે દિવસ અગાઉ બપોરના સમયે જોષીપરાના પાદર ચોક નજીક જાહેરમાં ઘોડીપાસાનો જુગાર રમતા નીતીનભાઈ રમણીકભાઈ જોગીયા, જયેશભાઈ ઉર્ફે ખીચડી જીવાભાઈ મોકરીયા, નીલેશ ગોપાલભાઈ આંત્રોલીયા, શંકરભાઈ બાબુભાઈ સોલંકી, સોનીક ભીમજી પોસીયાને રૂા.૧૫૨૪૫ના મુદામાલ સાથે ઝડપી લઈ બી ડીવીઝન પોલીસ મથકે જુગાર ધારા ૧૨ મુજબ કાર્યવાહી કરી છે.






## મધુરમના શીતલનગરમાં રહેતા પતિ બાદ પત્નીનો પણ ગળેફાંસો ખાઈ આપઘાત : અરેરાટી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૬

જૂનાગઢ શહેરના મધુરમ વિસ્તારમાં આવેલા શીતલનગર ખાતે રહેતા એક દંપતિએ કોઈપણ કારણોસર પ્રથમ પતિ અને ત્યાર બાદ ગણતરીના કલાકોમાં જ પત્નીએ પણ ગળેફાંસો ખાઈ લઈ જીવનનો અંત આણી લેવાના બનાવને પગલે અરેરાટી વ્યાપી ગઈ છે.

આ અંગે પોલીસે આપેલી વિગતોનુસાર મધુરમના શીતલનગર ખાતે સતીષભાઈ લાલજીભાઈ પરમાર (ઉ.વ.૪૨)એ તા.૨૩-૧૨-૨૦૨૪ના કલાક ૬-૧૫ના અરસામાં કોઈપણ કારણોસર પોતે પોતાની મેળે ઘરે ગળાફાંસો ખાઈ લીધો હોય તેઓને સિવિલ હોસ્પિટલે લઈ જતા તપાસનીશ અધિકારીએ તેમને મૃતપાય જાહેર કર્યા હતા. સતીષભાઈ લાલજીભાઈના મૃત્યુના થોડા કલાકો બાદ એટલે કે તા.૨૫-૧૨-૨૦૨૪ના કલાક ૫ ના અરસામાં તેમના પત્ની ગીતાબેન સતીષભાઈ પરમાર (ઉ.વ.૩૯)એ પણ કોઈપણ કારણસર પોતાના મેળે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ જીવનનો અંત આણ્યાનો બનાવ બનતા અરેરાટી વ્યાપી ગઈ છે. થોડા સમયના અંતરે પતિ અને ત્યાર બાદ પત્નીએ આત્મઘાતી પગલુ ભર્યાના બનાવ અંગે સી ડીવીઝન પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે અને વધુ તપાસ પીએસઆઈ એચ.બી.ચૌહાણ ચલાવી રહયા છે.